द्रव्यस्योत्पादविनाशशालिनो धर्माः पर्यायाः। पर्याया हि द्रव्यं गुणं चाश्रित्य वर्त्तन्ते। कालभेदादेकमेव ज्ञानं जीवस्यान्यदन्यद्रूपं दधत् पर्यायशब्द-वाच्यं भवति, यथा कश्चिदष्टवर्षीयो विनयी प्रमादविकथावर्जितो बालमुनि-र्गुरुचरणसरोजं सेवमानः पूर्वमावश्यकमात्रमधीत्य समितिगुप्तिज्ञानं संपादयति,

---

विशेष गुणों का समूह नहीं बन सकता है। ऐसे द्रव्य और पर्याय के विषय में भी समझना चाहिए, वह अभी आगे बतायेंगे।

पर्याय का लक्षण—

जिनके निरन्तर उत्पाद और व्यय होता है, जो सदैव स्थिर नहीं रहते उन्हें पर्याय कहते हैं। अथवा द्रव्य और गुण का आश्रय लेने वाले पर्याय कहलाते हैं।

द्रव्य के उत्पाद और विनाश-शील धर्म पर्याय कहलाते हैं। पर्याय, द्रव्य में भी रहते हैं और गुण में भी रहते हैं। जीवका एक ही ज्ञानगुण काल के भेदसे भिन्न-भिन्न रूप धारण करता हुआ पर्याय कहलाता है। जैसे एक आठ वर्ष का विनयी प्रमाद और विकथा से दूर रहने वाला बाल मुनि अपने गुरु के चरण कमलों की सेवा करता हुआ

રાખવું જોઇએ કે વિભિન્ન દ્રવ્યોના વિશેષ ગુણોનો સમૂહ બની શકતો નથી. એવી રીતે દ્રવ્ય અને પર્યાયના વિષયમાં પણ સમજવું જોઇએ. વિશેષ આગળ બતાવીશું.

પર્યાયનું લક્ષણ—

જેની અંદર હમેશાં ઉત્પાદ અને વ્યય થયા કરે છે. અને જે હમેશાં-સદાકાળ સ્થિર રહેતું નથી તેને પર્યાય કહે છે, અથવા દ્રવ્ય અને ગુણનો આશ્રય લેનાર તેને પર્યાય કહેવામાં આવે છે.

દ્રવ્યનો ઉત્પાદ અને વિનાશ-શીલ ધર્મ તે પર્યાય કહેવાય છે. પર્યાય, દ્રવ્યમાં પણ રહે છે અને ગુણમાં પણ રહે છે. જીવનો એકજ જ્ઞાનગુણ કાલના ભેદથી ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરીને પર્યાય કહેવાય છે. જેવી રીતે કે એક આઠ વર્ષના વિનયવંત, પ્રમાદ અને વિકથાથી દૂર રહેવાવાળા બાલમુનિ પોતાના ગુરૂના ચરણ

क्रमेण द्वादशाङ्गतत्त्वं विज्ञाय ज्ञानधारां प्रवर्द्धयति। तत्र तस्य बालसंयमिनो ज्ञानं प्रतिक्षणं विलक्षणतामापद्यमानमपूर्वमपूर्वं जायमानं ज्ञानं पर्यायशब्दवाच्यतां भजति। एवं दर्शनचारित्रादीनामपि पर्याया ज्ञातव्या। जीवस्य मानुषत्वबाल्यादयोऽपि पर्यायाः। पुद्गलस्य तु एकगुणकालत्वादयो पर्याया ज्ञेयाः। एवं च द्रव्यगुणाश्रितत्वं पर्यायस्य लक्षणमिति निश्चीयते। तथा चोक्तमुत्तराध्ययने–(अ. २८)

पहले–पहल आवश्यक मात्र का अध्ययन करता है, फिर समिति और गुप्ति का ज्ञान सम्पादन करता है। तदनन्तर क्रम से द्वादशाङ्ग का तत्त्व जान कर ज्ञान की धारा में वृद्धि करता है, उस बाल मुनि का ज्ञान क्षण–क्षण में विलक्षण होकर नवीन–नवीन रूपों में उत्पन्न होता हुआ 'पर्याय' शब्द द्वारा कहा जाता है। इसी प्रकार दर्शन और चारित्र आदि गुणों के पर्याय भी समझ लेना चाहिए। मनुष्यता, बालकपन आदि जीव के पर्याय हैं और एक–गुण–कालापन आदि पुद्गल के, वर्ण–गुण के पर्याय हैं। इस प्रकार यह निश्चित होता है कि पर्याय द्रव्य और गुण दोनों में ही रहता है। उत्तराध्ययन सूत्र में कहा है—

"गुणों का जो आश्रय हो उसे द्रव्य कहते हैं, गुण एक मात्र द्रव्य में ही रहते हैं। पर्यायों का लक्षण उभयाश्रित होना है, अर्थात् पर्याय, द्रव्य और गुण दोनों में ही पाये जाने हैं"।

કમળોની સેવા કરતા થકા પ્રથમ આવશ્યક માત્રનું અધ્યયન કરે છે, પછી સમિતિ અને ગુપ્તિનું જ્ઞાન સંપાદન કરે છે; ત્યાર પછી ક્રમથી દ્વાદશાંગનું તત્ત્વ જાણી જ્ઞાનની ધારામાં વૃદ્ધિ કરે છે; તે બાલમુનિનું જ્ઞાન ક્ષણ–ક્ષણમાં વિલક્ષણ–તરેહવાર બની નવીન રૂપોમાં ઉત્પન્ન થાય છે તેને 'પર્યાય' શબ્દથી ઓળખવામાં આવે છે, એ પ્રમાણે દર્શન અને ચારિત્ર આદિ ગુણોના પર્યાય પણ સમજી લેવા જોઇએ. મનુષ્યતા, બાલકપણું આદિ જીવના પર્યાય છે, અને એકગુણકાળાપણું આદિ પુદ્ગલના વર્ણગુણનો પર્યાય છે. આ પ્રમાણે આ નિશ્ચિત થાય છે કે–પર્યાય, દ્રવ્ય અને ગુણ એ બન્નેમાં રહે છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે—

"ગુણોનો જે આશ્રય હોય, તેને દ્રવ્ય કહે છે; ગુણ એક માત્ર દ્રવ્યમાં જ રહે છે, અને પર્યાયોનું લક્ષણ ઉભયાશ્રિત હોય છે, અર્થાત્ પર્યાય, દ્રવ્ય અને ગુણ બન્નેમાં જોવામાં આવે છે".

"गुणाणमासओ दव्वं, एगदव्वस्सिया गुणा ।
लक्खणं पज्जवाणं तु, दुहओ अस्सिया भवे ॥ ६ ॥" इति ।

छाया—

"गुणानामाश्रयो द्रव्यम् , एकद्रव्याश्रिता गुणाः
लक्षणं पर्यवाणां तु, उभयोराश्रिता भवेयुः" ॥ ६ ॥ इति ।

द्रव्यलक्षणे पर्यायानुक्त्या कार्यकारणयोरभेदविवक्षया पर्यायाणां गुणेषु समावेश इति भगवदभिप्रायो गम्यते । "एकद्रव्याश्रिता गुणाः" इति, एकं=केवलं द्रव्यमाश्रित्य गुणा वर्त्तन्त इत्यर्थः । अनेन गुणलक्षणमुक्तम् । 'पर्यवाणां लक्षणं तु उभयोराश्रिता भवेयुः' इत्यन्वयः । पर्यवः, पर्ययः, पर्यायः, इति समानार्थकाः । उभयोः=द्रव्यगुणयोराश्रिताः पर्यायाः, इति पर्यायलक्षणं बोध्यमित्यर्थः । पर्यायास्तु द्रव्यं गुणं चोभयमाश्रित्य वर्त्तन्त इति भावः ।

द्रव्य के लक्षण में 'पर्याय' पद का समावेश न करने के कारण भगवान् का अभिप्राय यह है कि—कार्य कारण के अभेदसे गुण में ही पर्याय का समावेश हो जाता है। **'एगदव्वस्सिया गुणा'** इस वाक्य का अर्थ यह है कि—गुण केवल द्रव्य में ही होते हैं। इस कथनद्वारा गुण का लक्षण भी कह दिया गया है।

पर्याय का लक्षण उभयाश्रित होना है, दोनो में अर्थात् द्रव्य में भी और गुण में भी पर्याय रहते हैं। पर्यव, पर्यय और पर्याय ये सभी समानार्थक हैं।

દ્રવ્યના લક્ષણમાં 'પર્યાય' પદનો સમાવેશ નહિ કરવાથી ભગવાનનો અભિપ્રાય એ છે કે-કાર્ય કારણના અભેદથી ગુણમાં જ પર્યાયનો સમાવેશ થઈ જાય છે. 'एगदव्वस्सिया गुणा' આ વાકયનો અર્થ એ છે કેઃ—ગુણ કેવલ દ્રવ્યમાં જ હોય છે. આ કથનદ્વારા ગુણનું લક્ષણ પણ કહી આપ્યું છે.

પર્યાયનું લક્ષણ ઉભયાશ્રિત હોય છે, બન્નેમાં અર્થાત્ દ્રવ્યમાં અને ગુણમાં પણ પર્યાય રહે છે. પર્યવ, પર્યય અને પર્યાય શબ્દ સમાન અર્થવાળા છે.

द्रव्यविभागः—

द्रव्यं षड्विधम्–धर्माधर्माकाशकालपुद्गलजीवभेदात् । उक्तञ्च श्रीभगवतीसूत्रे—

"कइ णं भंते ! दव्वा पण्णत्ता ?, गोयमा ! छ दव्वा पण्णत्ता, तं जहा–धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, पुग्गलत्थिकाए, जीवत्थिकाए, अद्धासमये" ॥

उत्तराध्ययनसूत्रेऽपि–(अ. २८)

"धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जंतवो ।
एस लोगोत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥ ७ ॥

द्रव्य के भेद—

द्रव्य छह प्रकार का है—(१) धर्म (२) अधर्म (३) आकाश (४) काल (५) पुद्गल और (६) जीव । श्री भगवतीसूत्र में कहा है –

"भगवान् ! द्रव्य कितने कहे गये हैं ?, गौतम ! छह द्रव्य कहे गये हैं, वे इस प्रकार–धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, पुद्गलास्तिकाय, जीवास्तिकाय और अद्धा–समय" ।

उत्तराध्ययनसूत्र में भी कहा है—

"धर्म, अधर्म, आकाश, काल, पुद्गल, और जीव को सर्वज्ञ, सर्वदर्शी जिन भगवान् ने लोकसंज्ञा दी है ॥ ७ ॥

દ્રવ્યના ભેદ—

દ્રવ્યના છ પ્રકાર છે–(૧) ધર્મ (૨) અધર્મ (૩) આકાશ (૪) કાલ (૫) પુદ્ગલ અને (૬) જીવ. શ્રી ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે–

" ભગવાન ! દ્રવ્ય કેટલાં કહ્યાં છે ? ગૌતમ ! છ દ્રવ્ય કહેલા છે. તે આ પ્રમાણે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને અદ્ધા–સમય,"

ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે–

"ધર્મ અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવને સર્વજ્ઞ સર્વદર્શી જિન ભગવાને લોકસંજ્ઞા આપી છે" ॥ ૭ ॥

धम्मो अहम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं ।
अणंताणि य दव्वाणि, कालो पुग्गल जंतवो ॥ ८ ॥"

अत्र कालमात्रं विहाय धर्मादयोऽस्तिकाया उच्यन्ते । 'अस्ती' ति तिङन्त-प्रतिरूपकमव्ययं प्रदेशवाचकम् । प्रदेशः स्वस्थानादनपायि निर्विभागं खण्डम् । इदं निर्विभागं खण्डं यदा पुद्गलस्य गलनस्वभावात्तदीयस्कन्धदेशाभ्यामवयुत्य= पृथग्भूत्वा वर्त्तते तदा परमाणुनाम्ना व्यवह्रियते । यावदपृथग्भूत्वा वर्त्तते तावत्तदेव निर्विभागं खण्डं प्रदेश इत्युच्यते । अनेनैवाशयेन पुद्गलास्तिकायस्य चत्वारो भेदा भगवता कथिताः-स्कन्धः, देशः, प्रदेशः, परमाणुश्चेति । कायः=

धर्म, अधर्म और आकाश, ये तीन द्रव्य एक एक है, काल, पुद्गल, जीव, अनन्त अनन्त द्रव्य हैं" ॥ ८ ॥

काल को छोड कर शेष पांच द्रव्य अस्तिकाय कहलाते हैं । 'अस्ति' यह तिङन्तरूप प्रतीत होने वाला एक अव्यय है और प्रदेश का वाचक है । जो अपने स्थान से च्युत न होने वाला, अर्थात् जो द्रव्य के साथ ही जुडा हुआ निर्विभाग-जिस का फिर विभाग न हो सके वह खण्ड, प्रदेश कहलाता है । पुद्गल गलनस्वभाव वाला है अत एव जब यह निर्विभाग खण्ड पुद्गल के स्कन्ध या देश से विछुड कर अलग हो जाता है तब वही खण्ड परमाणु कहलाता है । जब वही परमाणु पुद्गल के स्कन्ध या देश में फिर मिल जाता है तब

ધર્મ અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્ય એક-એક છે, કાલ, પુદ્ગલ અને જીવ અનન્ત-અનન્ત દ્રવ્ય છે." ॥ ૮ ॥

કાલ સિવાયના બાકીના પાંચ દ્રવ્ય અસ્તિકાય કહેવાય છે. 'અસ્તિ' એ તિઙન્ત રૂપ જણાતું એક અવ્યય છે, અને પ્રદેશનું વાચક છે. જે પોતાના સ્થાનથી ચ્યુત નહિ થવા વાળા, અર્થાત્ દ્રવ્યની સાથે જ જોડાઈ રહેલા નિર્વિભાગ-જેનો ફરી ભાગ ન થઈ શકે તે ખંડ, પ્રદેશ કહેવાય છે. પુદ્ગલ ગલનસ્વભાવ વાળા છે, તે કારણે જ્યારે તે નિર્વિભાગ ખંડ પુદ્ગલના સ્કંધ અથવા દેશથી છુટા થઈ જાય છે; ત્યારે તે ખંડ પરમાણુ કહેવાય છે. જ્યારે તે પરમાણુ પુદ્ગલના સ્કંધ અથવા દેશમાં ફરીને મળી જાય છે ત્યારે તે પરમાણુના બદલે ફરી પ્રદેશ કહેવાય છે.

समूहः। अस्ति=प्रदेशानां कायः=समूहो यत्र यस्य वा स अस्तिकायः, प्रदेशसमूहवान्, धर्मश्चासावस्तिकायश्चेति धर्मास्तिकायः। एवं च धर्मास्तिकायः, अधर्मास्तिकायः, आकाशास्तिकायः, पुद्गलास्तिकायः, जीवास्तिकायः, इति नामानि सन्ति तेषाम्। कालस्तु प्रदेशाभावादस्तिकायो न भवतीत्यतः कालः कालास्तिकाय-शब्देन न व्यवह्रियते।

धर्मास्तिकायलक्षणम्—

स्वभावतो गतिपरिणामिनां जीवपुद्गलानां गतिं प्रति सहकारि कारणं धर्मास्तिकायः। जीवाः पुद्गलाश्च स्वभावतो गच्छन्ति, तत्रोपादानकारणस्वरूपास्ते

वह परमाणु के बदले फिर प्रदेश कहलाने लगता है, इसी अभिप्राय से भगवान् ने पुद्गलास्तिकाय के चार भेद बतलाये हैं (१) स्कन्ध (२) देश (३) प्रदेश और (४) परमाणु।

काय का अर्थ है समूह। जिसमें या जिसके प्रदेशों का समूह है वह अस्तिकाय कहलाता है। अस्तिकाय अर्थात् प्रदेशों का समूहवाला। धर्मरूप अस्तिकाय धर्मास्तिकाय समझना चाहिए। इसी प्रकार अधर्मास्तिकाय, आकाशास्तिकाय, पुद्गलास्तिकाय और जीवास्तिकाय, ये अस्तिकायों के नाम हैं। कालद्रव्य प्रदेशों का समूहरूप न होने के कारण अस्तिकाय नहीं है अतः काल 'कालास्तिकाय' नहीं कहलाता है।

धर्मास्तिकायका लक्षण—

स्वाभाव से या प्रयोग से गतिक्रियामें परिणत हुए जीव और पुद्गलों की गति में जो सहकारी कारण हो उसे धर्मास्तिकाय कहते हैं। जीवों और पुद्गलों का गमन करना स्वभाव ही है।

આ અભિપ્રાયે ભગવાને પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ બતાવ્યા છે. (૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ અને (૪) પરમાણુ.

કાયનો અર્થ છે–સમૂહ, જેમાં અથવા જેનાં પ્રદેશોના સમૂહ હોય તે અસ્તિકાય કહેવાય છે, અસ્તિકાય અર્થાત્ પ્રદેશોના સમૂહ વાળા, ધર્મરૂપ અસ્તિકાય ધર્માસ્તિકાય સમજવો જોઇએ. એજ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય, એ અસ્તિકાયોનાં નામ છે.

કાલદ્રવ્ય–પ્રદેશોના સમૂહરૂપ નહિ હોવાથી અસ્તિકાય નથી તેથી કાલ એ 'કાલાસ્તિકાય' કહેવાય નહિ.

ધર્માસ્તિકાયનું લક્ષણ—

સ્વભાવથી અથવા પ્રયોગથી ગતિક્રિયામાં પરિણત થયેલા જીવો અને પુદ્ગલોની ગતિમાં જે સહકારી કારણ હોય, તેને ધર્માસ્તિકાય કહે છે. જીવો અને

गतिं प्रति, पुनस्तस्यामेव गति-क्रियायां धर्मास्तिकायः सहायरूपं निमित्तकारणं भवति ।

(१) यथा सरित्समुद्राद्यवगाहनशीलानां मत्स्यानां स्वत एव जिगमिषा गतिश्च जायते, तत्र तेषां गमनं प्रति सहायरूपं निमित्तकारणं वारि । स्वयं तिष्ठतां तु मत्स्यानां न तत् प्रेरकं गमनाय ।

(२) यथा वा मृत्परिणामभूतस्य घटस्य दण्डो निमित्तकारणम् ।

(३) यथा वा स्वत एवावगाहमानस्य द्रव्यस्यावगाहनं प्रति गमनम् , न पुनरवगाहमानं द्रव्यं बलादवगाहयति तत् ।

इस गमनक्रिया में उपादान कारण वह स्वयं ही होते हैं, धर्मास्तिकाय सहायकमात्र होने से निमित्त कारण है ।

(१) जैसे—नदी अथवा समुद्रमें अवगाहन करनेवाले मच्छो में गमन करने की इच्छा स्वयं ही उत्पन्न होती है और स्वयं ही वे गति करते हैं, जल उन की गति में सहायक रूप निमित्त कारण होता है । हाँ, मच्छ अगर ठहरे तो जल उन्हें गमन करने के लिये प्रेरित नहीं करता ।

(२) अथवा जैसे—मृत्तिका से बनने वाले घडे में डंडा निमित्त कारण होता है ।

(३) अथवा जैसे—स्वयं ही अवगाहन करने वाले द्रव्य की अवगाहना में आकाश निमित्त कारण होता है ।

પુદ્ગલોનો ગમન કરવું તે સ્વભાવ જ છે, એ ગમન-ક્રિયામાં ઉપાદાન કારણ તે પોતે જ હોય છે; ધર્માસ્તિકાય સહાયકમાત્ર હોવાથી તે નિમિત્ત કારણ છે.

(૧) જેવી રીતે નદી અથવા સમુદ્રમાં અવગાહન કરવાવાળા મચ્છોમાં ગમન કરવાની પોતાની જ ઇચ્છા ઉત્પન્ન થાય છે, અને પોતે જ તે ગતિ કરે છે, પરન્તુ જલ તેની ગતિમાં સહાયરૂપ નિમિત્ત કારણ થાય છે પરન્તુ મચ્છ જો સ્થિર રહેવાની ઇચ્છા કરે તો જલ તેને ગમન કરવા માટે પ્રેરણા કરતું નથી.

(૨) અથવા જેવી રીતે-માટીથી તૈયાર થતા ઘડામાં ડંડો અને ચાક નિમિત્ત કારણ હોય છે.

(૩) અથવા જેવી રીતે-પોતે જ અવગાહન કરનારા દ્રવ્યના અવગાહનમાં આકાશ નિમિત્ત કારણ હોય છે.

(४) यथा वा-जलवृष्टौ सत्यां स्वयमेव कृषिकर्मारम्भं कुर्वतां कृषीवलानां कृषिकर्मारम्भं प्रति वृष्टिः सहकारि कारणं भवति ।

(५) अपरोऽपि शास्त्रीयो दृष्टान्तो दृष्टिपथमवतरति, यथा-'सिद्धस्वरूपोऽहम्, अनन्तसुखभाजनोऽहम्' इत्यादिभावनया व्यवहारनयेन शुद्धसिद्धस्वरूपध्यानकर्तृणां, निश्चयनयेन निर्विकल्पध्यानपरिणामिनां स्वयं तदुपादानकारणस्वरूपाणां भव्यानां स्वयमेव जायमानां सिद्धगतिं प्रति प्रेरणारहितो निष्क्रियो मूर्तिरहितोऽपि सिद्धभगवान् सहायकः सन् सहकारि कारणं भवति, तद्वदमूर्तो निष्क्रियः प्रेरणारहितश्च धर्मास्तिकायो जीवानां पुद्गलानां च गतिरूपे परिणामे सहायकः सन्निमित्तकारणं भवति ।

---

(४) अथवा जैसे—जल की वर्षा होने पर स्वयं ही कृषिकार्य आरम्भ करने वाले किसानों के कृषिकार्य के आरम्भमें वृष्टि सहकारी कारण होती है ।

(५) एक शास्त्रीय दृष्टान्त और भी दृष्टिगोचर होता है—'मैं सिद्धस्वरूप हूँ, मैं अनन्त सुख का भाजन हूँ' । इस प्रकार की भावनापूर्वक व्यवहार नय से शुद्ध सिद्ध परमात्मा का ध्यान करने वालों को, और निश्चय नय से निर्विकल्प ध्यान में परिणत होने वालों को जो सिद्धगति की प्राप्ति होती है उस में उपादान कारण स्वयं ध्यान करने वाला भव्यात्मा है, और प्रेरणारहित, निष्क्रिय, तथा अमूर्तिक होते हुए भी सिद्ध भगवान् उसमें सहायक होने से निमित्त कारण हो जाते हैं । इसी प्रकार अमूर्तिक, निष्क्रिय और प्रेरणारहित धर्मास्तिकाय भी जीव और पुद्गलों के गतिरूप परिणाम में सहायक होता हुआ निमित्त कारण होता है ।

---

(૪) અથવા જેવી રીતે પાણી વરસવાથી ખેડુત પોતે જ ખેતીના કામનો આરંભ કરે છે, ખેતીનો આરંભ કરવાવાળા ખેડુતોના ખેતી કાર્યના આરમ્ભમાં વૃષ્ટિ (વરસાદ) સહકારી કારણ હોય છે.

(૫) એક શાસ્ત્રીય દૃષ્ટાંત બીજું પણ દૃષ્ટિગોચર થાય છે:—

"હું સિદ્ધ સ્વરૂપ છું. હું અનન્ત સુખનું ભાજન-પાત્ર છું." આ પ્રકારની ભાવનાપૂર્વક, વ્યવહાર નયથી શુદ્ધ સિદ્ધ ભગવાન-પરમાત્માનું ધ્યાન કરવાવાળા અને નિશ્ચયનયથી નિર્વિકલ્પ ધ્યાનમાં પરિણત થવા વાળાને જે સિદ્ધ-ગતિ પ્રાપ્ત થાય છે તેમાં ઉપાદાન કારણ ધ્યાન કરવાવાળા પોતે ભવ્યાત્મા છે; અને પ્રેરણારહિત નિષ્ક્રિય તથા અમૂર્તિક હોવા છતાં પણ સિદ્ધ ભગવાન તેમાં સહાયક હોવાથી નિમિત્ત કારણ થઈ જાય છે.

એ પ્રમાણે અમૂર્તિક, નિષ્ક્રિય અને પ્રેરણારહિત ધર્માસ્તિકાય પણ જીવ અને પુદ્ગલોનાં ગતિરૂપ પરિણામમાં સહાયક હોવાથી નિમિત્ત કારણ છે.

ननु धर्मास्तिकायस्य दण्डादिवन्निमित्तकारणता नोपपद्यते, सव्यापारं हि कारणं भवति, निर्व्यापारस्य कारणत्वे युक्त्यभावादिति चेन्न,

धर्मास्तिकायस्य हि स्वाभाविकव्यापारसत्त्वात् कारणत्वं सूपपादम्। उक्तं च धर्मास्तिकायलक्षणं भगवता—

"गइलक्खणो उ धम्मो" इति,

'गतिलक्षणस्तु धर्मः' इति च्छाया। (उत्तराध्ययनसूत्रे २८ अ.) गतिकार्यानुमेयो धर्मास्तिकाय इति भावः।

शङ्का—धर्मास्तिकाय डंडा आदि के समान निमित्त कारण नहीं हो सकता, क्योंकि वह व्यापार नहीं करता, कार्य की उत्पत्ति में व्यापार करने वाला ही कारण होता है। कार्य की उत्पत्ति में व्यापार न करने पर भी अगर किसी को कारण मान लिया जाय तो चाहे जो वस्तु चाहे जिस कार्य में कारण हो जायगी। ऐसी दशा में नियत कार्य–कारण भाव का अभाव हो जायगा।

समाधान–यह शङ्का ठीक नहीं है; क्योंकि यहाँ हेतु असिद्ध है। गतिरूप कार्य में धर्मास्तिकाय व्यापाररहित नहीं है, किन्तु धर्मास्तिकायका स्वाभाविक व्यापार विद्यमान होने के कारण उसे कारण मानना युक्तिसङ्गत है। भगवान् ने धर्मास्तिकायका लक्षण इस प्रकार बतलाया है—

"**गइलक्खणो उ धम्मो**" धर्मास्तिकाय गति लक्षण वाला है। (उत्तराध्ययनसूत्र अ० २८) अर्थात् गतिरूप कार्य से धर्मास्तिकायका अनुमान होता है।

શંકા–ધર્માસ્તિકાય દંડ આદિ પ્રમાણે નિમિત્ત કારણ થઈ શકતું નથી, કેમકે તે વ્યાપાર કરતું નથી, કાર્યની ઉત્પત્તિમાં વ્યાપાર કરનાર જ કારણ હોય છે. કાર્યની ઉત્પત્તિમાં વ્યાપાર નહિ કરવા છતાં ય જો કોઈને કારણ માનવામાં આવશે તો ગમે તે વસ્તુ ગમે તે કાર્યમાં કારણ થઈ જશે. એવી દશામાં નિયત કાર્ય કારણ ભાવનો અભાવ થઈ જશે.

સમાધાન—આ શંકા ઠીક નથી; કારણ કે અહિં હેતુ અસિદ્ધ છે. ગતિરૂપ કાર્યમાં ધર્માસ્તિકાય વ્યાપારરહિત નથી, ધર્માસ્તિકાયનો સ્વાભાવિક વ્યાપાર વિદ્યમાન હોવાથી તેને કારણ માનવું તે યુક્તિસંગત છે. ભગવાને ધર્માસ્તિકાયનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે—

"गइलक्खणो उ धम्मो" ધર્માસ્તિકાય ગતિલક્ષણવાળું છે (ઉત્તરાધ્યયન સૂત્ર અ૦ ૨૮) અર્થાત્ ગતિરૂપ કાર્યથી ધર્માસ્તિકાયનું અનુમાન થાય છે.

अस्य–(१) अरूपित्वम् , (२) अचेतनत्वम् , (३) अक्रियत्वम् , (४) गतिसहायकत्वं चेति गुणाः । (१) स्कन्धः, (२) देशः, (३) प्रदेशः, (४) अगुरुलघुत्वं चेति पर्यायाः । अयं द्रव्यक्षेत्रकालभावगुणभेदेन पञ्चधा ज्ञायते, यथा–द्रव्यत एको धर्मास्तिकायः, क्षेत्रतो लोकप्रमाणः, कालत आद्यन्तरहितः, भावतो रूपरहितः–वर्णगन्धरसस्पर्शवर्जित इति । गुणतश्चलनगुणः ।

अधर्मास्तिकायस्वरूपम्—

स्वभावतः स्थितिपरिणतानां जीवपुद्गलानां स्थितिं प्रति सहकारि कारणत्वमधर्मास्तिकायस्य लक्षणम् ।

---

(१) अरूपित्व, (२) अचेतनत्व (३) अक्रियत्व (४) गतिसहायकत्व, ये धर्मास्तिकाय के गुण हैं । (१) स्कन्ध (२) देश (३) प्रदेश और (४) अगुरुलघुत्व, ये उसके पर्याय हैं । धर्मास्तिकाय द्रव्य, क्षेत्र, काल, भाव और गुण, इस तरह पांच भेदों से जाना जाता है । जैसे–द्रव्य से धर्मास्तिकाय एक है, क्षेत्रसे लोकप्रमाण है, कालसे आदि–अन्तरहित है, भावसे रूपादिरहित है–रूप, रस, गन्ध, स्पर्श उस में नहीं है, और गुण से चलन–गुण वाला है ।

अधर्मास्तिकायका स्वरूप—

स्वभाव से स्थितिरूप परिणत हुए जीव और पुद्गलोंकी स्थिति में सहकारी होना अधर्मास्तिकायका लक्षण है ।

---

(૧) અરૂપિત્વ (૨) અચેતનત્વ (૩) અક્રિયત્વ (૪) ગતિસહાયકત્વ. એ સર્વ ધર્માસ્તિકાયના ગુણો છે, (૧) સ્કંધ (૨) દેશ (૩) પ્રદેશ અને (૪) અગુરૂલઘુત્વ, એ તેના પર્યાય છે. ધર્માસ્તિકાય–દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણ, એ પાંચ ભેદોથી જાણી શકાય છે. જેવી રીતે–દ્રવ્યથી ધર્માસ્તિકાય એક છે, ક્ષેત્રથી લોકપ્રમાણ છે, કાલથી આદિ-અન્ત રહિત છે, ભાવથી રૂપાદિરહિત છે—રૂપ–રસ–ગંધ–સ્પર્શ તેમાં નથી, અને ગુણથી ચલન–ગુણવાળા છે.

અધર્માસ્તિકાયનું સ્વરૂપ—

સ્વભાવથી સ્થિતિરૂપ પરિણત થયેલા જીવો અને પુદ્ગલોની સ્થિતિમાં સહકારી થવું તે અધર્માસ્તિકાયનું લક્ષણ છે.

जीवाः पुद्गलाश्च स्वभावतः स्वयं तिष्ठन्ति, तत्रोपादानकारणस्वरूपास्ते स्थितिं प्रति, पुनस्तस्यामेव स्थितिक्रियायामधर्मास्तिकायः सहायरूपं निमित्तकारणं भवति ।

(१) यथा–स्वयं तिष्ठतां पथिकानां स्थितौ छाया सहकारि कारणं भवति । अतिष्ठतस्तु स्थातुं न पुनः सा प्रेरयति ।

(२) यथा वा स्वयं तिष्ठतो देवदत्तस्य स्थितिं प्रति पृथिवी सहकारि कारणं भवति । अतिष्ठन्तं तु देवदत्तं न पृथिवी स्थापयति ।

(३) यथा-समितिगुप्तिधारिणो रत्नत्रयाराधिनः समरसकन्दाः समाहितमतयो महात्मानो निश्चयनयेन निजात्मस्वरूपं चिन्तयन्तः क्षपकश्रेणिं समारुह्य समुत्पन्न-

---

जीव और पुद्गल जब स्वभाव से ही स्थित होते हैं, अपनी स्थिति में उपादान कारण तो स्वयं वही हैं, पर अधर्मास्तिकाय उस में सहायक होता है, अतः वह निमित्त कारण है ।

(१) जैसे–स्वयं ठरने वाले पथिकों की स्थिति में छाया सहकारी कारण होती है । अगर कोई न ठहरे तो वह ठहरने की प्रेरणा नहीं करती ।

(२) अथवा जैसे–स्वयं ठहरने वाले देवदत्त की स्थिति में पृथिवी सहकारी कारण है । मगर देवदत्त को न ठहरना हो तो पृथ्वी जबर्दस्ती नहीं ठहराती ।

(३) अथवा जैसे–समिति गुप्तिके धारक, रत्नत्रय की आराधना करने वाले, समभाव के रस में निमग्न समाधियुक्त मति वाले महात्मा निश्चय नय से आत्मस्वरूपका चिन्तन करते

જીવ અને પુદ્ગલ જ્યારે સ્વભાવથી જ સ્થિત થાય છે તો પોતાની સ્થિતિમાં ઉપાદાન કારણ તો પોતે જ છે, પરન્તુ અધર્માસ્તિકાય તેમાં સહાયક થાય છે, તેથી તે નિમિત્ત કારણ છે.

(૧) જેવી રીતે–પોતે ઉભા રહેવા વાળા મુસાફરોની સ્થિતિમાં છાયા સહકારી કારણ હોય છે. અગર કોઇ ઉભા ન રહે તો તે ઉભા રહેવાની પ્રેરણા નથી કરતી.

(૨) અથવા–જેવી રીતે પોતે જ ઉભા ન રહેવા વાળા દેવદત્તની સ્થિતિમાં પૃથ્વી સહકારી કારણ છે, પરન્તુ જો દેવદત્તને ઉભા ન રહેવું હોય તો પૃથ્વી દેવદત્તને બળજબરીથી ઉભો રાખી શકતી નથી.

(૩) અથવા–જેવી રીતે સમિતિ–ગુપ્તિના ધારક, રત્નત્રયની આરાધના કરવા-વાળા, સમભાવના રસમાં નિમગ્ન, સમાધિયુક્ત મતિવાળા મહાત્મા નિશ્ચયનયથી

केवलज्ञान–केवलदर्शनभृतः सन्तः सकलकर्मक्षयं कृत्वा, शरीरमौदारिकमिह परित्यज्य, सिद्धिगतिनामधेयं स्थानं गतास्तिष्ठन्ति, तेषां निश्चयनयेन स्वतः स्थितिपरिणतानां तत्र साद्यपर्यवसितां स्थितिं प्रति तत्स्थानं सहकारि कारणं भवति। न तु तत् स्थानं तानवस्थातुं प्रेरयति ।

(४) यथा व्यवहारनयेन सिद्धभक्त्या स्वयं समुत्पन्नसविकल्पध्यानावस्थितानां महात्मनां सविकल्पध्याने स्थितिं प्रति, निष्क्रियो मूर्त्तिरहितः प्रेरणारहितोऽपि सिद्धभगवान् सहायः सन् सहकारि कारणं भवति। न त्वसौ तान् तद्ध्याने स्थातुं प्रेरयति।

हुए क्षपकश्रेणी पर आरूढ हो कर उत्पन्न केवलज्ञान और केवलदर्शन को धारण करने वाले हो कर समस्त कर्मों का क्षय करके औदारिक शरीर को यहीं त्याग कर सिद्धिगति नामक स्थान को प्राप्त हो कर स्थिर हो जाते हैं। निश्चयनय से स्वयं स्थिति में परिणत हुए उन सिद्ध जीवों की सादि–अनन्त स्थिति में वह स्थान सहकारी कारण होता है, किन्तु वह स्थान उन्हें ठहरने के लिए प्रेरित नहीं करता ।

(४) अथवा जैसे–व्यवहारनय से सिद्ध भगवान् की भक्तिसे स्वयं उत्पन्न हुए सविकल्प ध्यान में अवस्थित महात्मा पुरुषों की सविकल्प में जो स्थिति है, उस में अक्रिय अमूर्तिक और प्रेरणारहित भी सिद्ध भगवान् सहायक होने से निमित्त कारण होते हैं, किन्तु वे उन्हें ध्यान में स्थित होने की प्रेरणा नहीं करते ।

આત્મસ્વરૂપનું ચિંતન કરતા થકા ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને ઉત્પન્ન કેવલજ્ઞાન અને કેવલદર્શનને ધારણ કરવા વાળા થઈને સમસ્ત કર્મોનો ક્ષય કરીને ઔદારિક શરીરનો અહિં જ ત્યાગ કરીને સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થઈ સ્થિર થઈ જાય છે. નિશ્ચયનયથી સ્વયં સ્થિતિમાં પરિણત થયેલા તે સિદ્ધ જીવોની સાદિ અનંત સ્થિતિમાં તે સ્થાન સહકારી કારણ હોય છે; પરંતુ તે સ્થાન તેને થોભવા માટે પ્રેરણા નથી કરતું.

(૪) અથવા–જેવી રીતે વ્યવહારનયથી સિદ્ધ ભગવાનની ભક્તિથી સ્વયં ઉત્પન્ન થયેલા સવિકલ્પ ધ્યાનમાં અવસ્થિત મહાત્મા પુરૂષોની સવિકલ્પ ધ્યાનમાં જે સ્થિતિ છે, તેમાં નિષ્ક્રિય, અમૂર્તિક અને પ્રેરણારહિત સિદ્ધ ભગવાન સહાયક હોવાથી નિમિત્ત કારણ હોય છે; પણ સિદ્ધ ભગવાન તેને ધ્યાનમાં સ્થિત થવાની પ્રેરણા કરતા નથી.

इदमेवाभिप्रेत्य भगवताऽभिहितम्—

"अहम्मो ठाणलक्खणो" इति (उत्तरा. अ. २८)

'अधर्मः स्थानलक्षणः' इति च्छाया। लक्ष्यते=दृश्यते परिचीयते अनेनेति लक्षणं=परिचायकं ज्ञापकम्। स्थानं=स्थितिरेव लक्षणं=ज्ञापकं यस्याऽसाविति स्थानलक्षणः। स्थितिकार्यानुमेयोऽधर्मास्तिकाय इत्याशयः।

अधर्मास्तिकायस्य-(१) अरूपित्वम्, (२) अचेतनत्वम्, (३) अक्रियत्वम्, (४) स्थितिसहायकत्वमिति गुणाः।

(१) स्कन्धः, (२) देशः, (३) प्रदेशः, (४) अगुरुलघुत्वं चेति पर्यायाः।

इसी अभिप्राय से भगवान ने कहा—"अहम्मो ठाणलक्खणो" अधर्मास्तिकाय स्थिति लक्षण वाला है। (उत्तरा० अ० २८) जिस के द्वारा कोई वस्तु लखी जाय (देखी जाय) या जो, वस्तु का परिचायक (परिचय कराने वाला) हो वह लक्षण कहलाता है। स्थान अर्थात् स्थिति ही जिस का लक्षण है, अर्थात् स्थितिरूप कार्य से जिस का अनुमान होता है उसे अधर्मास्तिकाय कहते हैं।

अधर्मास्तिकाय के गुण-(१) अरूपित्व (२) अचेतनत्व (३) अक्रियत्व और स्थितिसहायकत्व हैं। (१) स्कन्ध, (२) देश (३) प्रदेश, और (४) अगुरुलघुत्व, अधर्मास्तिकाय के पर्याय हैं।

એ અભિપ્રાયથી ભગવાને કહ્યું છે કે—"अहम्मो ठाणलक्खणो" અધર્માસ્તિકાય સ્થિતિ લક્ષણ વાળા છે. (ઉત્તરાધ્યયન. અ. ૨૮)

જેના દ્વારા કોઈ વસ્તુ લખી શકાય (દેખી શકાય) અથવા જે વસ્તુનો પરિચય કરાવનાર હોય તે લક્ષણ કહેવાય છે. સ્થાન અર્થાત્ સ્થિતિ જ જેનું લક્ષણ છે અર્થાત્ સ્થિતિરૂપ કાર્યથી જેનું અનુમાન થાય છે, તેને અધર્માસ્તિકાય કહે છે.

અધર્માકાયના ગુણ-(૧) અરૂપિત્વ (૨) અચેતનત્વ (૩) અક્રિયત્વ અને (૪) સ્થિતિસહાયકત્વ છે.

(૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ, અને (૪) અગુરૂલઘુત્વ, એ અધર્માસ્તિકાયના પર્યાય છે.

अयं द्रव्यक्षेत्रकालभावगुणभेदेन पञ्चधा ज्ञायते, यथा—अधर्मास्तिकायो द्रव्यत एकः, क्षेत्रतो लोकप्रमाणः, कालत आद्यन्तरहितः, भावतो रूपरहितः-वर्ण-गन्ध-रस-स्पर्शवर्जित इति, गुणतः स्थितिगुणः ।

ननु धर्माधर्मशब्दाभ्यां पुण्यपापरूपौ शुभाशुभफलदौ धर्माधर्मौ कथं नात्र गृह्येते ? इति चेत्, उच्यते-तयोर्गुणत्वेन द्रव्यप्रकरणे समावेशासंभवात् । किञ्च तौ धर्माधर्मौ पुण्यपापरूपौ पुद्गलत्वेनाभिमतौ पुद्गलद्रव्यान्तर्भूतौ, ततस्तयोर्न धर्माधर्मास्तिकायमध्ये समावेशः ।

अधर्मास्तिकाय द्रव्य, क्षेत्र, काल, भाव और गुण के भेदसे पांच प्रकार से जाना जाता है । जैसे-अधर्मास्तिकाय द्रव्य से एक है, क्षेत्र से लोकप्रमाण है, काल से आदि अन्त रहित है, भावसे अरूपी अर्थात् रूप, रस, गन्ध, और स्पर्श से रहित है, और गुण से स्थितिगुण वाला है ।

शङ्का-धर्म शब्द से शुभ फल देने वाले पुण्य का और अधर्म शब्द से अशुभ फल देने वाले पाप का ग्रहण क्यों नहीं किया गया ?

समाधान-पुण्य और पाप, द्रव्य नहीं, गुण हैं, इसी लिये इनका द्रव्यके प्रकरण में समावेश नहीं हो सकता । अथवा पुण्य-पाप रूप धर्म और अधर्म पुद्गल हैं, अतः उनका समावेश पुद्गल में ही हो जाता है । धर्मास्तिकाय और अधर्मास्तिकाय में उन्हें गर्भित नहीं किया जा सकता ।

અધર્માસ્તિકાય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવ અને ગુણના ભેદથી પાંચ પ્રકારે જાણી શકાય છે. જેમકે—અધર્માસ્તિકાય દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી લોકપ્રમાણ છે, કાલથી આદિ-અન્ત રહિત છે, ભાવથી અરૂપી અર્થાત્ રૂપ, રસ ગંધ અને સ્પર્શથી રહિત છે, અને ગુણથી સ્થિતિગુણવાળા છે.

શંકા—ધર્મ શબ્દથી શુભ ફલ આપવા વાળા પુણ્ય અને અધર્મ શબ્દથી અશુભ ફલ આપવા વાળા પાપનું ગ્રહણ શા માટે કરવામાં આવતું નથી ?

સમાધાન—પુણ્ય અને પાપ, દ્રવ્ય નથી, ગુણ છે એટલા માટે દ્રવ્યનાં પ્રકરણમાં તેનો સમાવેશ થઈ શકતો નથી અથવા પુણ્ય-પાપરૂપ ધર્મ અને અધર્મ પુદ્ગલરૂપ છે, તેથી તેનો સમાવેશ પુદ્ગલમાં જ થઈ જાય છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયમાં તેને ગર્ભિત નથી કરી શકતા.

अथाकाशस्वरूपम्–

आ–समन्तात् काशते=अवगाहदानेन प्रतिभासते इत्याकाशम्, यद्वा-आका–शन्ते=दीप्यन्ते धर्माधर्मकालपुद्गलजीवाः स्वस्वरूपेण यत्र तत्।

धर्माधर्मादिसर्वद्रव्याणामाधारतयाऽवकाशं ददातीत्यवकाशदायित्वं लक्षणमाकाशास्तिकायस्य। अत्रावकाशदायित्वं व्यवहारनयेनौपचारिकम्। अस्तिकायशब्दः प्राग् व्याख्यातः। उक्तं चोत्तराध्ययनसूत्रे (२८ अध्ययने)—

"भायणं सव्वदव्वाणं, नहं ओगाहलक्खणम्।" इति।

आकाशका स्वरूप–

'आकाश' शब्द में 'आ' और 'काश' दो हिस्से हैं। 'आ' का अर्थ है–सभी ओर से–सर्वत्र, और 'काश' का अर्थ है–प्रकाशित होने वाला। तात्पर्य यह है कि अपने अवगाहदाननामक गुणसे सर्वत्र प्रभासित होता है, वह आकाश है। अथवा जहाँ धर्म, अधर्म, काल, पुद्गल और जीव अपने–अपने स्वरूप से प्रकाशित होते हैं, उसे आकाश कहते हैं।

धर्म, अधर्म, आदि समस्त द्रव्यों का आधार होकर जो उन्हें आश्रय देता है, वही आकाश है। अवकाश देने वाला ही आकाश कहलाता है। यहाँ 'अवकाश देना' आकाश का जो लक्षण बतलाया गया है, वह व्यवहारनयसे उपचरित कथन है। 'अस्तिकाय' शब्द की व्याख्या पहले ही की जा चुकी है। उत्तराध्ययन सूत्र (अ० २८) में कहा है:—
"भायणं सव्वदव्वाणं नहं ओगाहलक्खणं" इति।

આકાશનું સ્વરૂપ—

'આકાશ' શબ્દમાં 'આ' અને 'કાશ' બે ભાગ છે. 'આ' નો અર્થ છે–ચારેય કોરથી–સર્વત્ર, અને 'કાશ'નો અર્થ છે પ્રકાશિત થવા વાળા, તાત્પર્ય એ છે કે–પોતાના અવગાહદાન (અવકાશ આપવો) નામના ગુણથી જે સર્વત્ર પ્રતિભાસિત હોય છે તે આકાશ છે, અથવા જ્યાં ધર્મ, અધર્મ, કાલ, પુદ્ગલ અને જીવ પોતપોતાના સ્વરૂપથી પ્રકાશિત હોય છે–પ્રતીત થાય છે તેને આકાશ કહે છે.

ધર્મ, અધર્મ આદિ તમામ દ્રવ્યોનો આધાર બની જે તેને આશ્રય આપે છે તે આકાશ છે. અવકાશ આપનાર જ આકાશ કહેવાય છે. અવકાશ આપવો તે આકાશનું લક્ષણ બતાવવામાં આવ્યું છે, તે વ્યવહારનયથી ઉપચારરૂપ કથન છે. 'અસ્તિકાય' શબ્દની વ્યાખ્યા પ્રથમ જ કહી દીધી છે, ઉત્તરાધ્યયન સૂત્ર (અ.૨૮)માં કહ્યું છે કે– "भायणं सव्वदव्वाणं नहं ओगाहलक्खणं" ઈતિ.

'भाजनं सर्वद्रव्याणां, नभोऽवगाहलक्षणम् '। इति च्छाया ।

सर्वद्रव्याणां भाजनम् = आधारः, इति हेतुगर्भविशेषणम् । यतः सर्वद्रव्याणां भाजनम् , अतः अवगाहलक्षणं नभ इति भावः ।

धर्माधर्मकालानामन्तः समावेशेन जीवपुद्गलानामौपचारिकसंयोगविभागाभ्यां चावगाहः । अवगाह्य तत्तद्देशरूपोपाधिभेदादवगाहस्य नानात्वेन संयोगविभागा उपपद्यन्ते ।

अवगाहोऽवकाशः, स एव लक्षणं=ज्ञापकं यस्य तद् अवगाहलक्षणं नभः= आकाशं कथ्यते, इत्यर्थः । अवगाहदानकार्यानुमेयमाकाशमित्याशयः ।

धर्माधर्मादिद्रव्याणामाधारान्यथाऽनुपपत्तेराकाशमस्तीति निःशङ्कं विश्व-

---

'आकाश' सब द्रव्यों का आधार है । सारांश यह है कि आकाश सब द्रव्यों का आधार होनेसे अवगाह-लक्षण वाला है ।

'धर्मास्तिकाय' 'आधर्मास्तिकाय' और काल का आकाश में ही समावेश होने से जीव और पुद्गलों के औपचारिक संयोग और विभाग के द्वारा अवगाह होता है । अवगाह होने पर देश के भेद से अवगाह भी भिन्न हो जाता है और संयोग तथा विभाग उत्पन्न होते हैं ।

तात्पर्य यह है कि—अवगाह या अवकाश ही जिस का लक्षण है, अर्थात् अवगाह से जिस का अनुमान होता है वह द्रव्य आकाश है ।

आकाश न होता तो धर्म, अधर्म आदि द्रव्यों की स्थिति कहां होती ? अर्थात् उनका कोई आधार ही नहीं रहता, अत एव आकाश का अस्तित्व, किसी प्रकार की शङ्का किये

આકાશ સર્વદ્રવ્યોનો આધાર છે. સારાંશ એ છે કે આકાશ સર્વ દ્રવ્યોનો આધાર હોવાથી અવગાહન લક્ષણવાળું છે.

ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને કાલનો આકાશમાં સમાવેશ હોવાથી જીવ અને પુદ્ગલોનો ઔપચારિક સંયોગ અને વિભાગ દ્વારા અવગાહ થાય છે, અવગાહ થવાથી દેશના ભેદથી અવગાહ પણ ભિન્ન થઈ જાય છે, અને સંયોગ તથા વિભાગ ઉત્પન્ન થાય છે.

તાત્પર્ય એ છે કે–અવગાહ અથવા અવકાશ જ જેનું લક્ષણ છે, અર્થાત્ અવગાહથી જેનું અનુમાન થાય છે તે દ્રવ્ય આકાશ છે. અથવા આકાશ ન હોય તો ધર્મ, અધર્મ આદિ દ્રવ્યોની સ્થિતિ કયાં હોય? અર્થાત્ તેનો કોઈ આધાર જ

सनीयम्, इत्यपि भगवता बोधितम्। आकाशसिद्ध्यर्थं 'भायणं सव्वदव्वाणं'-इति, 'ओगाहलक्खणं' इति च विशेषणद्वयमुपात्तम्।

आकाशं द्विविधम्-लोकालोकभेदात्, उक्तं च स्थानाङ्गसूत्रे—

"दुविहे आगासे पन्नत्ते, तंजहा-लोगागासे चेव अलोगागासे चेव" इति। द्विविध आकाशः प्रज्ञप्तस्तद्यथा-लोकाकाशश्चैव अलोकाकाशश्चैव, इति च्छाया। धर्मादिसर्वद्रव्याणामाधारभूतमसंख्यातप्रदेशात्मकमाकाशखण्डं लोकाकाशम्। तद्भिन्नमनन्तप्रदेशात्मकमलोकाकाशम्।

ननु धर्माधर्मद्रव्यस्वीकारे प्रयोजनं न किमपि पश्यामः, जीव-पुद्गलानां गतिस्थितिकार्ययोः सहायरूपं कारणं त्वाकाशमेव स्यात्?।

विना विश्वास करने योग्य है, यह भी भगवान् ने उक्त कथन से ध्वनित कर दिया है। आकाश की सिद्धि के लिये 'भायणं सव्वदव्वाणं' और 'ओगाहलक्खणं' ये दो विशेषण लगाये गये हैं।

आकाश दो प्रकार का है-लोकाकाश, और अलोकाकाश। स्थानाङ्गसूत्र में कहा है-"दुविहे आगासे पन्नत्ते तं जहा-लोगागासे चेव अलोगागासे चेव"

धर्म आदि सब द्रव्यों का आधार और असंख्यातप्रदेशरूप आकाशखण्ड, लोकाकाश कहलाता है। लोकाकाश से भिन्न अनन्तप्रदेशी अलोकाकाश है।

शङ्का-जब कि आकाश ही जीव और पुद्गलों की गति एवं स्थिति में सहायक कारण हो सकता है तो फिर धर्मास्तिकाय और अधर्मास्तिकाय द्रव्यों को स्वीकार करने का कोई

न रहेत, એટલા માટે આકાશના અસ્તિત્વ, કોઈ જાતની પણ શંકા કર્યા વગર વિશ્વાસ કરવા યોગ્ય છે; એ પણ ભગવાને ઉક્ત કથનથી ધ્વનિત કર્યું છે. આકાશની સિદ્ધિ માટે 'भायणं सव्वदव्वाणं' અને 'ओगाहलक्खणं' આ બે વિશેષણ લગાવેલા છે.

આકાશ બે પ્રકારના છે. (૧) લોકાકાશ અને (૨) અલોકાકાશ. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે -"दुविहे आगासे पन्नत्ते, तंजहा-लोगागासे चेव अलोगागासे चेव'

ધર્મ આદિ તમામ દ્રવ્યોનો આધાર અને અસંખ્યાતપ્રદેશરૂપ આકાશખંડ તે લોકાકાશ કહેવાય છે. લોકાકાશથી ભિન્ન અનન્તપ્રદેશી અલોકાકાશ છે.

શંકા-જો કે આકાશ જ જીવ અને પુદ્ગલોની ગતિ અને સ્થિતિમાં સહાયક કારણ થઈ શકે છે તો પછી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યોનો સ્વીકાર

अत्रोच्यते–धर्मश्चाधर्मश्चेति द्रव्यद्वयमवश्यमङ्गीकरणीयम्, अन्यथा दोषबाहुल्यप्रसङ्गात्।

(१) आकाशस्य गतिहेतुत्वस्वीकारे जीवपुद्गलानामलोकाकाशगमनापत्तिः।

(२) अलोकाकाशस्यापि जीवपुद्गलपूर्णत्वे लोकत्वप्रसंगः, तथा चालोकाकाशस्य नामाऽपि वन्ध्यापुत्रवदेव स्यात्।

(३) भगवत्प्ररूपिताऽऽकाशद्वैविध्यव्यवस्थाऽपि न सिद्धयेत्।

प्रयोजन दिखाई नहीं देता।

समाधान–धर्मद्रव्य और अधर्मद्रव्य अवश्य स्वीकार करना चाहिये। उन्हें स्वीकार न करने से बहुतसे दोष आते हैं। वे इस प्रकार–

(१) आकाश को ही गति का कारण मान लिया जाय तो जीवों और पुद्गलों का अलोकाकाश में भी गमन मानना पडेगा, क्योंकि अलोकाकाश भी तो आखिर आकाश ही है।

(२) अलोकाकाश अगर जीवों और पुद्गलों से व्याप्त मान लिया जाय तो वह अलोकाकाश न रहकर लोकाकाश ही हो जायगा। ऐसी स्थिति में अलोकाकाश तो बन्ध्यापुत्र के समान हो जायगा, अर्थात् अलोकाकाश का अस्तित्व नहीं रहेगा।

(३) भगवान् ने दो प्रकार का आकाश बतलाया है, वह व्यवस्था भङ्ग हो जायगी।

કરવાનું કોઈ પણ પ્રયોજન જોવામાં આવતું નથી.

સમાધાન–ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યનો અવશ્ય સ્વીકાર કરવો જોઇએ, તેનો સ્વીકાર નહિ કરવાથી બહુ જ દોષ આવે છે, તે આ પ્રમાણે–

(૧) આકાશને જ ગતિનું કારણ માની લેવામાં આવે તો જીવો અને પુદ્ગલોનું અલોકાકાશમાં પણ ગમન માનવું પડશે; કેમકે અલોકાકાશ પણ છેવટે તો આકાશ જ છે.

(૨) અથવા અલોકાકાશ જીવો અને પુદ્ગલોથી વ્યાપ્ત માની લેશો તો તે અલોકાકાશ નહિ રહેતાં લોકાકાશજ થઈ જશે; એવી સ્થિતિમાં અલોકાકાશ તો વન્ધ્યા પુત્રના સમાન થઈ જશે, અર્થાત્ અલોકાકાશનું અસ્તિત્વ જ રહેશે નહિ.

(૩) ભગવાને બે પ્રકારના આકાશ બતાવ્યાં છે, તે વ્યવસ્થા ભંગ થઈ જશે.

(४) अपिच–सिद्धभगवान् ऊर्ध्वं गत्वा लोकाग्रेऽवस्थित इति मर्यादाऽपि खपुष्पायमानैव स्यात् ।

(५) भवन्मते गतिकारणीभूतस्याकाशस्योर्ध्वदेशे विद्यमानत्वात्तस्य (सिद्धस्य) गतेरवरोधाभावो भवेत् ।

धर्माधर्मद्रव्ययोराकाशतः पृथक् स्वीकारे तु लोकाकाशत उर्ध्वमलोकाकाशस्य सत्त्वेन तत्र गतिहेतोर्धर्मस्याभावान्न गतिर्भवति । स्थितिहेतोरधर्मद्रव्यस्य लोकान्तर्वर्त्तित्वेन लोकमध्य एवोपरिभागे गतिहेतोर्धर्मद्रव्यस्य साहाय्येन गत्वा तत्रैवाधर्मद्रव्यसाहाय्येन तिष्ठति । एवं च लोकाग्रे भगवानवस्थितो जले

---

(४) सिद्ध भगवान् उपर जाकर लोक के अग्र भाग में स्थित हो जाते हैं, यह आगम की मर्यादा भी आकाशपुष्प के समान हो जायगी ।

(५) आप के मत के अनुसार गतिका कारण आकाश है और वह उर्ध्व देश में लोकाकाश के अग्रभाग से भी आगे विद्यामान है, अतः सिद्धों की गति में रुकावट नहीं होगी ।

धर्मद्रव्य और अधर्मद्रव्य को आकाश से भिन्न मान लेने से लोकाकाश से उपर अलोकाकाश में गति का कारण धर्मद्रव्य नहीं है, अतः लोकाकाश से आगे गति भी नहीं होती, तथा स्थिति का कारण अधर्मद्रव्य लोक के अन्तर्गत ही है, अतः धर्मद्रव्य की सहायतासे सिद्ध जीव, लोक के अन्त तक पहुँच कर अधर्म की सहायता से वहीं अर्थात् लोकाकाशके

---

(४) સિદ્ધ ભગવાન ઉપર જઈને લોકના અગ્રભાગમાં સ્થિત થાય છે, તે આગમની મર્યાદા પણ આકાશ–પુષ્પના સમાન થઈ જશે.

(૫) આપના મત પ્રમાણે ગતિનું કારણ આકાશ છે અને તે ઉર્ધ્વ–ઉપરના દેશમાં લોકાકાશના અગ્રભાગથી પણ આગળ વિદ્યમાન–હૈયાત છે, તેથી સિદ્ધોની ગતિમાં રૂકાવટ–રોકાણ નહિ થાય.

ધર્મ દ્રવ્ય અને અધર્મદ્રવ્યને આકાશથી ભિન્ન માની લેવાથી લોકાકાશથી ઉપર અલોકાકાશમાં ગતિનું કારણ ધર્મદ્રવ્ય નથી, તેથી લોકાકાશથી આગળ ગતિ પણ થતી નથી, તથા સ્થિતિનું કારણ અધર્મદ્રવ્ય લોકના અન્તર્ગતજ (અંદરજ) છે, તેથી ધર્મદ્રવ્યની સહાયતાથી સિદ્ધ લોકના અંત સુધી પહોંચીને અધર્મદ્રવ્યની

तुम्बीवदिति मर्यादा सुतरामुपपद्यते । उक्तं चौपपातिकसूत्रे-

"कहिं पडिहया सिद्धा, कहिं सिद्धा पइट्ठिया ।
कहिं बोंदिं चइत्ता णं, कत्थ गंतूण सिज्झइ ॥ १ ॥
अलोगे पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।
इह बोंदिं चइत्ता णं, तत्थ गंतूण सिज्झइ ॥२॥" इति ।

छाया—

"कुत्र प्रतिहताः सिद्धाः, कुत्र सिद्धाः प्रतिष्ठिताः ।
कुत्र बोन्दिं (शरीरं) त्यक्त्वा, कुत्र गत्वा सिद्ध्यति ॥१॥
अलोके प्रतिहताः सिद्धाः, लोकाग्रे च प्रतिष्ठिताः ।
इह बोंदिं (शरीरं) त्यक्त्वा, तत्र गत्वा सिद्ध्यति॥ २ ॥ इति

अन्तर्गत ही ठहर जाता है। इस प्रकार जलके अग्रभाग पर ठहरे हुए तुंबे के समान सिद्ध भगवान् लोकाकाश के अग्रभाग पर स्थित है, यह मर्यादा स्वतः सिद्ध हो जाती है।

औपपातिकसूत्र में कहा है—

"सिद्ध भगवान् कहाँ रुकजाते हैं ? कहाँ स्थित होते हैं ?। कहाँ शरीर का त्याग करके कहाँ जाकर सिद्ध होते हैं ? ॥१॥

सिद्ध भगवान् अलोक में रुक जाते हैं, लोकके अग्रभाग में स्थित होते हैं। यहाँ शरीर का त्याग करके वहाँ जाकर सिद्ध हो जाते हैं ॥२॥"

સહાયતાથી ત્યાં જ અર્થાત્ લોકાકાશના અંદરજ થોભી જાય છે. તાત્પર્ય એ છે કે જલના અગ્રભાગ ઉપર સ્થિત રહેલા તુંબડાની પેઠે સિદ્ધ ભગવાન લોકાકાશના અગ્રભાગ ઉપર સ્થિત છે. આ મર્યાદા સ્વતઃ સિદ્ધ થઈ જાય છે. ઔપપાતિક સૂત્રમાં પણ કહ્યું છે—

" સિદ્ધ ભગવાન કયાં રોકાઈ જાય છે ? કયાં સ્થિત થાય છે ? કયાં શરીરનો ત્યાગ કરીને, કયાં જઈને સિદ્ધ થાય છે ? ॥ ૧ ॥

સિદ્ધ ભગવાન અલોકમાં રોકાઈ જાય છે, લોકના અગ્રભાગમાં સ્થિત થાય છે, અહિં શરીરનો ત્યાગ કરીને ત્યાં જઈને સિદ્ધ થઈ જાય છે. ॥ ૨ ॥ "

नन्वेवं धर्माधर्मद्रव्ये एव समाद्रियेताम्, किमाकाशद्रव्यावलम्बनेन, आकाश-कार्यावगाहसाहाय्यं धर्माधर्मद्रव्याभ्यामेव संपद्येत ?, इति चेत्, उच्यते–सिद्धान्ते तयोर्जीवादिगतिस्थितिसाधकत्वेन सिद्धान्तितत्वादवकाशं दातुं तौ न प्रभवतः। अन्यसाध्यं कार्यमन्यो न साधयति, अन्यथाऽतिप्रसंगात्। लोकेऽपि चक्षुस्साध्यं दर्शनकार्यं न श्रोत्रं साधयति।

ननु केवलज्ञानस्य योऽनन्ततमो भागस्तत्प्रमाणमेव नभोद्रव्यम्, तस्य चानन्ततमभागपरिमितं लोकाकाशम्, एतादृशेऽल्पतमरूपे लोकाकाशे लोकाकाश-

---

शङ्का–यदि ऐसा हो तो धर्मद्रव्य और अधर्मद्रव्य ही स्वीकार करलेने चाहिये, फिर आकाश की क्या आवश्यकता है ? आकाश का कार्य अवगाह देना है सो वह कार्य धर्मद्रव्य और अधर्मद्रव्य से ही सम्पन्न हो जायगा।

समाधान–आगम में धर्मद्रव्य और अधर्मद्रव्य को गति और स्थिति में ही सहायक बतलाया है, इस लिए वह अवकाश देने में समर्थ नहीं है, और का कार्य कोई और नहीं कर सकता। अगर ऐसा होने लगे तो सर्वत्र गडबड हो जायगा। लोक में चक्षुका देखना कार्य कान नहीं कर सकता।

शङ्का–केवल ज्ञान का जो अनन्तवाँ भाग है उसी के बराबर आकाशद्रव्य है, और आकाश-द्रव्य का भी अनन्तवाँ भाग लोकाकाश है तो इतने छोटे से लोकाकाश में समस्त लोकव्यापी और असंख्यात प्रदेशवाले धर्मद्रव्य का, अधर्मद्रव्य का, अनन्तानन्त जीवों का

શંકા—જો એ પ્રમાણે છે તો ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યનો સ્વીકાર કરી લેવો જોઇએ, ફરીને આકાશની શું આવશ્યકતા છે? આકાશનું કાર્ય અવગાહ–અવકાશ આપવો તે છે, તે કાર્ય ધર્મદ્રવ્ય અને અધર્મ દ્રવ્યથી જ સંપન્ન થઈ જશે.

સમાધાન—આગમમાં ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યને ગતિ અને સ્થિતિમાં સહાયક બતાવ્યા છે, એટલા માટે તે અવકાશ આપવામાં સમર્થ નથી. બીજાનું કાર્ય કોઇ બીજો નહિ કરી શકે, જો એમ થવા લાગશે તો સર્વત્ર ગડબડ થઈ જશે. જગતમાં નેત્રથી જોવાનું કાર્ય કાન કરી શકતા નથી.

શંકા—કેવલજ્ઞાનનો જે અનંતમો ભાગ છે તેના બરાબર આકાશદ્રવ્ય છે, અને આકાશદ્રવ્યનો પણ અનંતમો ભાગ લોકાકાશ છે, તો એવડા નાના સરખા લોકાકાશમાં સમસ્ત લોકવ્યાપી અને અસંખ્યાત પ્રદેશવાળા ધર્મદ્રવ્યનો, અધર્મ-

व्यापिनोः प्रत्येकमसंख्यातप्रदेशात्मकयोर्धर्माधर्मास्तिकाययोरनन्तजीवानां तेभ्योऽप्यनन्तगुणपुद्गलानां च कथं समावेशः, एकस्य लोकाकाशस्य सर्वद्रव्यावकाशदानासंभवात्?, इति चेदुच्यते—

लोकाकाशस्यावकाशशक्तिर्हि महीयसी विलक्षणा चिन्तयितुमशक्या च, अत एव भगवता–"भायणं सव्वदव्वाणं नहं ओगाहलक्खणं" इत्युक्तम्।

नभसोऽवकाशशक्तिं केवलालोकेनावलोक्य सर्वद्रव्याणामाधारत्वं भगवता प्रतिबोधितम्। महीयसी नभसोऽवकाशशक्तिः, सुकरोऽत्र सर्वद्रव्याणां समावेश इति तदाशयः।

यथा–बतासानामधेयं मधुरद्रव्यं दुग्धपरिपूरितेऽपि भाजने निहितं सत्

और उन से भी अनन्तगुने पुद्गलोंका समावेश किस प्रकार हो सकता है? एक लोकाकाश समस्त द्रव्यों को अवगाह दे सके, यह असम्भव है।

समाधान–लोकाकाश को अवकाश देने की शक्ति महान् है, विलक्षण है, और अचिन्त्य है, इसीलिये तो भगवान् ने कहा है–"**भायणं सव्वदव्वाणं नहं ओगाहलक्खणं**" अवगाहलक्षण वाला आकाश सब द्रव्यों का आधार है।

भगवान् ने अपने केवलज्ञान में आकाश की अवगाहदानशक्ति को देखकर उसे सब द्रव्यों का आधार निरूपण किया है। भगवान् के कथन का अभिप्राय यही है कि आकाश की अवगाहनाशक्ति बहुत बडी है, उस में सब द्रव्यों का समावेश सरलता से हो जाता है।

जैसे–दूध से परिपूर्ण पात्र में बतासे डाल दिये जायँ तो वे उसी में समाविष्ट हो

દ્રવ્યનો, અનન્તાનન્ત જીવોનો અને તેનાથી પણ અનન્તગણા પુદ્ગલોનો સમાવેશ કેવી રીતે થઈ શકે? એક લોકાકાશ સમસ્ત દ્રવ્યોનો અવગાહ–અવકાશ આપી શકે, એ અસંભવ છે.

સમાધાન—લોકાકાશની અવકાશ આપવાની શક્તિ મહાન છે, વિલક્ષણ છે અને અચિન્ત્ય છે એટલા માટે ભગવાને કહ્યું છે—"**भायणं सव्वदव्वाणं नहं ओगाहलक्खणं**" અવગાહલક્ષણવાળા આકાશ સર્વ દ્રવ્યોનો આધાર છે. ભગવાને પોતાના કેવલ જ્ઞાનમાં આકાશની અવગાહદાન–અવકાશ આપનારી–શક્તિ જોઈને તેને 'સર્વ દ્રવ્યનો આધાર છે' એમ નિરૂપણ કર્યું છે. ભગવાનના વચનનો અભિપ્રાય એ છે કે–આકાશની અવગાહનશક્તિ બહુ જ મોટી છે, અને તેમાં સર્વ દ્રવ્યોનો સમાવેશ સરલતાથી થઈ જાય છે.

જેવી રીતે દૂધના પરિપૂર્ણ પાત્રમાં પતાસાં નાખવામાં આવે તો તે તેમાં

तस्मिन् समाविशति। यथा वा भित्तौ शङ्कोः समावेशस्तथैवानन्तद्रव्याणां लोकाकाशे समावेश इति बोध्यम्।

नन्वलोकाकाशस्य कथं सिद्धिः, नासौ हि द्रव्याणामाधारः, नाप्यवकाशदायित्वं तस्य?, इति चेत्, उच्यते–गतिस्थितिकारणयोधर्माधर्मयोरभावादेव तत्र विद्यमानापि द्रव्याधारताशक्तिरवकाशदानशक्तिश्च नाभिव्यक्ता भवति। तदस्वीकारे तु जीवद्गलानां कर्मनिगडविमुक्तसिद्धानां चोर्ध्वगतिविरामो न स्यात्, भगवत्प्रतिबोधितलोकालोकव्यवस्थाऽपि न तिष्ठेत्, एवं चागमयुक्तिप्रमाणाभ्यामलोकाकाशं सिद्धम्।

जाते हैं, अथवा जैसे दीवाल में कील का समावेश हो जाता है उसी प्रकार लोकाकाश में अनन्त द्रव्यों का समावेश हो जाता है।

शङ्का– अलोकाकाश की सिद्धि कैसे होती है? न तो वह द्रव्यों का आधार है, न अवकाशदानरूप लक्षण ही उस में घटित होता है?

समाधान––गति और स्थिति के कारण धर्म और अधर्मद्रव्य का अभाव होने के कारण ही अलोकाकाशकी द्रव्याधारता की शक्ति और अवकाशदानशक्ति प्रकट नहीं होती है। अगर अलोकाकाश न माना जाय तो जीवों और पुद्गलों की, तथा धर्मरूपी बेडी से मुक्त हुए सिद्ध जीवों की गति का अन्त ही न होगा, और भगवान् की कही हुई लोक अलोक की व्यवस्था भी कायम नहीं रहेगी। इस प्रकार आगम और युक्ति प्रमाणों से अलोकाकाश की सिद्धि होती है।

(દ્રવ્યમાં) સમાવિષ્ટ–ઓતપ્રોત થઈ જાય છે, અથવા જેવી રીતે દીવાલમાં કીલ–ખીલીનો સમાવેશ થઈ જાય છે, તે પ્રમાણે લોકાકાશમાં અનન્ત દ્રવ્યોનો સમાવેશ થઈ જાય છે.

શંકા—અલોકાકાશની સિદ્ધિ કેવી રીતે હોઈ શકે? તે દ્રવ્યોનો આધાર નથી અને અવકાશદાનરૂપ લક્ષણ તેનામાં ઘટી શકતું નથી.

સમાધાન—ગતિ અને સ્થિતિના કારણ ધર્મ અને અધર્મ દ્રવ્યનો અભાવ હોવાના કારણે જ અલોકાકાશની દ્રવ્યાધારતાની શકિત અને અવકાશદાન–શકિત પ્રગટ થતી નથી. અથવા અલોકાકાશ માનવામાં નહિ આવે તો જીવો અને પુદ્ગલોની, તથા કર્મરૂપી બેડીથી મુકત થયેલા સિદ્ધ જીવોની ગતિનો કયાંય અન્ત–છેડો જ નહિ આવે, અને ભગવાને કહેલી લોક–અલોકની વ્યવસ્થા પણ કાયમ નહિ રહે. એ પ્રમાણે આગમ અને યુકિત પ્રમાણોથી અલોકાકાશની સિદ્ધિ થાય છે,

अन्यसकलद्रव्यापेक्षया महत्परिमाणमाकाशस्य, अनन्तप्रदेशित्वात् । तेनाकाशं महास्कन्धरूपम् ।

आकाशास्तिकायस्य (१)-अरूपित्वम्, (२)-अचेतनत्वम्, (३)–अक्रियत्वम्, (४)–अवगाहदायित्वं चेति गुणाः । (१)–स्कन्धः, (२)–देशः, (३)–प्रदेशः, (४)–अगुरुलघुत्वं चेति पर्यायाः ।

अयं द्रव्य–क्षेत्र–काल–भाव–गुण–भेदेन पञ्चधा ज्ञायते, यथा–द्रव्यत एक आकाशास्तिकायः, क्षेत्रतो लोकालोकप्रमाणः, कालतं आद्यन्तरहितः, भावतो रूपरहितः–वर्ण-गन्ध–रस–स्पर्शवर्जित इति । गुणतोऽवकाशदायी ।

आकाश का प्रमाण अन्य सब द्रव्यों की अपेक्षा बडा है, क्योंकि वह अनन्तप्रदेशी है, अतः आकाश महास्कन्धरूप है ।

(१) अरूपित्व, (२) अचेतनत्व, (३) अक्रियत्व, (४) अवगाहदायित्व, ये आकाशास्तिकाय के गुण हैं। (१) स्कन्ध (२) देश (३) प्रदेश तथा (४) अगुरुलघुत्व, उसके पर्याय हैं ।

द्रव्य, क्षेत्र, काल, भाव और गुणके भेदसे आकाश द्रव्य पाँच प्रकार से जाना जाता है । जैसे द्रव्य से आकाशास्तिकाय एक है, क्षेत्र से लोकालोकप्रमाण है, काल से आदि–अन्त रहित है–भावसे अरूपी है, उस में वर्ण, गन्ध, रस और स्पर्श नहीं पाये जाते । गुणसे अवकाश देने वाला है ।

આકાશનું પરિમાણ બીજાં સર્વ દ્રવ્યોની અપેક્ષાએ મોટું છે, કેમકે તે અનન્તપ્રદેશી છે. એટલે કે આકાશ મહાસ્કંધરૂપ છે.

(૧) અરૂપિત્વ (૨) અચેતનત્વ (૩) અક્રિયત્વ (૪) અવગાહદાયિત્વ, એ આકાશાસ્તિકાયના ગુણ છે, અને (૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ, તથા અગુરુ-લઘુત્વ, તેના પર્યાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણના ભેદથી આકાશ દ્રવ્ય પાંચ પ્રકારથી જાણી શકાય છે. જેમકે—દ્રવ્યથી આકાશાસ્તિકાય એક છે, ક્ષેત્રથી લોકાલોકપ્રમાણ છે, કાલથી આદિ–અન્તરહિત છે, ભાવથી અરૂપી છે–તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી, ગુણથી અવકાશ આપવાવાળું છે.

कालनिरूपणम्—

तत्र कालशब्दस्य व्युत्पत्तिः—

कल्यते=परिच्छिद्यते वस्त्वनेनेति कालः। करणे घञ्। 'मासिकोऽयं बालः, वार्षिकोऽयं बालः, वासन्तिकमिदं पुष्पम्' इत्यादिरूपेण वस्तूनां परिच्छेदो=निर्णयः कालमाश्रित्य भवति।

अथवा स्वभावतः परिणमद्भिः पदार्थजातैः, कल्यते=गम्यते=प्राप्यते निमित्तत्वेनाऽसौ, इति कालः। सकलवस्तुपरिणतिहेतुः काल इत्यग्रे वक्ष्यते।

कालनिरूपण—

काल शब्द की व्युत्पत्ति—

जिस के द्वारा वस्तु कली जाय अर्थात् जानी जाय वह काल है। यहाँ करणमें 'घञ्' प्रत्यय हुआ है। यह बालक मासिक (एक मासका) है, यह बालक वार्षिक (वर्ष भरका) है, यह फूल वासंतिक (वसन्तऋतुसम्बन्धी है, इस रूपमें वस्तुओं का ज्ञान काल के द्वारा ही होता है।

अथवा स्वभावसे परिणत होने वाले पदार्थ समूहों द्वारा निमित्त रूपमें जो प्राप्त किया जाय वह काल कहलाता है। 'काल, समस्त वस्तुओं के परिणमन का हेतु है यह बात आगे बतलाई जायगी।

કાલનિરૂપણ—

કાલ શબ્દની વ્યુત્પત્તિ—

જેના દ્વારા વસ્તુ જાણી શકાય તે કાલ છે. અહિં કરણમાં 'ઘઞ્' પ્રત્યય થયો છે "આ બાલક માસિક–એક માસનો છે, આ બાલક વાર્ષિક–એક વર્ષનો છે, આ ફૂલ વાસંતિક–વસંતઋતુસંબંધી છે" એ રૂપમાં વસ્તુઓનું જ્ઞાન કાલ દ્વારા જ થાય છે.

અથવા સ્વભાવથી પરિણત થવાવાળા પદાર્થસમૂહો દ્વારા નિમિત્તરૂપમાં જે પ્રાપ્ત કરી શકાય તે કાલ કહેવાય છે. "કાલ સમસ્ત વસ્તુઓના પરિણમનનું કારણ છે" એ આગળ બતાવવામાં આવશે.

कालस्य सिद्धिः—

'पदार्थाः सन्ति, अथवा पदार्था वर्तन्ते' इति व्यवहारो वर्तनामूलः। "अनुदात्तेतश्च हलादे"–रिति पाणिनिसूत्रेण वृतधातोर्युच्प्रत्ययः। वर्तनशीला वर्तना। उत्पत्तिः, अप्रच्युतिः, विद्यमानताख्या वृत्तिः=क्रिया वर्तना। इयं वर्तना सर्वेषु भावेषु विद्यते। वर्तना=पदार्थानां परिणामविशेषः। पदार्थानां वर्तनारूपं कार्यं नोपपद्यते विना केनचिन्निमित्तकारणेन, तस्माद् वर्तनारूपकार्योत्पत्तौ यन्निमित्तं धर्मद्रव्यमिव गतौ, स एव काल इत्युच्यते।

काल की सिद्धि—

'पदार्थ है, या पदार्थ वर्त रहे हैं' इस प्रकार के व्यवहार का कारण वर्तना है। **'अनुदात्तेतश्च हलादेः'** पाणिनि के इस सूत्र से **'वृतु'** धातु से **'युच्'** प्रत्यय हुआ है। वर्तनशील हो उसे वर्तना कहते हैं। उत्पत्ति, अप्रच्युति, और विद्यमानतारूप वृत्ति अर्थात् क्रिया वर्तना कहलाती है। यह वर्तना सभी पदार्थों में विद्यमान है। वह पदार्थों का विशेष परिणाम है। पदार्थों का वर्तनारूप कार्य किसी निमित्त कारण विना नहीं हो सकता अतः वर्तनारूप कार्यकी उत्पत्ति में जो निमित्त कारण है, वही काल–द्रव्य है, जैसे गति का निमित्त कारण धर्म द्रव्य है।

કાલની સિદ્ધિ—

'પદાર્થ છે અથવા પદાર્થ વર્ત્ત રહેલ છે' એ પ્રકારના વ્યવહારનું કારણ વર્ત્તના છે 'अनुदात्तेतश्च हलादेः' પાણિનિના આ સૂત્રથી 'वृतु' ધાતુથી 'युच्' પ્રત્યય થયેા છે. જે વર્તનશીલ હેાય તેને વર્ત્તના કહે છે. ઉત્પત્તિ, અપ્રચ્યુતિ, અને વિદ્યમાનતારૂપ વૃત્તિ, અર્થાત્ ક્રિયા વર્તના કહેવાય છે. વર્તના સર્વ પદાર્થોમાં વિદ્યમાન છે. તે, પદાર્થોનું વિશેષ પરિણામ છે. પદાર્થોનું વર્તનારૂપ કાર્ય કેાઈ નિમિત્ત કારણ વિના થઈ શકતું નથી. તેથી વર્તનારૂપ કાર્યની ઉત્પત્તિમાં જે નિમિત્ત કારણ છે તે કાલ દ્રવ્ય છે. જેવી રીતે ગતિનું નિમિત્ત કારણ ધર્મ–દ્રવ્ય છે.

कालस्य लक्षणम्—

स्वभावतो विद्यमानानां पदार्थानां या विद्यमानताख्या वर्तना, तां प्रति सहकारिकारणत्वं कालस्य लक्षणम् ।

अनेनैवाशयेन भगवताऽप्युक्तम्–"वट्टणालक्खणो कालो" इति, वर्तनालक्षणः कालः, इति च्छाया। वर्तना, लक्षणं=कार्यत्वेन प्रत्यायकं, यस्य स वर्तनालक्षणः, वर्तनाकार्यानुमेयः काल इत्यर्थः। अत्र वर्तनेत्युपलक्षणं परिणामक्रिया-परत्वापरत्वादीनाम् ।

परिणामो हि वस्तूनां नोपपद्यते कारणं नियामकमन्तरेण, अन्यथा नियामकहेत्वभावे सर्वे भावा युगपदुत्पद्येरन् । किञ्च–कारणमन्तरेणापि कार्योत्पत्तिः

काल का लक्षण—

स्वभाव से विद्यमान पदार्थों की विद्यमानतारूप जो वर्तना है उस में सहकारी कारण होना काल का लक्षण है, इसी अभिप्राय से भगवान्ने भी कहा है–"वट्टणालक्खणो कालो" "काल वर्तनालक्षण वाला है।" वर्तना है लक्षण अर्थात् ज्ञापक जिस का, अर्थात् वर्तनारूप कार्य से जिसका अनुमान होता है उसे काल कहते हैं। वहाँ वर्तना उपलक्षण है उससे परिणाम, क्रिया, परत्व, (पहलापन), और अपरत्व (पीछापन) का भी ग्रहण हो जाता है।

नियामक कारणके अभाव में पदार्थों का परिणमन नहीं हो सकता, अगर ऐसा न माना जाय तो सभी पदार्थों की एक साथ ही उत्पत्ति होने लगेगी। तथा कारण के विना भी

કાલનું લક્ષણ–

સ્વભાવથી વિદ્યમાન પદાર્થોની વિદ્યમાનતારૂપ જે વર્ત્તના છે, તેમાં સહકારી કારણ થવું તે કાલનું લક્ષણ છે. આ અભિપ્રાયથી ભગવાને પણ કહ્યું છે—

"वट्टणालक्खणो कालो" કાલ વર્ત્તનાલક્ષણ વાળો છે વર્ત્તના છે લક્ષણ અર્થાત્ જ્ઞાપક જેનું, અર્થાત્ વર્ત્તનારૂપ કાર્યથી જેનું અનુમાન થાય છે. તેને કાલ કહે છે. વર્ત્તના ઉપલક્ષણ છે તેથી પરિણામ, ક્રિયા, પરત્વ (પહેલાપણું) અને અપરત્વ (પાછાપણું)નું ગ્રહણ થઈ જાય છે.

નિયામક કારણના અભાવમાં પદાર્થનું પરિણમન થતું નથી. જો એવું માનવામાં ન આવે તો સર્વ પદાર્થોની એક સાથે જ ઉત્પત્તિ થઈ જશે, તથા કારણ વિના પણ

प्रसज्येत, अपराधीनत्वात् परिणामानाम् , अतः परिणामाः प्रतिनियतकालभाविनः, तेषामनेकशक्तियुक्तमेकं कारणं कालाख्यमित्यवश्यमङ्गीकरणीयम् ।

तास्ताश्च शक्तयः स्वस्वकार्यकरणाय कालविशेष एव प्रवर्तन्ते, न सर्वदा, तादृशस्वभाववत्त्वात् । यथा–अङ्कुररूपेण परिणतस्य वनस्पतेर्मूल–काण्ड–त्वक्–पत्र-स्कन्ध-शाखा-विटप-पुष्प-फलरूपाः परिणामा न युगपद् भवन्ति । आसीदङ्कुरः, संप्रति स्कन्धवान् , एषमः पुष्पिष्यति' इति व्यवहारात् । यथा वा पुरुषस्य बाल-कुमार-युव-मध्यमाद्यवस्थारूपाः, नव-पुराण प्रनष्टरूपाश्च परिणामा न युगपद् भवन्ति,

---

कार्य की उत्पत्ति का प्रसङ्ग उपस्थित होगा, क्योंकि परिणाम किसी कारण पर निर्भर तो होंगे नहीं, विना कारण ही होंगे, लेकिन ऐसा नहीं होता, परिणाम नियत समय पर ही होते हैं, अतः अनेक शक्तियों से युक्त एक काल नामक कारण अङ्गीकार करना चाहिए ।

वह अनेक शक्तियाँ अपना अपना कार्य करने के लिये किसी विशेष काल में ही उद्यत होती है, सर्वदा नहीं, क्योंकि उन का स्वभाव ही ऐसा है, जैसे कि–अङ्कररूप से परिणत वनस्पति का मूल, काण्ड, त्वचा, पत्र, स्कन्ध, शाखा, विटप, पुष्प और फल रूप परिणमन एक साथ नहीं होते हैं । पहले अंकुर था, अब स्कन्धवाला हो गया, कुछ दिनों के बाद वह फूलेगा, इस प्रकार का लोकव्यवहार प्रसिद्ध ही है । अथवा–जैसे पुरुष के बाल, कुमार, युवा, मध्यम आदि अवस्था, तथा

કાર્યની ઉત્પત્તિનો પ્રસંગ ઉપસ્થિત થશે. કેમકે પરિણામ કોઇ પર નિર્ભર રહેશે નહિ, વિના કારણે જ થશે, પરન્તુ એવી રીતે હોય નહિ. પરિણામ નિયત સમય પર જ હોય છે, એટલા માટે અનેક શક્તિઓથી યુક્ત એક કાલ નામનું કારણ અંગીકાર કરવું જોઇએ.

તે અનેક શક્તિઓ પોત–પોતાનું કાર્ય કરવા માટે કોઈ વિશેષ કાલમાં જ ઉદ્યત–પ્રકાશિત થાય છે. સર્વદા થતી નથી. કેમકે તેનો સ્વભાવ જ એવો છે, જેમકે—અંકુરરૂપથી પરિણત વનસ્પતિનું મૂળ, કાંડ–કાતળી, છાલ, પત્ર, સ્કંધ, શાખા, વિટપ-ડાળી, પુષ્પ, ફળ-રૂપ પરિણમન એક સાથે થતાં નથી. પ્રથમ અંકુર હતું, પછી સ્કંધવાળું થયું, અને કેટલાક દિવસો પછી તે ફૂલશે, એ પ્રમાણે લોકવ્યવહાર પણ પ્રસિદ્ધ જ છે. અથવા જેવી રીતે પુરુષને બાલ્ય, કુમાર, યુવા, મધ્યમ આદિ અવસ્થા, તથા નવાપણું અને જુનાપણું અને પ્રનષ્ટ–નાશરૂપ પરિણમન એક સાથે થતું નથી, એટલા માટે સમસ્ત પરિણામોનું નિયામક નિમિત્ત

तस्मात्सर्वेषां परिणामानां नियामकं निमित्तकारणं काल इति सिद्धम्। यथा कर्त्तरी वस्त्रकृन्तने निमित्तकारणं तथा द्रव्याणां पर्याये निमित्तकारणं कालः।

क्रिया=द्रव्यपरिणामः। तस्या अपि नियामकं निमित्तकारणं कालः। यथा-'आकाशदेशे-अङ्गुलिरस्ति, आसीत्, भविष्यति च' इत्ययं व्यवहारः कालमवलम्ब्य संपद्यते, कालस्यासत्त्वे त्वतीत एव वर्तमानोऽनागतश्च स्यात्, क्रियानियामकाभावात्, एवमतीतादिविभागाभावे व्यवहारोच्छेदापत्तिः, तस्मात् "अस्ति कालः यमाश्रित्यातीतादिव्यवहाराः सुस्पष्टं प्रसिध्यन्ति" इति, मन्तव्यम्।

नयापन, पुरानापन, और प्रनष्टरूप परिणमन एक साथ नहीं होते हैं, अत एव समस्त परिणामों का नियामक निमित्त कारण काल ही सिद्ध होता है। जैसे कैंची वस्त्र काटने में निमित्त कारण होती है, उसी प्रकार द्रव्यों के परिणमन में काल निमित्त कारण होता है।

क्रिया द्रव्य का परिणामविशेष है। उसका निमित्त कारण भी काल ही है। जैसे 'आकाश में अंगुली है, थी और होगी' इस प्रकार का व्यवहार काल के आश्रित है। काल की सत्ता न मानी जाय तो अतीत ही वर्तमान और अनागत (भविष्य) हो जायगा, क्योंकि क्रिया का कोई नियामक नहीं है। इस प्रकार अतीत आदि कालों का विभाग न रहने से व्यवहार का लोप हो जायगा, अतः "काल अवश्य है, जिस के सहारे अतीत आदि के व्यवहार स्पष्ट रूप से सिद्ध होते हैं" ऐसा मानना ही समुचित है।

કારણ કાલ જ સિદ્ધ થાય છે જેમકે કાતર, વસ્ત્રને કાપવામાં નિમિત્ત કારણ થાય છે, તે પ્રમાણે દ્રવ્યોના પરિણમનમાં કાલ નિમિત્ત કારણ થાય છે.

ક્રિયા એ દ્રવ્યનું પરિણામ વિશેષ છે. તેનું નિમિત્ત કારણ પણ કાલ જ છે. જેમ 'આકાશમાં આંગળી છે, હતી અને હશે' આ પ્રકારનો વ્યવહાર કાલને આશ્રિત છે. કાલની સત્તા ન માનવામાં આવે તો અતીત-ભૂતકાળ જ વર્તમાન અને ભવિષ્ય કાળ થઈ જશે, કેમકે ક્રિયાનો નિયામક કોઈ નથી, આ પ્રમાણે અતીત ભૂતકાળ આદિ કાળોનો વિભાગ નહિ રહેવાથી વ્યવહારનો લોપ થઈ જશે. એટલા માટે "કાલ અવશ્ય છે, જેની સહાયતાથી ભૂતકાળ આદિનો વ્યવહાર સ્પષ્ટરૂપથી સિદ્ધ થાય છે" એમ માનવું તે જ યોગ્ય છે.

प्रतिदिवसमुभयकालिकसकलवस्त्रपात्रादिप्रतिलेखनं, प्रत्यहोरात्रमुभयकालिकमावश्यकं, चतुष्कालिकं स्वाध्यायकरणं मुनीनां कर्तव्यतया भगवतोपदिष्टं, तच्च कालस्यासत्त्वे तद्विभागज्ञानाभावेन यथाकालमनुष्ठातुमशक्यं मुनिभिरिति शास्त्रानर्थक्यमापद्येत ।

भिक्षार्थमकालवर्जनपूर्वककालानुरोधेन निष्क्रमप्रतिक्रमकर्तव्यता भगवत्प्ररूपिता गृहीतप्रव्रज्यानां भिक्षूणां नष्टप्राया स्यात् ।

प्रतिदिन दोनों वक्त समस्त वस्त्र पात्र आदि का प्रतिलेखन करना, प्रत्येक दिन और रात्रि के अन्त में आवश्यक करना, चौकालीन स्वाध्याय करना भगवान्ने मुनियों का कर्तव्य बतलाया है। अगर कालद्रव्य की सत्ता न मानी जाय तो दिन रात आदि के भेद का पता ही नहीं चलेगा और समय पर उक्त सब कार्य नहीं किये जा सकेंगे। ऐसी अवस्था में शास्त्रों का यह उपदेश निरर्थक हो जायगा ।

"अकाल का त्याग कर के समुचित समय पर मुनियों को भिक्षा के लिए जाना और आना चाहिए" भगवान् ने मुनियों का यह कर्तव्य बतलाया है, कालद्रव्य न मानने पर यह सब कर्तव्य, और उनका उपदेश भी नष्टप्राय हो जायगा ।

પ્રતિદિન બન્ને વખત સમસ્ત–તમામ વસ્ત્ર, પાત્ર આદિનું પ્રતિલેખન: કરવું, પ્રત્યેક દિવસ અને રાત્રિના અન્તમાં આવશ્યક કરવું, ચૌકાલીન–ચારેય કાલ સ્વાધ્યાય કરવો. તે ભગવાને મુનિઓનું કર્તવ્ય બતાવ્યું છે. અગર કાલદ્રવ્યની સત્તા નહિ માનો તો દિવસ રાત વગેરે ભેદનો પત્તો મળશે નહિ, અને સમય પર આગળ કહેલાં સર્વ કાર્યો કરી શકાશે નહિ, એવી અવસ્થામાં શાસ્ત્રોનો એ ઉપદેશ નિરર્થક થઈ જશે.

"અકાલનો ત્યાગ કરીને યોગ્ય સમય પર મુનિઓએ ભિક્ષાને માટે જવું–આવવું જોઇએ" ભગવાને મુનિઓનું એ કર્તવ્ય કહ્યું છે. કાલદ્રવ્યને નહિ માનવામાં આવે તો આ સર્વ કર્તવ્ય અને તેમનો ઉપદેશ પણ નષ્ટપ્રાય થઈ જશે.

किञ्च—ग्रीष्मादिषु संयतानामतापनादयो धर्माः भगवदुक्ताः कालसत्त्व एवोपपद्यन्ते। अन्यथा ग्रीष्मादिऋतुज्ञानाभावाद् भगवदुपदिष्टक्रियाहानिः प्रसज्येत।

एवं च वर्तना, परिणामः, क्रियाश्च द्रव्यस्वभावाः कालमाश्रित्य भवन्तीति निरूपितम्।

परापरव्यतिकरज्ञानमपि कालेनैव संपद्यते। विप्रकृष्टः कनिष्ठपर्यायो मुनिः क्षेत्रेण परोऽपि कालेनापरः, संनिकृष्टो ज्येष्ठपर्यायो मुनिः क्षेत्रेणापरोऽपि

इसके अतिरिक्त ग्रीष्म आदि ऋतुओं में साधुओं के लिये भगवान्ने आतापना आदि धर्मोंका उपदेश दिया है, काल के होने पर ही यह उपदेश बन सकता है। काल के अभाव में ग्रीष्म ऋतु का ही ज्ञान नहीं होगा और भगवान् द्वारा उपदिष्ट क्रिया की हानि हो जायगी।

यहां तक यह बतलाया जा चुका कि वर्तना, परिणाम और क्रिया, जो कि द्रव्य के स्वभाव हैं, काल के सहारे ही होते हैं।

परत्व और अपरत्व का मिला–जुला सा ज्ञान भी काल द्वारा ही होता है। दूरवर्ती छोटीदीक्षापर्यायवाला मुनि दूर होने के कारण क्षेत्र से पर होने पर भी (दीक्षा में छोटा होने के कारण) काल से अपर कहलाता है। समीपवर्ती है, मगर ज्येष्ठदीक्षापर्यायवाला मुनि क्षेत्र से अपर होने पर भी काल से पर कहलाता है। यहाँ 'पर' भी 'अपर' हो गया है और 'अपर' भी 'पर' बना गया है।

તે સિવાય ગ્રીષ્મ આદિ ઋતુઓમાં સાધુઓ માટે ભગવાને આતાપના આદિ ધર્મોનો ઉપદેશ આપ્યો છે, કાલ દ્રવ્યને માનવામાં આવે તો જ, અથવા કાલ દ્રવ્ય હોય તો જ એ ઉપદેશ ઘટી શકે છે. કાલના અભાવમાં ગ્રીષ્મ ઋતુનું જ્ઞાન થશે નહિ, અને ભગવાને કહેલી ક્રિયાની હાનિ થઇ જશે.

અહિં સુધી બતાવી ચૂકયા કે વર્ત્તના, પરિણામ અને ક્રિયા, જે કે દ્રવ્યનો સ્વભાવ છે, કાલની સહાયતાથી જ થાય છે.

कर्म समूलमुन्मूल्य घातिकर्माणि क्षपयित्वा त्रयोदशं गुणस्थानमारोहति। त्रयोदशे गुणस्थाने निर्मलकेवलज्ञानं प्राप्नोति। तदनन्तरं पञ्चलघ्वक्षरोच्चारणकालस्थितिकं चतुर्दशगुणस्थानं संप्राप्य निःशेषकर्मनिचयं क्षपयित्वाऽसौ शिवपदं संप्राप्नोति।

। इति जीवस्य शुद्धस्वरूपनिरूपकः शुद्धव्यवहारनयः।

(२) अशुद्धव्यवहारनयः—

अशुद्धव्यवहारनयेन रागद्वेषमिथ्यात्वादयोऽनादिकालतः शत्रुरूपेण जीवे संलग्नाः सन्ति, तस्माज्जीवस्याशुद्धत्वं ज्ञेयम्। अशुद्धत्वेन च प्रतिसमय–

और बारहवें गणस्थान में शेष तीन घाति कर्मों का क्षय करके तेरहवें गुणस्थान में पहुंचता है। इस गुणस्थान में (बारहवें गुणस्थान के अन्तिम समय में) जीव को निर्मल केवलज्ञान प्राप्त होता है। तेरहवें गुणस्थान के बाद पांच ह्रस्व स्वर (अ, इ, उ, ऋ, ऌ) उच्चारण करने में जितना समय लगता है उतने समय तक चौदहवें गुणस्थान में ठहरकर समस्त कर्मों का क्षयकर के मोक्ष प्राप्त कर लेता है।

जीवके शुद्ध स्वरूप को ग्रहण करने वाला यह शुद्ध व्यवहारनय है।

(२) अशुद्ध व्यवहारनय—

अशुद्ध व्यवहारनय से राग–द्वेष और मिथ्यात्व आदि अनादि काल से शत्रुकी तरह जीव के साथ लगे हुए हैं, इसी कारण जीव में अशुद्धता है। इस अशुद्धता के

રાગ–દ્વેષરૂપ મોહનીય કર્મનો સમૂળગો નાશ કરીને અને બારમા ગુણસ્થાનમાં શેષ ત્રણ ઘાતીકર્મોનો ક્ષય કરીને તેરમા ગુણસ્થાનમાં પહોંચે છે. એ ગુણસ્થાનમાં (બારમા ગુણસ્થાનના અંતિમ સમયમાં) જીવને નિર્મલ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેરમા ગુણસ્થાન પછી પાંચ હ્રસ્વ સ્વર–(અ–ઈ–ઉ–ઋ–ૡ) ઉચ્ચારણ કરતાં જેટલો સમય લાગે છે, તેટલો સમય ચૌદમા ગુણસ્થાનમાં થોભીને સમસ્ત કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

જીવના શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરવા વાળો આ શુદ્ધ વ્યવહાર નય છે.

(૨) અશુદ્ધ વ્યવહારનય—

અશુદ્ધ વ્યવહારનયથી રાગ–દ્વેષ અને મિથ્યાત્વ આદિ અનાદિ–કાલથી શત્રુની માફક જીવની સાથે લાગ્યાં છે, એ કારણથી જીવમાં અશુદ્ધતા છે. એ અશુદ્ધતાના

मनन्तानन्तकर्मवर्गणाः सत्तारूपेणावगुण्ठिता भवन्ति। एवं चाशुद्धव्यवहारनयेन जीवस्य कर्तृत्वं सिध्यति।

(३) शुभव्यवहारनयः—

शुभव्यवहारनयेनात्मा शुभपरिणामतो दानशीलतपोभावविनयभक्तिवैयावृत्त्यं, श्रमणनिर्ग्रन्थानां प्रासुकमेषणीयमशनपानखाद्यस्वाद्यवस्त्रकम्बलप्रतिग्रहपादप्रोञ्छन-प्रातिहार्यपीठफलकशय्यासंस्तारकौषधभैषज्यप्रतिलाभरूपं सुपात्रदानं, म्रियमाण–जीवरक्षणरूपमभयदानं, हीनदीननिःसत्त्वजीवानां साहाय्यं, साधर्मिकवात्सल्यं, परहित-चिन्तारूपां मैत्रीं, परदुःखनिवारणेच्छारूपां करुणां, निःस्वार्थपरोपकारादिकां च

कारण प्रतिसमय अनन्तानन्त कर्मवर्गणएँ सत्तारूप से बद्ध होती रहती है। इस प्रकार अशुद्ध व्यवहारनय से जीव को कर्ता समझना जाहिए।

(३) शुभ व्यवहारनय—

शुभ व्यवहारनय से आत्मा शुभपरिणामद्वारा दान, शील, तप, भाव, विनय, भक्ति, वैयावृत्य रूप शुभक्रिया करता है, श्रमण निर्ग्रन्थों को प्रासुक एषणीय–अशन पान खाद्य, स्वाद्य, वस्त्र, कम्बल, पात्र, पादप्रोंच्छन, पडिहारी पीठ, फलक, शय्या, संस्तारक, औषध, भेषज का सुपात्रदान देता है। मरते हुए जीव की रक्षारूप अभयदान देता है, हीन दीन और निर्बल जीवों की सहायता करता है। साधर्मी के प्रति वात्सल्य प्रकट करता है, परहितचिन्तनरूप मैत्री भावना, दूसरों का दुःखनिवारणरूप करुणा

કારણે પ્રતિસમય અનન્તાનન્ત કર્મ વર્ગણાઓ સત્તારૂપથી બદ્ધ થતી રહી છે. આ પ્રમાણે અશુદ્ધ વ્યવહારનયથી જીવને કર્તા સમજવો જોઈએ.

(૩) શુભ વ્યવહારનય—

શુભ વ્યવહારનયથી આત્મા દાન, શીલ, તપ, ભાવ, વિનય, ભક્તિ વૈયાવૃત્ય રૂપ શુભ ક્રિયા કરે છે. શ્રમણનિર્ગ્રન્થોને પ્રાસુક એષણીય–અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, કમ્બલ, પાત્ર, પાદપ્રોછન, પડિહારી–પીઠ, ફલક, શય્યા, સસ્તારક, ઔષધ, ભેષજનું સુપાત્ર દાન આપે છે, મરતા જીવની રક્ષારૂપ અભયદાન આપે છે, હીન દીન અને નિર્બલ જીવોની સહાયતા કરે છે; સાધર્મીના ઉપર વાત્સલ્ય પ્રગટ કરે છે, પરહિતચિન્તનરૂપ મૈત્રીભાવના, બીજાના દુઃખનિવારણરૂપ કરૂણા તથા નિઃસ્વાર્થ

शुभक्रियां करोति, तेन शुभव्यवहारनयेन जीवस्य कर्तृत्वं जायते ।

(४) अशुभव्यवहारनयः—

अशुभव्यवहारनयेन जीवो हास्य–भय–शोक–रत्य–रति–निद्रा–प्राणातिपात-मृषावादा–ऽदत्तादान–मैथुन–परिग्रह–क्रोध–मान–माया–लोभ–राग–द्वेषादिषु प्रवर्तते । विषयसुखारम्भादिरूपामशुभक्रियां च करोति तेनाऽशुभव्यवहारनयतो जीवस्य कर्तृत्वं सिध्यति ।

(५) उपचरितव्यवहारनयः—

उपचरितव्यवहारनयेन जीवो निजमजरामरत्वमनन्तज्ञानदर्शनमव्याबाध-

तथा निःस्वार्थ परोपकार आदिरूप शुभक्रिया करता है, अतः शुभ व्यवहारनय से जीव का कर्तापन सिद्ध होता है ।

(४) अशुभ व्यवहारनय—

अशुभ व्यवहारनय से जीव हास्य, भय, शोक, रति, अरति, निद्रा, प्राणाति पात, मृषावाद, अदत्तादान, मैथुन, परिग्रह, क्रोध, मान, माया, लोभ, राग, द्वेष, आदि अशुभ कार्यों एवं भावों में प्रवृत्त होता है, तथा विषयसुख एवं आरम्भ आदि रूप अशुभ क्रिया करता है, अतः अशुभव्यवहारनय से जीव कर्ता सिद्ध होता है ।

(५) उपचरित व्यवहारनय–

उपचरित व्यवहार नय से जीव अपने अजरता अमरता तथा अनन्त ज्ञान

પરોપકાર આદિરૂપ શુભ ક્રિયા કરે છે, તે કારણથી શુભ વ્યવહારનયથી જીવનું કર્તાપણું સિદ્ધ થાય છે.

(૪) અશુભ વ્યવહારનય—

અશુભ વ્યવહારનયથી જીવ હાસ્ય, ભય, શોક, રતિ, અરતિ, નિદ્રા, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષ આદિ અશુભ કાર્યો એવં ભાવોમાં પ્રવૃત્ત થાય છે, વિષયસુખ એવં આરંભ આદિરૂપ અશુભ ક્રિયા કરે છે, તેથી અશુભ વ્યવહારનયથી જીવ કર્તા સિદ્ધ થાય છે.

(૫) ઉપચરિત વ્યવહારનય—

ઉપચરિત વ્યવહારનયથી જીવ પોતાના અજર અમર તથા અનંતજ્ઞાન, દર્શન

सुखादिरूपं शुद्धस्वरूपं विस्मृत्य पौद्गलिकविभावपरिणामेऽनन्तदुःखजनकेऽनन्तानन्दमनुभवति, मोहवशेन बाह्यवस्तुषु ममत्वभावं करुते। यथा-इदं मम गृहम्, इमे मम पुत्राः, इमा मम दाराः, इमे मम परिवाराः, इदं मम सर्वं धनजनादिकम्"। इत्थं विषरूपं विषयं पीयूषं मन्यमानो विषयकतानो क्षणमात्रसुखजनकान् बहुकालदुःखदान् कामभोगान् भुञ्जानो विषयमृगतृष्णा पुनः पुनर्धावमानो दीर्घाध्वसंसारे क्षणमपि विश्रान्तिं न लभते। ममेति कुर्वन्नयं जीवः पुत्रदारादीनां सुखेन सुखं, दुःखेन दुःखं मन्यमास्तदर्थं व्यर्थमेव शोकमनुभवति, तदर्थं प्राणनाशमपि कर्तुं समुद्यतो भवति। अनात्मीयमपि स्वीयं मन्यमानो नानाविधपापकार्यकरणेन

दर्शक तथा अव्याबाधसुखरूप शुद्ध स्वरूप को भूल कर पौद्गलिक विभाव परिणाम में जो अनन्त दुःखों का जनक है अनन्त आनन्द मानता है। मोह के वशीभूत हो कर बाह्य वस्तुओं में ममत्व धारण करता है, जैसे-"यह मेरा घर है, ये मेरा पुत्र है, यह मेरी पत्नी हैं, ये मेरे कुटुम्बी है, ये सब धन-जन आदि मेरे है"। इस प्रकार के विषरूप विषयों को अमृत मानता हुआ, विषयों में तन्मय हो कर, क्षण भर सुख देने वाले और दीर्घकाल तक दुःख देने वाले काम-भोगों को भोगता हुआ, विषयों की मृगतृष्णा की तरफ वारंवार दौडता हुआ, इस दीर्घमार्गवाले संसार में क्षण भर भी विश्राम नहीं पाता है। मेरे मेरे करता हुआ यह जीव, पुत्र और पत्नी वगैरह के सुख में सुख और दुःख में दुःख मानता हुआ व्यर्थ ही उन के लिये शोक करता है, यहाँ तक की उन के लिए प्राणों का नाश तक करने को उद्यत हो जाता है। यह

તથા અવ્યાબાધ સુખરુપ શુદ્ધ સ્વરૂપ ભૂલી જઈને પૌદ્ગલિક વિભાવ પરિણામમાં કે જે અનંત દુઃખોનો જનક (ઉત્પન્ન કરનાર) છે. તેમાં અનંત આનંદ માને છે, મોહને વશ થઇને બહારની વસ્તુઓમાં મમત્વ ધારણ કરે છે, જેમ કે-"આ ઘર મારૂં છે; આ મારા પુત્ર છે, આ મારી સ્ત્રી છે, આ મારૂં કુટુંબ છે, આ સર્વ ધન-જન વગેરે મારૂં છે" એ પ્રમાણે વિષરૂપ-વિષયોને અમૃતરૂપ માનીને, વિષયોમાં તન્મય થઈને ક્ષણમાત્ર સુખ આપવાવાળા અને લાંબા કાલ સુધી દુઃખ આપવાવાળા ભોગોને ભોગવતો થકો, વિષયોની મૃગતૃષ્ણા તરફ વારંવાર દોડતો થકો આ લાંબા માર્ગવાળા સંસારમાં ક્ષણ માત્ર પણ વિશ્રામ પામતો નથી. મારા-મારા કરતો આ જીવ, પુત્ર અને પત્ની વગેરેના સુખમાં સુખ અને દુઃખમાં-દુઃખ માનતો થકો તેના માટે નકામો શોક કરે છે-ત્યાં સુધી કે તેના માટે પ્રાણોનો નાશ કરવા તૈયાર થઈ જાય છે, આ જીવ પરને પોતાનું સમજીને નાના પ્રકારનાં

स्वात्मानं मलिनीकरोति। एवमुक्तरीत्या कर्मवशेन ममत्वपाशबद्धस्य जीवस्योपचरितव्यवहारनयेन कर्तृत्वमिति।

(६) अनुपचरितव्यवहारनयः—

अनुपचरितव्यवहारनयेन स्वात्मनः प्रत्यक्षरूपेणाऽत्यन्तभिन्नं शरीरमज्ञानवशात् पारिणामिकभावेनात्मप्रदेशैरैक्यभावमापद्यमानमिव स्वात्मनः स्वरूपं मन्यमानस्तत्पुष्टिरक्षणादिहेतोरेकेन्द्रियादिसकलप्राण्युपमर्दनजनकप्रहारम्भमृषावादादत्तादान-मैथुन-परिग्रहादिकानि नानाविधपापकर्माणि जीवः समाचरति। आत्मनः स्वरूपे शरीरे च नितान्तं भिन्नता वर्तते। तथाहि – आत्मा

जीव पर को स्वकीय समझ कर नाना प्रकार के पाप कार्य कर के अपने को मलीन बनाता है। इस प्रकार कर्मवश हो कर ममता के पाशमें जकडा हुआ यह जीव उपचरित व्यवहारनय से कर्ता सिद्ध होता है।

(६) अनुपचरित व्यवहारनय—

अनुपचरित व्यवहारनय से जीव अपनी आत्मा से प्रत्यक्षतः भिन्न शरीर को अज्ञान के वश हो कर पारिणामिक भाव से आत्मप्रदेशोंकी एकता समझ कर, और आत्मा का ऐसा ही स्वरूप मान कर शरीर की पुष्टता और रक्षा आदि के लिए एकेन्द्रिय आदि समस्त प्राणियों की हिंसा करने वाले महारम्भ, मृषावाद, अदत्तादान, मैथुन और परिग्रह आदि नाना प्रकार के पाप कर्मों का आचरण करता है। वस्तुतः आत्मा के स्वरूप में और शरीर में अत्यन्त भिन्नता है, वह इस प्रकार—आत्म चैतन्य

પાપકાર્ય કરીને પોતાને મલીન બનાવે છે. આ પ્રમાણે કર્મને વશ થઈ મમતાના પાશમાં જકડાએલો આ જીવ ઉપચરિત વ્યવહારનયથી કર્તા સિદ્ધ થાય છે.

(૬) અનુપચરિત વ્યવહારનય

અનુપચરિત વ્યવહારનયથી જીવ પોતાના આત્માથી પ્રત્યક્ષ ભિન્ન શરીરને અજ્ઞાનવશ થઈ પારિણામિક ભાવથી આત્મપ્રદેશોની એકતા સમજીને, અને આત્માનું એવું જ સ્વરૂપ માનીને શરીરની પુષ્ટતા અને રક્ષા આદિ માટે એકેન્દ્રિય આદિ તમામ પ્રાણીઓની હિંસા થવાવાળા, મહારંભ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, અને પરિગ્રહ આદિ નાના-અનેક પ્રકારનાં પાપ કર્મોનું આચરણ કરે છે. વસ્તુતઃ આત્માના સ્વરૂપમાં અને શરીરમાં અત્યન્ત ભિન્નતા છે, તે આ પ્રમાણે કેઃ—આત્મા ચૈતન્ય

चैतन्यरूपः, शरीरमिदं जडरूपम् । आत्मा–अरूपो, शरीरमिदं रूपि । आत्मा ज्ञान-दर्शनसुखवीर्यादिरूपः, शरीरं तु निःसत्त्वं विविधव्याधियुक्तम् । आत्मा–नित्यः शाश्वतो ध्रुवरूपश्च, शरीरमिदमनित्यमशाश्वतमध्रुवम् । आत्मा–नितान्तनिर्मलः, शरीरं तु गर्भाशयस्थानतः शुक्रशोणिताख्यकारणतः, नवद्वारतो मलनिःसरणेन च नितान्ता-शुचि, मलभाण्डं च ।

यदर्थमेतादृशानि कर्माणि कुर्वन्ति, तदनन्तवारं लब्धं त्यक्तं च वपुः । ईदृशे नश्वरे शरीरेऽनुरज्य पुनः पुनस्तान्येव पापकर्माणि समाचरन् स्वीयमात्मानं कर्मभाराक्रान्तं करोति । तेन पुनः पुनरनादिदुरन्तसंसारमहागर्ते पतितः स्वा-

---

स्वरूप है, शरीर जड है। आत्मा अरूपी है, शरीर रूपी है । आत्मा ज्ञान दर्शन सुख और वीर्यादिरूप है, शरीर निःसत्व और विविध व्याधियो से युक्त है । आत्मा नित्य है, साश्वत है, ध्रुव है, शरीर अनित्य, अशाश्वत, और अध्रुव है । आत्मा नितान्त निर्मल है, शरीर गर्भाशय में स्थित होने से शुक्र और शोणित से बना हुआ होने के कारण, तथा नौ द्वारों से मल निकलने के कारण अत्यन्त अशुचि है, और मल का पात्र है । जिस शरीर के लिए ऐसे २ उपर्युक्त कर्म किये जाते हैं वह शरीर अनन्त वार पाया है और अनन्त वार छोडा है, लेकिन संसारी जीव इस नश्वर शरीर में अनुराग करके पुनः पुनः वही पापकर्म करता हुआ अपने को कर्म के भार से भारी बनाता है । इस कारण अनादि और दुरन्त संसाररूपी महागर्त में पुनः पुनः पडकर अपना उद्धार करने

સ્વરૂપ છે, શરીર જડ છે. આત્મા અરૂપી છે, શરીર રુપી છે. આત્મા જ્ઞાન, દર્શન, સુખ, અને વીર્યરૂપ છે, શરીર નિસત્વઃ અને વિવિધ વ્યાધિઓથી યુક્ત છે. આત્મા નિત્ય છે, શાશ્વત છે, ધ્રુવ છે, શરીર અનિત્ય આશાશ્વત અને અધ્રુવ છે. આત્મા અત્યંત નિર્મલ છે, શરીરમાં ગર્ભાશયમાં સ્થિત હોવાથી શુક્ર અને શોણિતથી (વીર્ય અને લોહીથી) બનેલું હોવાના કારણે, તથા નવ દ્વારોથી મલ નીકળવાના કારણે અત્યંત અશુચિ–અપવિત્ર છે અને મલનું પાત્ર છે. જે શરીરના માટે એવાં એવાં ઉપર કહેલાં તેવાં કર્મ કરવામાં આવે તે, તે શરીર અનંતવાર પ્રાપ્ત થયું છે અને અનંતવાર છોડી દીધું છે, પરંતુ સંસારી જીવ આ નાશવંત શરીરમાં અનુરાગ પ્રીતિ કરીને ફરી–ફરીને તે પાપકર્મ કરીને પોતાને કર્મના ભારથી ભારે બનાવે છે. એ કારણથી અનાદિ અને દુરંત મુશ્કેલીથી પાર પડે તેવા–સંસારરૂપી મહગર્ત–મોટો ખાડો તેમાં વારંવાર પડીને પોતાનો ઉદ્ધાર કરવામાં અસમર્થ બની જાય છે, પરંતુ

त्मानमुद्धर्त्तुं न शक्नोति । अविज्ञाय च स्वकृतकर्मभारं दुरन्तसंसारमहागर्तपतनं च मुहुर्मुहुस्तादृशान्येव कर्माणि कुर्वन्ति संसारिणः । एवात्मनोऽत्यन्तभिन्नं शरीरमेव स्वस्वरूपं मत्वा तत्पुष्टिरयणाद्यर्थं क्रियमाणया क्रियया जीवस्यानुपचरित-व्यवहारनयेन कर्तृत्वं सिध्यति । उक्तरीत्या षड्विधव्यवहारनयेन जीवस्य कर्तृत्वं विज्ञेयम् ।

जीवस्वरूपे सदृशाऽसदृशविचारः—

ननु–सर्वेषां जीवानां स्वरूपं लक्षणं च सदृशमेव, तर्हि संसारिणो दुःखिनः, सिद्धास्तु सुखिन इति कथम् ? उच्यते—निश्चयनयेन तु सर्वे जीवाः

में असमर्थ बन जाता है, मगर संसारी जीव अपने किये कर्मों के भार को न समझ कर, तथा संसाररूपी महागर्त के पतन को न जानकर फिर–फिर वैसे ही कर्म करने लगते हैं। इस प्रकार आत्मा से भिन्न शरीर को ही अपना स्वरूप समझ कर उसके पोषण और रक्षणके लिए की जानेवली क्रियासे जीव अनुपचरित व्यवहारनयकी अपेक्षा कर्ता सिद्ध होता है। इस तरह पूर्वोक्त प्रकार से छह तरह के व्यवहारनय से जीवको कर्ता समझना चाहिए।

जीवके स्वरूप में सदृश–विसदृश विचार—

प्रश्न—अगर सब जीवोंका स्वरूप और लक्षण समान ही है। तो संसारी जीव दुःखी और सिद्ध सुखी क्यों हैं।

उत्तर—निश्चय नयसे सभी जीव सिद्धोंके समान ही हैं। उन में से जो जीव

સંસારી જીવ પોતાનાં કરેલાં કર્મોના ભારને સમજતો નથી, તથા સંસારરૂપી મહાગર્તમાં પડયો છે તે તેને જાણતો નથી. તેથી ફરી–ફરી તેવાં કર્મો કરવા લાગે છે. એ પ્રમાણે આત્માથી ભિન્ન શરીરને જ પોતાનું સ્વરૂપ સમજીને તેનાં પોષણ તથા રક્ષણ માટે કરવામાં આવતી ક્રિયાથી જીવ અનુપચરિત વ્યવહાર નયની અપેક્ષાએ કર્ત્તા સિદ્ધ થાય છે. એ પ્રમાણે પૂર્વે કહેલા પ્રકારથી છ પ્રકારના વ્યવહારનયથી જીવને કર્ત્તા સમજવો જોઈએ.

જીવના સ્વરૂપમાં સદશ–વિશદશ વિચાર—

પ્રશ્ન—અગર સર્વ જીવોનું સ્વરૂપ અને લક્ષણ સમાનજ છે તો પછી સંસારી જીવ દુઃખી અને સિદ્ધ સુખી કેમ છે ?

ઉત્તર—નિશ્ચયનયથી સર્વ જીવો સિદ્ધોની સમાન છે. તેમાંથી જે જીવ તમામ

सिद्धसदृशा एव, तत्र ये सकलं कर्म क्षपयन्ति ते सर्वे जीवाः सिद्धा भवंति, तस्मात् सर्वेषामेकैव सत्ता विद्यते। यदि सर्वे सिद्धसदृशास्तर्हि कथमभव्यजीवैः सिद्धगतिभाग्भिर्न भूयते ? इति श्रूयताम्––

अभव्यजीवानामनाद्यनन्तचिक्कणकर्मसंबन्धात्, परावर्तस्वभावाभावाच्च कर्मक्षपणशक्तिर्नास्ति, भव्यानां तु तादृश चिक्कणकर्माभावात्, परावर्तस्वभावाच्च देवगुरुधर्मसामग्रीसत्त्वे ज्ञानादिरत्नत्रयसमाराधनेन, गुणश्रेणिसमारोहणेन च सिद्धपदं लब्धुं शक्यम्।

समस्त कर्मोंका क्षय कर डालते हैं वे सब सिद्ध कहलाते हैं। उनका असली स्वरूप प्रकट हो जाता है। संसारी जीव कर्म के आधीन होने के कारण दुःखी होते हैं। इस प्रकार यद्यपि प्रत्येक जीव की सत्ता पृथक्–पृथक् है, तथापि उन में स्वरूप की समानता है।

प्रश्न–यदि समस्त जीव सिद्धों के समान हैं तो अभव्य जीव सद्गिति क्यों प्राप्त नहीं करते?

उत्तर–सुनिये, अभव्य जीवों में अनादि अनन्त चिकने कर्मों के सम्बन्ध से और अपरिवर्तनशील स्वभाव के कारण कर्मों का क्षय करने की शक्ति नहीं है। भव्य जीवों के वैसे चिकने कर्मों के न होने से, और परावर्त स्वभाव से, देव गुरु और धर्मरूप सामग्रीके मिलने पर ज्ञानादिरत्नत्रय की आराधना करने से, तथा गुणश्रेणी पर आरोहण करने से उनको सिद्धपद प्राप्त करना शक्य है।

કર્મોનો ક્ષય કરી નાંખે છે, તે સર્વ સિદ્ધ કહેવાય છે. તેનું અસલી સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. સંસારી જીવ કર્મને આધીન હોવાના કારણે દુઃખી હોય છે, એ પ્રમાણે જો કે પ્રત્યક્ષ જીવની સત્તા પૃથક્–પૃથક્–જૂદી–જૂદી છે, તો પણ તેનામાં સ્વરૂપની સમાનતા છે.

પ્રશ્ન—જો સર્વ જીવ સિદ્ધોની સમાન છે તો અભવ્ય જીવ સિદ્ધગતિને કેમ પ્રાપ્ત કરી શકતા નથી.

ઉત્તર—સાંભળો, અભવ્ય જીવોમાં અનાદિ–અનંત ચિકણા કર્મોનો સંબંધ હોવાથી અને અપરિવર્તનશીલ સ્વભાવના કારણે કર્મોનો ક્ષય કરવાની શક્તિ નથી; ભવ્ય જીવોને તેવાં ચીકણાં કર્મ ન હોવાથી અને પરાવર્ત સ્વભાવથી દેવ ગુરુ, અને ધર્મરૂપ સામગ્રીના મળવા પર, જ્ઞાનાદિ રત્નત્રયની આરાધના કરવાથી, તથા ગુણ-શ્રેણી પર આરોહણ કરવાથી તેઓને સિદ્ધપદ પ્રાપ્ત કરવું શક્ય છે.

मनुष्यभवं प्राप्य कर्माणि क्षपयित्वा जीवा मोक्षं यान्ति, तदानीमेवाव्यवहारराशिसूक्ष्मनिगोदादकामनिर्जरया निःसृत्याऽन्ये जीवाः विकाशदशां प्राप्नुवन्ति। यदि दश जीवा मुक्तिं गच्छन्ति तदा दश सूक्ष्मनिगोदान्निष्क्रान्ता भवन्ति। कदाचित्ततोऽप्यल्पसंख्यकाः सूक्ष्मनिगोदा बहिरायान्ति तदा तैः सार्धमेको द्वावभव्यजीवौ निःसरतः, किन्तु व्यवहाराशौ जीवानां ह्रासवृद्धी न भवतः। ईदृशा निगोदगोलका असंख्याता लोके सन्ति, इति ग्रन्थान्तरे।

। इत्यवतरणा संपूर्णा।

इत्थं भगवत्प्ररूपितमनुयोगचतुष्टयं प्रदर्शितम्। तत्र चरणकरणानुयोगस्य प्राधान्यात्प्राथम्यमिति च निगदितम्।

मनुष्य भव पाकर कर्मों का क्षय करके जीव मोक्ष जाते हैं, उसी समय अव्यवहारराशि सूक्ष्म निगोद से अकामनिर्जराद्वारा दूसरे जीव निकलकर विकासदशा को प्राप्त करते हैं। अगर दश जीव मोक्ष में जाते हैं तो दश जीव सूक्ष्मनिगोद से बाहर निकल आते हैं। कदाचित् अल्पसंख्यक सूक्ष्म निगोद जीव बाहर निकलते हैं तो उनके साथ एक–दो अभव्य जीव बाहर आ जाते हैं मगर व्यवहार राशि में जीवों की घटती बढती नहीं होती। ऐसे निगोदगोलक लोकमें असंख्यात होते हैं, ऐसा ग्रन्थान्त में कहा है।

इति अवतरणा संपूर्ण—

इस प्रकार भगवान् के द्वारा प्ररूपित चार अनुयोगों का स्वरूप बतलाया गया है। यह कहा जा चुका है कि–चरणकरणानुयोग प्रधान होने के कारण उसका ग्रहण सर्वप्रथम किया गया है।

મનુષ્ય ભવ પામીને, કર્મોનો ક્ષય કરીને જીવ મોક્ષે જાય છે, તે સમયે અવ્યવહાર રાશિ સૂક્ષ્મ-નિગોદથી, અકામ નિર્જરાદ્વારા બીજા જીવો નીકળીને વિકાસદશાને પ્રાપ્ત કરે છે. અગર દસ જીવ મોક્ષમાં જાય છે તો દસ જીવ સૂક્ષ્મ નિગોદથી બહાર નીકળી આવે છે. કદાચિત્ અલ્પસંખ્યક સૂક્ષ્મ નિગોદ-જીવ બહાર નીકળે છે તો, તેની સાથે એક-બે અભવ્ય જીવ બહાર આવી જાય છે. પણ વ્યવહાર રાશિમાં જીવોનું ઘટવું-વધવું થતું નથી. એ પ્રમાણે નિગોદગોલક લોકમાં અસંખ્યાત હોય છે. આ પ્રમાણે ગ્રંથાન્તરમાં કહ્યું છે.

ઇતિ અવતરણા સંપૂર્ણ—

આ પ્રમાણે ભગવાન દ્વારા પ્રરૂપિત ચાર અનુયોગોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. એ કહી આવ્યું છે કે ચરણ-કરણાનુયોગ પ્રધાન હોવાના કારણે તેનું ગ્રહણ સૌથી પ્રથમ કરવામાં આવ્યું છે.

तत्राचाराङ्गस्य द्वादशाङ्गेषु प्राथम्यम्, चरणकरणयोर्मोक्षोपायतयाऽस्याङ्गस्य मोक्षकारणावबोधकतयैतद्बोधितार्थावस्थितस्येतराङ्गाध्ययनयोग्यतालाभाच्च प्राधान्यात्।

किञ्च–एतत्सूत्राध्ययनेन क्षान्त्यादिश्चरणकरणरूपो वा श्रमणानां धर्मः सुविदितो भवति, आचार्यादिपदप्राप्तिकारणभूतानां स्वसमयादिपरिज्ञानादीनां सर्वेषां धर्माणामाचारधारित्वमेव प्रधानमस्ति, तेन प्रत्प्रतिपादकस्यास्यागमस्य प्रथमाङ्गत्वं सिद्धम्।

आचारशब्देन चात्र पञ्चविधो ज्ञानचारादिर्गृह्यते। तत्प्रतिपादकमङ्गमाचाराङ्गम्, अस्येदमादिसूत्रम्—

'सुयं मे' इत्यादि।

બારહ અંગોં મેં આચારાઙ્ગ પહલા અંગ હૈ, ક્યોં કિ ચરણ ઔર કરણ મોક્ષ કે ઉપાય હૈં, અતઃ યહ અઙ્ગ ભી મોક્ષ કા કારણ હૈ, આચારાઙ્ગ સૂત્ર મેં નિરૂપિત અર્થકા અનુષ્ઠાન કરને વાલા દૂસરે અઙ્ગોંકે અધ્યયન કી યોગ્યતા પ્રાપ્ત કરતા હૈ। ઇસ કારણ યહ અઙ્ગ પ્રધાન હૈ।

દૂસરી બાત યહ હૈ કિ–ઇસ અઙ્ગકે અધ્યયન સે ક્ષણા આદિ, અથવા ચરણ–કરણરૂપ શ્રમણધર્મકા સમ્યક્ પ્રકાર સે જ્ઞાન હોતા હૈ। આચાર્ય આદિ પદોં કી પ્રાપ્તિ કે કારણભૂત સ્વસમય કા પરિજ્ઞાન આદિ સમસ્ત ધર્મોં મેં આચારધારિત્વ (સંયમ પાલન) હી પ્રધાન હૈ, અત એવ આચાર કા પ્રતિપાદક આગમ હી પહલા અઙ્ગ હોના ચાહિએ, યહ સિદ્ધ હૈ।

યહાઁ 'આચર' શબ્દ સે જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકાર કા આચાર સમઝના ચાહિએ। ઉસકા પ્રતિપાદન કરને વાલા અઙ્ગ 'આચારાઙ્ગ' કહલાતા હૈ। ઇસ આચારઙ્ગ સૂત્ર કા પહલા સૂત્ર યહ હૈ–

'सुयं मे' इत्यादि।

બાર અંગોમાં અચારાંગ પહેલું અંગ છે, કેમકે ચરણ અને કરણ મોક્ષનો ઉપાય છે, તેથી આ અંગ પણ મોક્ષનું કારણ છે.

આચારાંગ સૂત્રમાં નિરૂપિત અર્થનું અનુષ્ઠાન કરનારા બીજા અંગોનાં અધ્યયનની યોગ્યતા પ્રાપ્ત કરે છે, તે કારણથી આ અંગ પ્રધાન છે.

બીજી વાત એ છે કેઃ–આ અંગના અધ્યયનથી ક્ષમા આદિ, અથવા ચરણ–કરણરુપ શ્રમણ–ધર્મનું સમ્યક્ પ્રકારે જ્ઞાન થાય છે. આચાર્ય આદિ પદોની પ્રાપ્તિના કારણભૂત સ્વસમયનું પરિજ્ઞાન આદિ સમસ્ત ધર્મોમાં આચારધારિત્વ (સંયમપાલન)જ પ્રધાન છે. એ માટે આચારનું પ્રતિપાદન કરનાર આગમ જ પહેલું અંગ હોવું જોઈએ, એ સિદ્ધ છે.

અહિં 'આચાર' શબ્દથી જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકારનો આચાર સમજવો જોઈએ. તેનું પ્રતિપાદન કરવાવાળું અંગ 'આચારાઙ્ગ' કહેવાય છે. આ 'આચારાઙ્ગ' સૂત્રનું પહેલું સૂત્ર આ છે—

'सुयं मे' ઇત્યાદિ.

मूलम्--

सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं, (सू. १)

(छाया)

श्रुतं मया आयुष्मन्! तेन भगवता एवमाख्यातम् (सू. १)

टीका--

'सुयं मे' इत्यादि। आयुष्मन्! हे चिरजीविन्! जम्बूः! 'आयुष्म'-न्नितिपदं शिष्यस्य जम्बूस्वामिनः कोमलवचनामन्त्रणं विनीतताख्यापनार्थम्। किञ्च-तस्याशेषश्रुतज्ञानोपदेशेन-श्रवण-ग्रहण-धारण-रत्नत्रयाराधन - मोक्षसाधन-योग्यताप्राप्त्यर्थमेतद्वचनम्। विनाऽऽयुषा श्रुतश्रवणादिमोक्षपर्यन्तसिद्धिर्न कस्यचित्सं-भवतीति भावः। एतद्वचनप्रभावादेव जम्बूस्वामी मोक्षपदं तस्मिन्नेव जन्मनि प्राप।

मूलार्थ-'सुयं मे' इत्यादि, हे आयुष्मन्! मैंने सुना है। उन भगवान्ने ऐसा कहा है (सू० १)

टीकार्थ-हे आयुष्मन्! अर्थात् हे चिरंजीवी जम्बू!, 'आयुष्मन्' पद अपने शिष्य जम्बू स्वामीका कोमल वचनरूप सम्बोधन है, और विनीतात प्रकट करने के लिए है। अथवा-उनके समस्त श्रुतज्ञान, उपदेश का श्रवण, ग्रहण धारण, रत्नत्रयका आराधन, तथा मोक्षसाधनों की योग्यता की प्राप्ति के लिए इस पद का प्रयोग किया गया है। आयुके अभाव में श्रुतश्रवण से लेकर मोक्ष तक किसीकी भी सिद्धि नहीं हो सकती। इसी वचन के प्रभाव से जम्बू स्वामीमें उसी भव में मोक्ष प्राप्त किया था।

'सुयं मे' ઇત્યાદિ.

મૂલાર્થ—હે આયુષ્મન્! મેં સાંભળ્યું છે,-તે ભગવાને આવું કહ્યું છે (સૂ-૧)

ટીકાર્થ—હે આયુષ્મન્ અર્થાત્ હે ચિરંજીવી જમ્બૂ!, 'આયુષ્મન્' પદ પોતાના શિષ્ય જમ્બૂ સ્વામીનું કોમલ-વચનરૂપ સંબોધન છે, અને વિનીતપણું પ્રગટ કરવા માટે છે. અથવા તેમના સમસ્ત શ્રુતજ્ઞાન, ઉપદેશનું શ્રવણ, ગ્રહણ, ધારણ, રત્નત્રયનું આરાધન તથા મોક્ષસાધનની યોગ્યતાની પ્રાપ્તિ માટે આ પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે, આયુના અભાવમાં શ્રુતના શ્રવણથી લઈને મોક્ષ સુધી કોઈ પણ સિદ્ધ થઈ શકતી નથી આ વચનના પ્રભાવથી જમ્બૂ સ્વામીએ એ ભવમાં મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

श्रुतं=श्रवणविषयीकृतं, मया=साक्षाद् भगवन्मुखात्, न तु परम्परया, यतो गणधराणामनन्तरागमो भवति। 'मया श्रुत'–मित्यनेन गुरुकुले निवसता मयेत्यर्थः सुतरां लभ्यते। गुरुकुलनिवासं विना हि गुरुचरणसरोजस्पर्शपूर्वकाभिवादनं, तन्मुखारविन्दविनिःसृतवचनश्रवणं च नोपपद्यते।

भगवया –भगः=(१) – ज्ञानं=सर्वार्थविषयकम्, (२) – माहात्म्यम्=अनुपममहनीयमहिमसंपन्नत्वम्, (३)–यशः=विविधानुकूलप्रतिकूलपरीषहोपसर्गसहनसमुद्भूता कीर्तिः, यद्वा–जगद्रक्षणप्रज्ञासमुत्था कीर्तिः, (४)–वैराग्यम्=सर्वथा काम-

---

मैंने भगवान् के मुखसे साक्षात् सुना है—परम्परा से नहीं, क्यों कि गणधरों का आगम अनन्तरागम होता है। 'मैंने सुना' इस वाक्य का 'मैंने गुरुकुल में निवास करते हुए सुना' यह अर्थ स्वतः सिद्ध है। गुरुकुल में निवास किये विना गुरु के चरण–कमलोंका स्पर्श करके अभिवादन तथा उनके मुखारविन्द से निकलने वाले वचनों का श्रवण नहीं हो सकता।

'**भगवान्**' शब्द में जो '**भग**' शब्द है उसके अनेक अर्थ होते हैं। वे इस प्रकार है—(१) सम्पूर्ण पदार्थों को जानने वाला **ज्ञान** (२) **महात्म्य** अर्थात् अनुपम और महान् महिमा, (३) **यश** अर्थात् नाना प्रकार के अनुकूल और प्रतिकूल परीषहों और उपसर्गों को सहन करने से फैली हुई कीर्ति, अथवा जगत् की रक्षा (उद्धार) करने की भावना से उत्पन्न हुई कीर्ति, (४) **वैराग्य** अर्थात् कामभोग की

મેં ભગવાનના મુખથી સાક્ષાત્ સાંભળ્યું છે—પરમ્પરાથી નહિ, કેમકે ગણધરોનાં આગમ અનન્તરાગમ-હોય છે. 'મેં સાંભળ્યું' મેં ગુરૂકુલમાં નિવાસ કરતા થકા સાંભળ્યું' આ અર્થ સ્વતઃ સિદ્ધ છે. ગુરૂકુલમાં નિવાસ કર્યા વિના ગુરુના ચરણકમલોનો સ્પર્શ કરીને અભિવાદન નમસ્કાર તથા તેના મુખારવિંદથી નિકલવાવાળાં વચનો શ્રવણ થઈ શકતાં નથી.

'**ભગવાન**' શબ્દમાં જે '**भग**' શબ્દ છે, તેના અનેક અર્થ થાય છે તે આ પ્રમાણે—

(૧) સમ્પૂર્ણ પદાર્થોને જાણવાવાળું **જ્ઞાન**, (૨) **માહાત્મ્ય** અર્થાત્ અનુપમ અને મહાન્ મહિમાથી યુક્ત હોવું, (૩) **યશ**–અર્થાત્ નાના પ્રકારના અનુકૂલ અને પ્રતિકૂલ પરીષહો અને ઉપસર્ગોને સહન કરવાથી ફેલાતી કીર્તિ, અથવા જગતની રક્ષા (ઉદ્ધાર) કરવાની ભાવનાથી ઉત્પન્ન થયેલી કીર્તિ, (૪) **વૈરાગ્ય**–

भोगाभिलाषराहित्यम्, यद्वा-क्रोधादिकषायनिग्रहलक्षणम्, (५)-मुक्तिः=सकलकर्मक्षयलक्षणो मोक्षः, (६)-रूपम्=सकलहृदयहारिसौन्दर्यम्, (७)-वीर्यम्=अन्तरायान्तजन्यमनन्तसामर्थ्यम्, (८)-श्रीः=घातिकर्मपटलविघटनजनितज्ञानदर्शनसुखवीर्यरूपानन्तचतुष्टयलक्ष्मीः। (९)-धर्मः-अपवर्गद्वारकपाटोद्घाटनसाधनश्रुतचारित्रलक्षणः (१०)-ऐश्वर्यम्=लोकत्रयाधिपत्यम्, चास्यास्तीति भगवान्, तेन भगवता=ज्ञानादियुक्तेन, तेन तीर्थङ्करेण, वक्ष्यमाणार्थस्य तीर्थङ्करभाषितत्वात्तच्छब्देनात्र तीर्थङ्करपरामर्शः। उक्तञ्च—

तनिक भी अभिलाषा न होना, अथवा क्रोध आदि कषायोंका निग्रह करना, (५) **मुक्ति** समस्त कर्मोंका क्षय रूप मोक्ष, (३) **रूप**-सब का हृदय हरलेनेवाला अनुपम सौन्दर्य (७) **वीर्य**-अन्तराय कर्मके क्षय से उत्पन्न अनन्तशक्ति, (८) **श्री**-घाति कर्मों के क्षय से उत्पन्न अनन्तज्ञान, दर्शन, सुख और वीर्यरूप अनन्तचतुष्टय लक्ष्मी (९) **धर्म**-मोक्षरूपी द्वार के किवाड उघाडने का साधन श्रुतचारित्ररूप धर्म, (१०) **ऐश्वर्य**-तीन लोक का आधिपत्य। ये दश गुण जिस में विद्यमान हों उसे **'भगवान्'** कहते हैं। ऐसे भगवान्ने कहा है। आगे कहा जाने वाला तत्त्व तीर्थंकरभाषित है, अत एव **'तत्'** शब्द से यहाँ भगवान् तीर्थंकर समझना चाहिए। कहाभी है—

અર્થાત્ કામભોગની જરા પણ અભિલાષા નથવી, અથવી ક્રોધ કષાયોનો નિગ્રહ કરવો, (૫) **મુક્તિ**-સમસ્ત કર્મોના ક્ષયરૂપ મોક્ષ (૬) **રૂપ**-સર્વના હૃદયને હરી લેવાવાળું અનુપમ સૌન્દર્ય, (૭) **વીર્ય**-અન્તરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન અનન્ત શકિત (૮) **શ્રી**-ઘાતિ કર્મોના ક્ષયથી ઉત્પન્ન અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યરૂપ અનંતચતુષ્ટયલક્ષ્મી (૯) **ધર્મ**-મોક્ષરૂપી દ્વારનાં કમાડ ઉઘાડવાનું સાધન શ્રુત-ચારિત્રરૂપ ધર્મ (૧૦) **ઐશ્વર્ય**-ત્રણ લોકનું અધિપતિપણું આ દસ ગુણ જેમાં હોય તેને ભગવાન કહે છે એવા ભગવાને કહ્યું છે.

આગળ કહેવાશે તે તત્ત્વ તીર્થંકરભાષિત છે, એટલા માટે 'तत्' શબ્દથી તીર્થંકર ભગવાનનો અર્થ અહિં સમજવો જોઇએ. કહ્યું પણ છે-

"अत्थं भासइ अरिहा, सुत्तं गंथंति गणहरा णिउणा" इत्यादि।

अर्थं भाषतेऽर्हन् सूत्रं ग्रथ्नन्ति गणधरा निपुणाः, इति च्छाया।

भगवत्तीर्थङ्करोपदिष्टमर्थरूपमागममुपादाय मेधाविनो गणधरा मूलरूपमागमं निबध्नन्तीत्यर्थः।

एवं=वक्ष्यमणरीत्या आख्यातं=कथितं द्वादशविधपरिषत्सु।

भगवत्तीर्थङ्करकथितार्थजातमेव वानुसृत्य वक्ष्यमाणं वाक्यमनुवदिष्यामीति वाक्यार्थः। आगमोक्तार्थस्य काल्पनिकत्वाभावाद् द्रव्यार्थिकनयेनार्थरूपोऽयमागमोऽनादिरिति भावः।

एषा परंपरा=परिपाटी वरीवर्ति सर्वेषां गणधराणां, यद् विनीतैः स्वस्वान्तेवासिभिर्मोक्षमार्गं सविनयं पृष्टा गणधराः "सुयं मे" इतिवाक्यं प्रथमं वदन्ति। उक्तञ्च—

"अर्हन्त भगवन्त अर्थका निरूपण करते हैं। और गणधर उसे भलो-भाँति सूत्र रूप में गूंथते हैं। अर्थात् भगवान् तीर्थंकर के द्वारा उपदिष्ट अर्थरूप आगम के आधार पर कुशल गणधर मूलरूप आगमकी रचना करते हैं।"

उन भगवानने बारह प्रकारकी परिषद् में इस प्रकार कहा है जो आगे इस सूत्र में निरूपण किया जायगा। आगमोक्त अर्थ काल्पनिक नहीं होता, अतः द्रव्यार्थिकनय से अर्थरूप यह आगम अनादि है।

सभी गणधरों की यह परम्परा-परिपाटी है कि-अपने २ विनीत शिष्यों द्वारा विनयपूर्वक मोक्षमार्ग पूछे जाने पर गणधर महाराज पहले-पहल **'सुयं मे'** यह वाक्य बोलते हैं। कहा भी है—

"અર્હન્ત ભગવંત અર્થનું નિરૂપણ કરે છે, અને ગણધર તેને રુડી રીતે સૂત્ર રૂપમાં ગુંથે છે, અર્થાત્ ભગવાન તીર્થંકર દ્વારા ઉપદિષ્ટ-ઉપદેશેલાં અર્થરૂપ આગમના આધાર પર કુશળ ગણધર મૂલરૂપ આગમની રચના કરે છે."

તે ભગવાને બાર પ્રકારની પરિષદ્-સભામાં આ પ્રમાણે કહ્યું છે જે, આગળ આ સૂત્રમાં નિરૂપણ કરવામાં આવશે. આગમોકત-આગમમાં કહેલો અર્થ કાલ્પનિક નથી, તેથી દ્રવ્યાર્થિક નયથી અર્થરૂપ આ આગમ અનાદિ છે.

સર્વ ગણધરોની એ પરંપરા-પરિપાટી છે કેઃ-પોત-પોતાના વિનીત શિષ્યો દ્વારા વિનયપૂર્વક મોક્ષમાર્ગ પૂછવાથી ગણધર મહારાજ પ્રથમ 'सुयं मे' આ વાક્ય બોલે છે. કહ્યું પણ છેઃ—

(द्रुतविलम्बितं छन्दः)

" निपुणशिष्यगणैर्विनयान्वितै,–
विंमलभावयुतैः परिसेवितैः ।
गणधररखिलैः प्रथमं वचः,
खलु 'सुयं म' इति प्रतिभाषितम् " ॥१॥ इति ।

भगवता यदाख्यातं तदाह—'इहमेगेसिं' इत्यादि ।

मूलम्

इहमेगेसिं णो सण्णा भवइ, तंजहा–पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि, दाहिणाओ वा दिशाओ आगओ अहमंसि, पच्चत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि, उत्तराओ वा दिसाओ आगओ अहमंसि, उड्ढाओ वा दिसाओ आगओ अहमंसि, अहोदिसाओ वा आगओ अहमंसि । अण्णयरीओ वा दिसाओ अणुदिसाओ वा आगओ अहमंसि ॥ सू. २ ॥

"विनय से युक्त निपुण शिष्यों द्वारा सेवित, तथा निर्मल भावों वाले सब गणधरों द्वारा अपने२ शिष्यों के प्रति सर्व प्रथम **सुयं मे**' यह वाक्य कहा गया है ॥ १ ॥

भगवानन्ने जो कहा वह कहते हैं—**'इहमेगेसिं'** इत्यादि ।

मूलार्थ—किन्हीं २ (जीवों) को संज्ञा नहीं होती कि–मैं पूर्व दिशा से आया हूँ, या मैं दक्षिण दिशा से आया हूँ, या मैं पश्चिम दिशा से आया हू, अथवा मैं उत्तर दिशा से आया हूँ । अथवा मैं उर्ध्व दिशा से आया हूँ, या अधोदिशासे मैं आया हूँ, अथवा मैं दूसरी किसी दिशा या अनुदिशा (विदिशा) से आया हूँ । ॥ २ ॥

" વિનયથી યુક્ત નિપુણ શિષ્યોએ સેવિત તથા નિર્મલ ભાવોવાળા સર્વ ગણધરો દ્વારા પોતપોતાના શિષ્યો પ્રતિ સર્વ પ્રથમ **'सुयं मे'** એ વાકય કહેવામાં આવ્યું છે " ॥ ૧ ॥

મૂલાર્થ–**'इहमेगेसिं'** ઇત્યાદિ. કોઈ–કોઇ (જીવો)ને સંજ્ઞા નથી હોતી કે હું પૂર્વ દિશામાંથી આવ્યો છું, અથવા હું દક્ષિણ દિશામાંથી આવ્યો છું, અથવા હું પશ્ચિમ દિશામાંથી આવ્યો છું, અથવા હું ઉત્તર દિશામાંથી આવ્યો છું, અથવા હું ઉર્ધ્વ દિશામાથી આવ્યો છું, અથવા હું અધો દિશામાંથી આવ્યો છું, અથવા હું અન્ય–બીજી કોઈ દિશામાંથી અથવા અનુદશા (વિદિશા)માંથી આવ્યો છું. ॥૨॥

छाया—

इह एकेषां नो संज्ञा भवति, तद्यथा-पूर्वस्या वा दिशाया आगतोऽहमस्मि, दक्षिणस्या वा दिशाया आगतोऽहमस्मि, पश्चिमाया वा दिशाया आगतोऽहमस्मि। उत्तरस्या वा दिशाया आगतोऽहमस्मि। ऊर्ध्वाया वा दिशाया आगतोऽहमस्मि, अधोदिशाया वा आगतोऽहमस्मि, अन्यतरस्या वा दिशाया अनुदिशाया वा आगतोऽहमस्मि।

'इहमेगेसिं' इति इह-चतुर्गतिसंसरणरूपे संसारे एकेषां ज्ञानावरणीयकर्मोदयवतां संज्ञिनां जीवानां संज्ञा-स्मृतिरूपो मतिविशेषः नो भवति-न जायते।

अन्यं प्रतिषेधवाचकं शब्दं विहाय 'नो' शब्दोपादानं विशिष्टसंज्ञाप्रतिषेधबोधनार्थम्। 'नो' शब्दः सर्वनिषेधवाची, देशनिषेधवाची च। उक्तञ्च—

"प्रतिषेधयति समस्तं, प्रसक्तमर्थं जगति नो-शब्दः।
स पुनस्तदवयवो वा, तस्मादर्थान्तरं वा स्यात् ॥ १ ॥"

'नो' शब्दः-प्रसंगादागतमर्थं संपूर्णं प्रतिषेधयति, स चार्थः प्रसक्तावयवो वा स्यात् तस्मादन्यो वाऽर्थः स्यात् तमपि प्रतिषेधयतीत्यर्थः।

टीकार्थ—चार गति में भ्रमण करनेरूप संसार में ज्ञानावरण कर्म के उदय वाले कितनेक संज्ञी जीवों को संज्ञा अर्थात् स्मृति नहीं होती।

निषेधवाचक दूसरे शब्द को छोड कर यहाँ 'नो' शब्द का प्रयोग किया गया है सो विशिष्ट संज्ञा का अभाव सूचित करने के लिए समझना चाहिए। 'नो' शब्द सर्वनिषेधवाचक भी है और देशनिषेधवाचक भी है। कहा भी है—

"नो' शब्द प्रसङ्ग में आये हुए सम्पूर्ण अर्थ का निषेध करता है। यह अर्थ चाहे उन का एक अवयव हो या उस से भिन्न अर्थान्तर हो—उस का भी निषेध करता है" ॥१॥

ટીકાર્થ—ચાર ગતિમાં ભ્રમણ કરવા રૂપ સંસારમાં જ્ઞાનાવરણ કર્મના ઉદયવાળા કેટલાક સંજ્ઞી જીવોને સંજ્ઞા અર્થાત્ સ્મૃતિ નથી રહેતી. નિષેધક-વાચક અન્ય શબ્દો ત્યજીને અહિં 'નો' શબ્દનો પ્રયોગ કર્યો છે, તે વિશિષ્ટ સંજ્ઞાનો અભાવ સૂચવવા માટે સમજવો જોઈએ 'નો' શબ્દ સર્વનિષેધવાચક પણ છે અને દેશનિષેધવાચક પણ છે. કહ્યું પણ છે—

"'નો' શબ્દ પ્રસંગમાં આવેલા સંપૂર્ણ અર્થનો નિષેધ કરે છે, તે અર્થ ગમે તે તેનું એક અવયવ હોય અથવા તેનાથી ભિન્ન અર્થાન્તર હોય તેનો પણ નિષેધ કરી દે છે" ॥ ૧ ॥

यया संज्ञयाऽऽत्मनो गत्यागत्यादिकं जीवो जानाति तस्या एव प्रतिषेधो विवक्षितः ।

अथ संज्ञाभेदाः—

संज्ञा च जीवानां बहुविधा । तत्र-दशविधा भगवतीसूत्रे (शतक-७, उद्देश ८) प्रोक्ता—

" कइ णं भंते ! सन्नाओ पन्नत्ताओ ? गोयमा ! दस सन्नाओ पन्नत्ताओ, तंजहा-(१) आहारसन्ना, (२) भयसन्ना, (३) मेहुणसन्ना, (४) परिग्गहसन्ना, (५) कोहसन्ना, (६) माणसन्ना, (७) मायासन्ना, (८) लोभसन्ना, (९) लोगसन्ना, (१०) ओहसन्ना " इति ।

जिस संज्ञा के द्वारा आत्मा की गति और आगति जीव जानता है, यहाँ उसीका निषेध समझना चाहिए ।

संज्ञा के भेद—

जीवों की संज्ञा अनेक प्रकार की होती है । भगवतीसूत्र (श० ६, उ० ८, में दश प्रकार की संज्ञा कही गई है, वह इस प्रकार है;—

प्रश्न—भगवान् ! संज्ञाएँ कितनी कही गई हैं ।

उत्तर—गौतम ! दश संज्ञाएँ कही गई हैं । वे इस प्रकार हैं—(१) आहार-संज्ञा, (२) भय-संज्ञा, (३) मैथुन-संज्ञा, (४) परिग्रह-संज्ञा, (५) क्रोध-संज्ञा (६) मान-संज्ञा, (७) माया-संज्ञा, (८) लोभ-संज्ञा, (९) लोक-संज्ञा और (१०) ओघ-संज्ञा ।

જે સંજ્ઞા દ્વારા આત્માની ગતિ અને આગતિ જીવ જાણે છે. અહિં એનો નિષેધ સમજવો જોઈએ.

સંજ્ઞાના ભેદ—

જીવોની સંજ્ઞા અનેક પ્રકારની હોય છે. ભગવતી સૂત્ર (શ. ૬. ઉ. ૮)માં દસ પ્રકારની સંજ્ઞાઓ કહેવામાં આવી છે. તે આ પ્રમાણે છેઃ—

પ્રશ્ન—ભગવાન ! સંજ્ઞાઓ કેટલી કહી છે ?

ઉત્તર-ગૌતમ ! દસ સંજ્ઞાઓ કહી છે તે આ પ્રમાણે છેઃ—

(૧) આહાર-સંજ્ઞા (૨) ભય-સંજ્ઞા (૩) મૈથુન-સંજ્ઞા, (૪) પરિગ્રહ-સંજ્ઞા. (૫) ક્રોધ-સંજ્ઞા (૬) માન-સંજ્ઞા (૭) માયા-સંજ્ઞા (૮) લોભ-સંજ્ઞા (૯) લોક-સંજ્ઞા અને (૧૦) ઓધ-સંજ્ઞા.

अथवा—संज्ञानं संज्ञा-चेतना, सा चाशातवेदनीयमोहनीयकर्मोदयजन्य-विकारयुक्ता आहारादिसंज्ञादित्वेन व्यपदिश्यते। सा द्विधा-अनुभवनसंज्ञा, ज्ञानसंज्ञा च। तत्रानुभवनसंज्ञा षोडशविधा। तत्र भगवतीसूत्रोक्तदशविधसंज्ञा उपादायाधिकाः षट् संज्ञाः समिलिताः षोडश भवन्ति। तत्र (१) सुखसंज्ञा, (२) दुःखसंज्ञा, (३) मोहसंज्ञा, (४) विचिकित्सासंज्ञा, (५) शोकसंज्ञा, (६) धर्मसंज्ञा चेति षड् अधिका विज्ञेयाः।

(१) आहारसंज्ञा—

(१) क्षुद्वेदनीयोदयात् कवलाद्याहारार्थं तथाविधपुद्गलोपादानक्रिया सम्यग् ज्ञायतेऽनयेत्याहारसंज्ञा। यद्वा—क्षुद्वेदनीयोदयसमुद्भवः आहाराभि-

---

अथवा—संज्ञानं-संज्ञा-चेतना, अर्थात् संज्ञा चेतना को कहते हैं। यह जब अशातावेदनीय और मोहनीय कर्म के उदय से जनित विकारों से युक्त होती है तब वह आहार आदि संज्ञा कहलाने लगती है। वह दो प्रकार की है-(९) अनुभवनसंज्ञा और (२) ज्ञानसंज्ञा। इन में से अनुभवनसंज्ञा सोलह प्रकार की है। भगवतीसूत्रोक्त दश संज्ञाओ में छह संज्ञाएँ मिला देने से सोलह हो जाती हैं। छह संज्ञाएँ ये हैं—(१) सुखसंज्ञा, (२) दुःखसंज्ञा, (३) मोहसंज्ञा, (४) विचिकित्सासंज्ञा, (५) शोकसंज्ञा, और (६) धर्मसंज्ञा।

(१) आहारसंज्ञा

क्षुधावेदनीय के उदय से कवलाहार आदि के लिए योग्य पुद्गलों को ग्रहण करने की क्रिया जिस द्वारा सम्यक् प्रकार से जानी जाय वह आहारसंज्ञा कहलाती है।

અથવા-સંજ્ઞાન એટલે સંજ્ઞા, તે ચેતના, અર્થાત્ ચેતનાને સંજ્ઞા કહે છે તે જ્યારે અસાતાવેદનીય અને મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન વિકારો યુક્ત હોય છે, ત્યારે તે આહાર આદિ સંજ્ઞા કહેવાય છે. તે બે પ્રકારની છે-(૧) અનુભવનસંજ્ઞા અને (૨) જ્ઞાનસંજ્ઞા. તેમાં અનુભવનસંજ્ઞા સોળ પ્રકારની છે, ભગવતીસૂત્રોક્ત દસ સંજ્ઞાઓમાં છ મેળવી દેવાથી સોળ થાય છે, છ સંજ્ઞાઓ આ છેઃ-(૧) સુખસંજ્ઞા, (૨) દુઃખસંજ્ઞા, (૩) મોહસંજ્ઞા, (૪) વિચિકિત્સાસંજ્ઞા, (૫) શોકસંજ્ઞા અને (૬) ધર્મસંજ્ઞા.

(૧) આહારસંજ્ઞા—

ક્ષુધા (ભૂખ) વેદનીયના ઉદયથી કવલાહાર આદિ માટે યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાની ક્રિયા જેના વડે સમ્યક્ પ્રકારથી જાણી શકાય, તે આહારસંજ્ઞા કહેવાય છે.

लाषरूप आत्मनः परिणामविशेषः। अभिलाषश्चात्र-'मदर्थमीदृशं वस्तु पुष्टिकरं, यदीदं लभ्यते तदा मम हितं भविष्यती'-त्येवं विचारानुबद्धः स्वपुष्टितुष्टिकारणीभूतप्रतिनियतवस्तुप्राप्त्यर्थमात्मनः परिणामः। रिक्तोदरत्वाद् भोजनीयवस्तुश्रवण-दर्शन-संचिन्तनैश्चाहारसंज्ञा जायते। आहारादयः संज्ञाः एकेन्द्रियादिपञ्चेन्द्रियपर्यन्तानां सर्वजीवानामासंसारं भवन्ति। जलाद्याहारोपजीवनाद् वनस्पत्यादीनामाहारसंज्ञा विज्ञायते।

अथवा क्षुधावेदनीय कर्म के उदय से उत्पन्न होने वाली आहार की अभिलाषारूप आत्मा की परिणति आहारसंज्ञा कहलाती है। यहां अभिलाषा शब्द से 'इस प्रकार की वस्तु मेरे लिए पुष्टिकर है, यह वस्तु मिले तो मेरा हित होगा' ऐसे विचार से युक्त अपनी पुष्टि और सन्तोष के कारणभूत पदार्थ की प्राप्ति के लिए होने वाला आत्मा का परिणाम ग्रहण करना चाहिए। खाली पेट होने पर भोज्य वस्तु के श्रवण दर्शन और चिन्तन से आहारसंज्ञा उत्पन्न होती है। आहार आदि संज्ञाएं एकेन्द्रिय से लेकर पञ्चेन्द्रियपर्यन्त सभी जीवों को होती हैं, जब तक संसार का अन्त नहीं होता तब तक बनी रहती हैं। जल आदि आहार पर जीवित रहने के कारण वनस्पति आदि एकेन्द्रिय जीवों में भी आहारसंज्ञा का अस्तित्व प्रतीत होता है।

અથવા ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થવા વાળી આહારની અભિલાષા-રૂચિ-ઇચ્છા રૂપ આત્માની પરિણતિ તે આહારસંજ્ઞા કહેવાય છે, અહિં અભિલાષા શબ્દથી 'આ પ્રકારની વસ્તુ મારા માટે પુષ્ટિ કરનારી છે, આ વસ્તુ મળે તો મારૂં હિત થશે' એવા વિચારથી યુક્ત પોતાની પુષ્ટિ અને સંતોષના કારણભૂત પદાર્થની પ્રાપ્તિ માટે વિચાર કરનાર આત્માનું પરિણામ, ગ્રહણ કરવું જોઈએ, ખાલી પેટ હોવાના કારણે ભોજ્ય (ભોજન કરવા યોગ્ય) વસ્તુના શ્રવણ, દર્શન અને ચિન્તનથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. આહાર આદિ સંજ્ઞાઓ એકેન્દ્રિયથી આરંભીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોને હોય છે; અને જ્યાં સુધી સંસારનો અંત થતો નથી ત્યાં સુધી તે સંજ્ઞાઓ રહે છે. જલ વગેરેના આહાર પર જીવિત રહેવાના કારણે વનસ્પતિ આદિ એકેન્દ્રિય જીવોમાં પણ આહારસંજ્ઞાનું અસ્તિત્વ દેખાય છે.

(२) भयसंज्ञा–

(२) सनिमित्तमनिमित्तं वा भयमोहनीयोदयाद् भयोद्भ्रान्तस्य मोहनीयान्तर्गतनोकषायरूपा नयनवदनविकृतरोमाञ्चाविर्भावादिक्रियालक्षणा स्वात्मनः परिणतिर्भयसंज्ञा। हीनबलत्वेन, भयवार्ताश्रवणभीषणदर्शनादिजनितबुद्ध्या, इहलोकादिभयजनकार्थपर्यालोचतेन वा भयसंज्ञा जायते। हस्तस्पर्शादिभीत्या स्वावयवसंकोचनादिना लज्जालुवल्ल्यादीनां भयसंज्ञा विज्ञायते।

(३) मैथुनसंज्ञा–

(३) पुरुषवेदोदयान्मैथुनार्थं वनितालोकनप्रसन्नवदनसंस्तम्भितगात्र-

---

(२) भयसंज्ञा—

किसी कारण से या विना ही कारण भयमोहनीय कर्म के उदय से भयभीत पुरुषकी मोहके अन्तर्गत नोकषायरूप, नेत्रों में और मुख में विकार होना, रोमाञ्च होना आदि क्रियाएँ जिसका लक्षण है, ऐसी आत्मा की परिणति भयसंज्ञा कहलाती है, दुर्बलता से, भय उत्पन्न करने वाली बात सुनने से, भयङ्कर वस्तु के देखने से, तथा इहलोक आदि में भयजनक वस्तुका विचार करने से भयसंज्ञा उत्पन्न होती है। लजवन्ती आदि वनस्पतियाँ हाथ के स्पर्श के भय से अपने अवयवों को सिकोड लेती हैं, अतः उन में भयसंज्ञा की विद्यमानता प्रतीत होती है।

(३) मैथुनसंज्ञा–

पुरुषवेद-मोहनीय कर्म के उदय से मैथुन के लिए स्त्री को देखना, प्रसन्नवदन

---

(२) ભય સંજ્ઞા—

કોઈ કારણથી અથવા વિના કારણે ભય થવો, મોહનીય કર્મના ઉદયથી ભયભીત પુરુષની મોહને અંતર્ગત નોકષાયરૂપ, નેત્રોમાં અને ચહેરામાં વિકાર થવો, રોમાંચ થવું (રૂંવાડાં ઉભાં થવાં) વગેરે ક્રિયાઓ જેનું લક્ષણ છે, એવી આત્માની પરિણતિ તે ભયસંજ્ઞા કહેવાય છે. દુર્બલતાથી, ભય ઉત્પન્ન કરાવનારી વાત સાંભળવાથી, ભયંકર વસ્તુ દેખવાથી, તથા આ લોક વગેરેમાં ભયજનક વસ્તુનો વિચાર કરવાથી ભયસંજ્ઞા ઉત્પન્ન થાય છે. લજ્જાવંતી (લજ્જાળુ) આદિ વનસ્પતિઓ હાથનો સ્પર્શ થવાથી ભય લાગ્યો હોય તેમ પોતાના અવયવોને સંકોચે છે તેથી તેમાં ભયસંજ્ઞાની વિદ્યમાનતા દેખાય છે.

(૩) મૈથુન સંજ્ઞા—

પુરુષવેદ—મોહનીકર્મના ઉદયથી મૈથુન માટે સ્ત્રી તરફ જોવું. હસતું મુખ

शैथिल्योरुकम्पनादिक्रियारूपा आत्मनः परिणतिर्मैथुनसंज्ञा। रुधिरमांसोपचयेन, स्त्रीकथाश्रवणादिजनितमत्या, मैथुनचिन्तनेन च मैथुनसंज्ञा जायते। कुरुबकादिवनस्पतीनां कमनीयकामिनीभुजलतावगूहन-चरणाघात-कटाक्षविक्षेपादिभ्यः प्रसूनपल्लवादिप्रसवदर्शनान्मैथुनसंज्ञा विज्ञायते।

(४) परिग्रहसंज्ञा—

(४) लोभमोहनीयोदयाद् धर्मसाधनव्यतिरिक्त-सचित्ताऽचित्तमिश्र-वस्तूपादानादिमूर्छारूपा आत्मनः परिणतिः परिग्रहसंज्ञा। सचित्तादिवस्तु-

होना, शरीर का स्तम्भित हो जाना, तथा उस में शिथिलता पैदा होना उरु (घुटनोंके नीचेका भाग) आदि का कांपना आदि क्रियारूप आत्मा की परिणति को मैथुनसंज्ञा कहते हैं। रक्त और मांस की अधिकता से, स्त्रीकथा आदि के श्रवण से उत्पन्न हुई बुद्धि से, और मथुैन का विचार करने से मैथुनसंज्ञा उत्पन्न होती है। कुरुबक आदि वनस्पतियों में सुन्दरी कामिनी की भुजाओं के आलिङ्गन से, चरणाघात से, तथा कटाक्षपात आदि से फूल, पत्ता आदि उत्पन्न होते हैं, अतः वनस्पति में मैथुनसंज्ञा का अस्तित्व सिद्ध होता है।

(४) परिग्रहसंज्ञा—

लोभमोहनीय के उदय से धर्म के उपकरणों के अतिरिक्त दूसरे सचित्त अचित्त और मिश्र पदार्थों के ग्रहण आदि मूर्च्छारूप आत्मा की परिणति परिग्रहसंज्ञा कहलाती है।

થવું, શરીરનું સ્તંભિત થઈ જવું, તથા તેમાં શિથિલતા ઉત્પન્ન થવી, જાંઘ વગેરેનું કંપવું આદિ ક્રિયારૂપ આત્માની પરિણતિને મૈથુનસંજ્ઞા કહે છે. રક્ત (લોહી) અને માંસની અધિકતાથી, સ્ત્રીકથા વગેરે સાંભળવાથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી, અને મૈથુનનો વિચાર કરવાથી મૈથુનસંજ્ઞા ઉત્પન્ન થાય છે. કુરબક (એક જાતનું વૃક્ષ) આદિ વનસ્પતિમાં સુંદરી કામિનીના હાથના આલિંગન થતાં, ચરણાઘાતથી તથા કટાક્ષપાત આદિથી ફુલ, પત્તાં આદિ ઉત્પન્ન થાય છે, આ કારણથી વનસ્પતિમાં મૈથુનસંજ્ઞાનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

(૪) પરિગ્રહ સંજ્ઞા—

લોભમોહનીયના ઉદયથી ધર્મના ઉપકરણો સિવાય બીજા સચિત્ત, અચિત્ત અને મિશ્ર પદાર્થોનું ગ્રહણ કરવું વગેરે મૂર્છારૂપ આત્માની પરિણતિ તે પરિગ્રહસંજ્ઞા

परिग्रहदर्शनेन, परिग्रहचिन्तनेन, परिग्रहसंग्रहेण च परिग्रहसंज्ञा जायते। बिल्वादिवनस्पतीनां स्वपत्रैः पुष्पफलाच्छादनदर्शनात् परिग्रहसंज्ञा विज्ञायते।

(५) क्रोधसंज्ञा–

(५) क्रोधमोहनीयोदयाद् जीवस्य जात्यादिमदजनिता कर्तव्याकर्तव्य-विवेकापहारिका स्वपराप्रीतिरूपप्रज्वलनात्मिका विभावपरिणतिः क्रोधसंज्ञा।

(६) मानसंज्ञा–

(६) मानमोहनीयोदयाद् अंहकाररूपा आत्मनो विभावपरिणतिर्मानसंज्ञा। देवगुरुधर्मादीनां महतामनादरणादिना मानसंज्ञा विज्ञायते।

सचित्त आदि वस्तुओं का परिग्रह देखने से, परिग्रह का विचार करने से, और परिग्रहका संग्रह करने से परिग्रहसंज्ञा उत्पन्न होती है। बिल्व (बेल) आदि वनस्पतियाँ अपने पत्तों से फूल फल वगेरह को ढँक लेती हैं, इस से उनमें परिग्रहसंज्ञा का होना प्रतीत होता है।

(५) क्रोधसंज्ञा–

क्रोधमोहनीय के उदय से जीव में जातिमद आदि से उत्पन्न, तथा कर्तव्य अकर्तव्य का विवेक नष्ट कर देने वाली स्वपर की अप्रीतिरूप, तथा जलनरूप आत्मा की विभावपरिणति क्रोधसंज्ञा कहलाती है।

(६) मानसंज्ञा—

मानमोहनीय के उदय से अहङ्काररूप आत्मा की विभावपरिणति मानसंज्ञा कहलाती है। देव गुरु धर्म आदि बडोंका अनादर आदि करने से मानसंज्ञा मालूम होती है।

કહેવાય છે. સચિત્ત આદિ વસ્તુઓનો પરિગ્રહ દેખાવાથી, પરિગ્રહનો વિચાર કરવાથી અને પરિગ્રહનો સંગ્રહ કરવાથી પરિગ્રહસંજ્ઞા ઉત્પન્ન થાય છે. બિલ્વ (બીલી) આદિ વનસ્પતિઓ પોતાનાં પાંદડાથી ફુલ–ફલ વગેરેને ઢાંકી દે છે, તેથી વનસ્પતિમાં પરિગ્રહસંજ્ઞા દેખાય છે.

(૫) ક્રોધસંજ્ઞા—

ક્રોધમોહનીય કર્મના ઉદયથી, જીવને જાતિમદ વગેરેથી ઉત્પન્ન, તથા કર્તવ્ય અકર્તવ્યનો વિવેક નાશ કરવાવાળી સ્વ–પરની અપ્રીતિરૂપ તથા જ્વલનરૂપ આત્માની વિભાવપરિણતિ તે ક્રોધસંજ્ઞા કહેવાય છે.

(૬) માનસંજ્ઞા—

માનમોહનીય કર્મના ઉદયથી અહંકારરૂપ આત્માની વિભાવપરિણતિ માનસંજ્ઞા કહેવાય છે. દેવ, ગુરૂ, ધર્મ આદિ મોટાઓનો અનાદર વગેરે કરવાથી માનસંજ્ઞા માલુમ પડે છે.

(७) मायासंज्ञा—

(७) मायामोहनीयोदयात् कपटलक्षणा प्रवृत्तिर्जीवस्य विभावपरिणतिर्मायासंज्ञा। परवञ्चनेच्छया व्यामोहोत्पादकमनोवाक्कायव्यापारेण सा विज्ञायते।

(८) लोभसंज्ञा—

(८) लोभमोहनीयोदयेन सचित्तादिवस्तुगृद्धिरूपा जीवस्य विभावपरिणतिर्लोभसंज्ञा। आरम्भपरिग्रहादिप्रवृत्त्या लोभसंज्ञा विज्ञायते।

(९) लोकसंज्ञा—

(९) ज्ञानावरणीयक्षयोपशमेन मोहनीयकर्मोदयेन च कुबुद्धिजनिततर्क-

---

(७) मायासंज्ञा—

मायामोहनीय के उदय से जीव को कपटरूप विभावपरिणति मायासज्ञा कहलाती है। दूसरे को ठगने की इच्छा से मोहजनक मन, वचन और काय के व्यापार से उस की प्रतीति होती है।

(८) लोभसंज्ञा—

लोभमोहनीय के उदय से सचित्त आदि वस्तुओं में आसक्तिरूप जीवकी विभावपरिणति लोभसंज्ञा कहलाती है। आरम्भ परिग्रह आदि की प्रवृत्ति से लोभसंज्ञा का पता चलता है।

(९) लोकसंज्ञा–

ज्ञानावरण कर्म के क्षयोपशम से और मोहनीय कर्म के उदय से कुबुद्धिजनित

---

(७) માયાસંજ્ઞા—

માયામોહનીય કર્મના ઉદયથી જીવની કપટરૂપ વિભાવપરિણતિ માયા–સંજ્ઞા કહેવાય છે. બીજાને ઠગવાની ઇચ્છાથી, મોહજનક મન, વચન અને કાયાના વ્યાપારથી તેની પ્રતીતિ થાય છે.

(८) લોભસંજ્ઞા—

લોભમોહનીય કર્મના ઉદયથી સચિત્ત આદિ વસ્તુઓમાં આસક્તિરૂપ જીવની વિભાવપરિણતિ તે લોભસંજ્ઞા કહેવાય છે. આરંભ–પરિગ્રહ આદિની પ્રવૃત્તિથી લોભ સંજ્ઞાનો પતો લાગે છે.

(૯) લોકસંજ્ઞા—

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને મોહનીયકર્મના ઉદયથી કુબુદ્ધિજનિત

रूपा आत्मनो विभावपरिणतिर्लोकसंज्ञा। यथा-"अपुत्रस्य गतिर्नास्ती"-त्यादि।

(१०) ओघसंज्ञा-

(१०) ज्ञानावरणीयाल्पक्षयोपशमसमुद्भूता, अव्यक्तोपयोगरूपा जीवस्य परिणतिः ओघसंज्ञा। सा लतादीनां प्रतानारोहणादिना ज्ञायते।

(११) सुखसंज्ञा—

(११) संसारिणां सातवेदनीयोदयात् सकलेन्द्रियाणामनुकूलतया ज्ञायमाना आत्मनः परिणतिः सुखसंज्ञा।

तर्करूप आत्मा की विभावपरिणति लोकसंज्ञा कहलाती है; यथा-"निपूते को सद्गति नहीं मिलती" आदि।

(१०) ओघसंज्ञा-

ज्ञानावरणीय कर्म के अल्प क्षयोपशम से उत्पन्न होने वाली तथा अव्यक्त (अप्रकट) उपयोगरूप जीव का विभावपरिणमन ओघसंज्ञा कहलाती है। लता वगैरह का मंडप पर चढने आदि से उसका ज्ञान होता है

(११) सुखसंज्ञा-

संसारी जीवोंको सातावेदनीय के उदय से सब इन्द्रियों के अनुकूल प्रतीत होने वाली आत्मा की एक विशिष्ट परिणतिको सुखसंज्ञा कहते हैं।

તર્કરૂપ આત્માની વિભાવપરિણતિ લોકસંજ્ઞા કહેવાય છે. જેમ-"અપુત્રિયાને સદ્ગતિ મળતી નથી."

(૧૦) ઓઘસંજ્ઞા—

જ્ઞાનાવરણીય કર્મના અલ્પ ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી અને અપ્રગટ ઉપયોગ રૂપ જીવનું વિભાવપરિણમન તે ઓઘસંજ્ઞા કહેવાય છે, વેલો વગેરેનું મંડપ ઉપર ચઢવું વગેરેથી તેનું જ્ઞાન થાય છે.

(૧૧) સુખસંજ્ઞા—

સંસારી જીવોને સાતાવેદનીયના ઉદયથી સર્વ ઇન્દ્રિયોમાં અનુકૂલતાનું ભાન કરાવનારી આત્માની એક વિશિષ્ટ પરિણતિને સુખસંજ્ઞા કહે છે.

(१२) दुःखसंज्ञा—

(१२) संसारिणामसातवेदनीयोदयात् सकलेन्द्रियाणां प्रतिकूलतया ज्ञाय-माना विविधतापानुभवरूपा जीवस्य परिणतिर्दुःखसंज्ञा ।

(१३) मोहसंज्ञा—

(१३) मोहनीयकर्मोदयाद् मिथ्यादर्शनरूपा ज्ञानादिगुणरोधकसकलपाप-स्थानहेतुरात्मनो विभावपरिणतिर्मोहसंज्ञा । कुदेवकुगुरुकुधर्मादौ प्रवृत्त्या मोहसंज्ञा विज्ञायते ।

(१४) विचिकित्सासंज्ञा—

(१४) मोहनीयोदयाद् ज्ञानावरणीयोदयाच्च संशयरूपा जीवस्य परिणति-

---

(१२) दुःखसंज्ञा—

संसारी जीवों को असातावेदनीय के उदय से सब इन्द्रियों के प्रतिकूल प्रतीत होने वाली, विविध प्रकार के संतापों का अनुभवरूप जीव की परिणति दुःखसंज्ञा कहलाती है ।

(१३) मोहसंज्ञा—

मोहनीय कर्म के उदय से मिथ्यादर्शनरूप, तथा ज्ञानादि गुणों का निषेध करने वाली, समस्त पापस्थानकों का कारणरूप आत्मा की विभावपरिणति मोहसंज्ञा है । कुदेव कुगुरु और कुधर्म आदि में प्रवृत्ति होने से मोहसंज्ञा का ज्ञान होता है ।

(१४) विचिकित्सासंज्ञा—

मोहनीय और ज्ञानावरण कर्म के उदय से संशयरूप आत्मा का परिणमन विचिकित्सा-

---

(૧૨) દુઃખસંજ્ઞા—

સંસારી જીવોને અસાતાવેદનીયના ઉદયથી સર્વ ઇન્દ્રિયોમાં પ્રતિકૂળતાનું ભાન કરાવવા વાળી, વિવિધ પ્રકારના સંતાપોના અનુભવરૂપ જીવની પરિણતિ તે દુઃખસંજ્ઞા કહેવાય છે.

(૧૩) મોહસંજ્ઞા—

મોહનીય કર્મના ઉદયથી મિથ્યાદર્શનરૂપ, તથા જ્ઞાનાદિ ગુણોનો નિરોધ કરવાવાળી, સમસ્ત પાપસ્થાનના કારણરૂપ આત્માની વિભાવપરિણતિ તે મોહસંજ્ઞા છે. કુદેવ, કુગુરુ અને કુધર્મ આદિમાં પ્રવૃત્તિ હોવાના કારણે મોહસંજ્ઞાનું જ્ઞાન થાય છે.

(૧૪) વિચિકિત્સાસંજ્ઞા—

મોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી સંશયરૂપ આત્માનું પરિણમન તે

विचिकित्सासंज्ञा। यथा दानादिधर्मस्य फलं प्रति संशयः। सा द्विधा–देशतः, सर्वतश्च। 'द्वाविंशतिपरिषहसहनब्रह्मचर्यकेशोल्लुञ्चनादिक्लेशसहनस्य फलं भविष्यति न वे'–तिरूपा देशतः। 'परलोकादि सत्यं न वे'–तिरूपा, सर्वज्ञप्ररूपितजीवादितत्त्वं यथार्थं न वे'–त्यादिरूपा वा सर्वतः।

(१५) शोकसंज्ञा—

(१५) मोहनीयकर्मोदयादिष्टवियोगजनिता विप्रलाप–वैमनस्यरूपा आत्मनः परिणतिः शोकसंज्ञा। सा चाक्रन्दनादिना ज्ञायते।

(१६) धर्मसंज्ञा–

(१६) मोहनीयक्षयोपशमेन सर्वविरति–देशविरतिलक्षणा कर्मक्षयजनक–

संज्ञा कहलाती है। जैसे–दान धर्म आदि के फल में संदेह होना। यह संज्ञा दो प्रकार की है–देश से और सर्व से। 'बाईस परीषहों के सहने का, ब्रह्मचर्य पालने का, केशलोच आदि क्लेश सहने का फल मिलेगा या नहीं?' इस प्रकार का संशय होना देशतः विचिकित्सासंज्ञा है। 'वास्तव में परलोक है या नहीं, सर्वज्ञ के द्वारा प्ररूपित जीव आदि तत्त्व यथार्थ हैं या नहीं?' इस प्रकार का संशय सर्वतः विचिकित्सासंज्ञा है।

(१५) शोकसंज्ञा—

मोहनीय कर्म के उदय से इष्टवियोग से उत्पन्न होनेवाली विलाप और विमनस्कतारूप आत्मा की परिणति शोकसंज्ञा कहलाती है।

(१६) धर्मसंज्ञा—

मोहनीय कर्म के क्षयोपशम से कर्मक्षयजनक सर्वविरति, तथा देशविरति

વિચિકિત્સા સંજ્ઞા કહેવાય છે. જેમકેઃ–દાન ધર્મ આદિના ફલમાં સંદેહ થવો. આ સંજ્ઞા બે પ્રકારની હોય છે–(૧) દેશથી, (૨) સર્વથી, 'બાવીશ પરિષહોનું સહન કરવું તે, બ્રહ્મચર્ય પાલન કરવું તે, કેશનું લોચન કરવું વગેરે કલેશ સહન કરવાનું ફલ મળશે કે નહિ?' આ પ્રકારનો સંશય તે દેશથકી વિચિકિત્સાસંજ્ઞા છે. 'વાસ્તવમાં પરલોક છે કે નહિ, સર્વજ્ઞદ્વારા પ્રરૂપિત જીવ આદિ તત્વો યથાર્થ છે કે નહિ' આ પ્રકારનો સંશય તે સર્વથકી વિચિકિત્સાસંજ્ઞા છે.

(૧૫) શોકસંજ્ઞા—

મોહનીય કર્મના ઉદયને લીધે, ઈષ્ટવિયોગથી ઉત્પન્ન થવા વાલી, વિલાપ અને વિમનસ્કતા (વ્યાકુલ ચિત્ત) રૂપ આત્માની પરિણતિ શોકસંજ્ઞા કહેવાય છે.

(૧૬) ધર્મસંજ્ઞા—

મોહનીયકર્મના ક્ષયોપશમથી કર્મક્ષયજનક સર્વવિરતિ તથા દેશવિરતિરૂપ

सर्वविरतिदेशविरतिरूपाऽऽत्मनः स्वभावपरिणतिः धर्मसंज्ञा। सा जीवरक्षणादि-व्यापारेण ज्ञायते।

ज्ञानसंज्ञाभेदाः—

ज्ञानसंज्ञा तु मतिश्रुतादिभेदात् पञ्चधा—(१) मतिज्ञानं, (२) श्रुतज्ञानं, (३) अवधिज्ञानं, (४) मनःपर्ययज्ञानं, केवलज्ञानं, चेति।

(१) मतिज्ञानम्—

मननं मतिरवबोधः। मतिश्चासौ ज्ञानं च मतिज्ञानम्। अत्र ज्ञानशब्दः सामान्यज्ञानवाचकः। इन्द्रिय–नोइन्द्रियजन्यं ज्ञानं मतिर्ज्ञानविशेषः, अतः सामान्य–विशेषयोर्ज्ञानयोः सामानाधिकरण्यम्।

रूप आत्मा की स्वभावपरिणति को धर्मसंज्ञा कहते हैं। जीवरक्षा आदि व्यापारों से उसका ज्ञान होता है।

ज्ञानसंज्ञा के भेद

मति, श्रुत आदिके भेद से ज्ञानसंज्ञा पांच प्रकार की है। वह इस प्रकार—(१) मतिज्ञान, (२) श्रुतज्ञान, (३) अवधिज्ञान, (४) मनःपर्ययज्ञान, और (५) केवलज्ञान।

(१) मतिज्ञान

मनन करना मति है, अर्थात् बोध। मतिरूप ज्ञान मतिज्ञान कहलाता है। यहाँ ज्ञान शब्द सामान्य ज्ञान का वाचक है। 'इन्द्रिय और मनसे होनेवाला ज्ञान मति है'। ऐसा अर्थ करने से सामान्य और विशेष ज्ञानों में समानाधिकरणता हो जाती है।

આત્માની સ્વભાવપરિણતિને ધર્મસંજ્ઞા કહે છે. જીવરક્ષા આદિ વ્યાપારોથી તેનું જ્ઞાન થાય છે.

જ્ઞાનસંજ્ઞાના ભેદ—

મતિ, શ્રુત આદિ ભેદ વડે–કરી જ્ઞાનસંજ્ઞા પાંચ પ્રકારની કહી છે તે આ પ્રમાણે છે–(૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યયજ્ઞાન, અને (૫) કેવલજ્ઞાન.

(૧) મતિજ્ઞાન—

મનન કરવું તે મતિ છે. અર્થાત્ બોધ છે, મતિરૂપ જ્ઞાન તે મતિજ્ઞાન કહેવાય છે. અહિં જ્ઞાન શબ્દ સામાન્ય જ્ઞાનનો વાચક છે. 'ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન જ્ઞાન તે મતિ છે' એવો અર્થ કરવાથી સામાન્ય અને વિશેષ જ્ઞાનોમાં સમાનાધિકરણતા (સમાનપણું) થઈ જાય છે.

(२) श्रुतज्ञानम्-

श्रुतं=श्रुतिः श्रवणं ज्ञानविशेषः। तच्च कीदृशम्? उच्यते-शब्दस्य श्रवणेन, भाषणादिना वा यज्ज्ञानमुत्पद्यते तदेव श्रुतम्।

अत्र श्रुतशब्देन ज्ञानं गृह्यते, ज्ञानप्रभेदप्रकरणान्तःपातित्वात्। न तु श्रूयते इति व्युत्पत्त्या शब्दार्थकः श्रुतशब्दः। लब्धिरूपे मतिज्ञाने सति पश्चात्-श्रुतज्ञानमुत्पद्यते, न तु मतिज्ञानाभावे, अतो मतिज्ञानं कारणं श्रुतज्ञानस्य।

ननु मतिज्ञानमेव श्रुतज्ञानं संपद्यते, यथा-मृत्तिकैव घटः, तन्तुरेव पटः,

---

(२) श्रुतज्ञान—

श्रुति या श्रवण (सुनना), यह एक प्रकार का ज्ञान कहलाता है। शब्द के श्रवण से या भाषण आदि से वाच्य-वाचकभाव सम्बन्ध के अनुसार जो पदार्थ का ज्ञान होता है उसे श्रुतज्ञान कहते हैं।

यहाँ 'श्रुत' शब्द से ज्ञान का ग्रहण किया जाता है, क्यों कि वह ज्ञान के प्रभेदों के अन्तर्गत है, किन्तु 'श्रूयते' इस व्युत्पत्ति से शब्दार्थक श्रुत-शब्द नहीं है। लब्धिरूप मतिज्ञान के होने पर बादमें श्रुतज्ञान उत्पन्न होता है, मतिज्ञान के अभाव में नहीं होता, अत एव मतिज्ञान श्रुतज्ञान का कारण है।

शङ्का—मतिज्ञान ही श्रुतज्ञानरूप में परिणत हो जाता है, जैसे मिट्टी घटरूप में पलट जाती है, और तन्तु पट (वस्त्र) रूप में बदल जाते हैं, ऐसी स्थिति में भगवान्ने श्रुतज्ञान का पृथक् ग्रहण किस प्रयोजन से किया है?

---

(२) શ્રુતજ્ઞાન—

શ્રુતિ અથવા શ્રવણ-સાંભળવારૂપ એક પ્રકારનું જ્ઞાન તે શ્રુત-જ્ઞાન કહેવાય છે. શ્રુત-જ્ઞાન કેવું હોય છે? શબ્દના સાંભળવાથી અથવા ભાષણ આદિથી, વાચ્ય-વાચક ભાવ સંબંધ પ્રમાણે જે પદાર્થનું જ્ઞાન થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે.

અહિં શ્રુત-શબ્દથી જ્ઞાન ગ્રહણ કરી શકાય છે. કેમકે તે જ્ઞાનના પ્રભેદોની અંદર છે, પરંતુ 'શ્રૂયતે' આ વ્યુત્પત્તિથી શબ્દાર્થક શ્રુત-શબ્દ નથી. લબ્ધિરૂપ મતિજ્ઞાન થયા પછી શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે, મતિજ્ઞાનના અભાવમાં થતું નથી તે કારણથી મતિજ્ઞાન તે શ્રુતજ્ઞાનનું કારણ છે.

શંકા—મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાનરૂપમાં પરિણત થઈ જાય છે, જેમકે માટી ઘટ રૂપમાં ફરી જાય છે. અને તન્તુ વસ્ત્રરૂપમાં બદલાઇ જાય છે. એવી સ્થિતિમાં ભગવાને શ્રુતજ્ઞાનનું જુદુ ગ્રહણ શું પ્રયોજનથી કર્યું?

तर्हि श्रुतज्ञानस्य पृथगुपादानं भगवता किमर्थं कृतम् ? उच्यते—दृष्टान्तद्वयमिदं विषमम्, यथा घटप्रादुर्भावे पिण्डाकारा मृत्तिका प्रणश्यति, पटोत्पत्तौ सत्यां तन्तुपुञ्जश्च, तथा श्रुतज्ञाने समुपन्ने मतिज्ञानं न प्रणश्यति, उक्तञ्च भगवता—

'जत्थ मई तत्थ सुयं, जत्थ सुयं तत्थ मई' (नन्दी.)

छाया—यत्र मतिस्तत्र श्रुतं, यत्र श्रुतं तत्र मतिः ।

श्रुतस्य सद्भावे मतेर्विद्यमानता भगवताऽभिहिता, तस्मादपेक्षाकारणमेव मतिज्ञानं श्रुतज्ञानस्येति मन्तव्यम्, तथा च–मतिज्ञानपूर्वकमिन्द्रियमनोजन्यमाप्त–वचनानुसारि ज्ञानं श्रुतज्ञानमिति निष्कर्षः । इति ।

'श्रूयते यत् तच्छ्रुत'–मितिव्युत्पत्त्या श्रुतशब्देनाप्तवचनमपि गृह्यते

समाधान–ये दोनों दृष्टान्त विषम हैं, जैसे–घट प्रकट होने पर पिण्डाकार मिट्टी मिट जाती है, और जैसे पटकी उत्पत्ति होने पर तन्तुओं का पुञ्ज नष्ट हो जाता है, उस प्रकार श्रुतज्ञान उत्पन्न होने पर मतिज्ञान नष्ट नहीं होता । भगवानने कहा है—

"जहाँ मतिज्ञान है वहाँ श्रुतज्ञान है, जहाँ श्रुतज्ञान है वहाँ मतिज्ञान है ।" श्रतज्ञान के सद्भाव में मतिज्ञान का अस्तित्व भगवानने बतलाया है, अत एव मतिज्ञान श्रुतज्ञान का अपेक्षाकारण ही है, ऐसा मानना चाहिए । तात्पर्य यह निकलता है कि–मतिज्ञानपूर्वक इन्द्रिय और मनसे उत्पन्न होने वाला, तथा आप्तवाक्यका अनुसरण करने वाला ज्ञान श्रुतज्ञान है ।

'जो सुनाजाय वह श्रुत है' इस व्युत्पत्ति के अनुसार 'श्रुत' शब्द से आप्त

સમાધાન–એ બંને દૃષ્ટાંત વિષમ છે, જેમકે ઘટ પ્રગટ થતાં પિંડાકાર માટી મટી જાય છે, જેમ વસ્ત્રની ઉત્પત્તિ થતાં તંતુઓનો જથ્થો નાશ પામે છે, તે પ્રમાણે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થતાં મતિજ્ઞાન નાશ પામતું નથી. ભગવાને કહ્યું છે કેઃ—

"જ્યાં મતિજ્ઞાન છે ત્યાં શ્રુતજ્ઞાન છે, જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં મતિજ્ઞાન છે" શ્રુતજ્ઞાનના સદ્ભાવમાં મતિજ્ઞાનનું અસ્તિત્વ ભગવાને બતાવ્યું છે. એ કારણથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનનું અપેક્ષાકારણ જ છે. એમ માનવું જોઇએ, તો તાત્પર્ય એ નીકળ્યું કે મતિજ્ઞાનપૂર્વક, ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થવાવાળું, તથા આપ્તવાક્યનું અનુસરણ કરવાવાળું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે.

'જે સાંભળવામાં આવી શકે તે શ્રુત છે' આ વ્યુત્પત્તિ પ્રમાણે 'શ્રુત' શબ્દથી

तस्मिन् पक्षे-श्रुतस्यआप्तवचनस्य ज्ञानं, श्रुतज्ञानमिति षष्ठीतत्पुरुषः। आप्तो=रागादि-रहितः सर्वज्ञस्तस्य वचनम्-आप्तवचनम्। तदर्थाध्यवसायरूपं ज्ञानं श्रुतज्ञानमिति। अध्यवसायो निर्णयः। श्रुतज्ञानं प्रति शब्दस्य निमित्तकारणतया शब्देऽपि श्रुतव्यपदेशो भवति। ज्ञानभेदव्यवस्थायां तु श्रुतशब्दः श्रवणार्थवाचीत्यवधेयम्।

(३) अवधिज्ञानम्-

अवशब्दोऽधःशब्दार्थः, अव=अधः विस्तृतं वस्तु धीयते-ज्ञायतेऽने-नेत्यवधिः। अवधिश्चासौ तज्ज्ञानं चेति विग्रहः। विस्तृतविषयकं ज्ञानमवधि-

---

वचन का भी ग्रहण होता है। उस पक्ष में श्रुत का अर्थात् आप्तवचन का ज्ञान श्रुतज्ञान है, ऐसा षष्ठीतत्पुरुष समास होगा। आप्त अर्थात् रागादिसे रहित सर्वज्ञ, उनका वचन आप्तवचन कहलाता है। अध्वयसाय अर्थात् निश्चय। ऐसा अध्यवसायरूप अर्थात् पदार्थ का निश्चयात्मक ज्ञान श्रुतज्ञान होता है। शब्द, श्रुतज्ञान में निमित्त कारण है, इस लिये शब्द भी त कहलाता है. किन्तु ज्ञान-भेदकी व्यवस्था में श्रुत-शब्द श्रवण अर्थ का वाचक है।

(३) अवधिज्ञान—

'अव का अर्थ है 'अधः' अर्थात् नीचे। तात्पर्य यह है कि जो ज्ञान अधोदिशा की वस्तु को विस्तार से जानता है वह अवधिज्ञान कहलाता है। अवधिरूप ज्ञान अवधिज्ञान है, अर्थात् विस्तृतविषयक ज्ञान। जैसे-अनुत्तरोपपातिक देव अवधिज्ञान

આપ્તવચનનું ગ્રહણ થઇ શકે છે. તે પક્ષમાં શ્રુતનું અર્થાત્ આપ્તવચનનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. એ પ્રમાણે ષષ્ઠીતત્પુરૂષ સમાસ થશે. આપ્ત અર્થાત્ રાગાદિથી રહિત, સર્વજ્ઞ, તેનું વચન તે આપ્તવચન કહેવાય છે અધ્યવસાય અર્થાત્ નિશ્ચય, એવા અધ્યવસાયરૂપ અર્થાત્ પદાર્થનું નિશ્ચયાત્મક જ્ઞાન તે શ્રુતજ્ઞાન કહેવાય છે. શબ્દ, શ્રુતજ્ઞાનમાં કારણ છે, એટલા માટે શબ્દ પણ શ્રુત કહેવાય છે, પરંતુ જ્ઞાન-ભેદની વ્યવસ્થામાં શ્રુત-શબ્દ સાંભળવું એ અર્થનો વાચક છે.

(૩) અવધિજ્ઞાન—

'અવ'નો અર્થ છે 'અધઃ' અર્થાત્ નીચે, તાત્પર્ય એ છે કે-જે જ્ઞાન અધો દિશાની વસ્તુઓને વિસ્તારથી જાણે છે, તે અવધિજ્ઞાન કહેવાય છે. અવધિરૂપ જ્ઞાન અવધિજ્ઞાન છે, અર્થાત્ વિસ્તૃતવિષયક જ્ઞાન. જેમકેઃ-અનુત્તરોપપાતિક દેવ અવધિ-

ज्ञानम् । यथा–अनुत्तरोपपातिका देवा अवधिज्ञानबलेन भगवन्तमापृच्छ्य जीवादि–तत्त्वस्वरूपं निर्धारयन्ति ।

મૂલાર્થ–'से आयावादी' ઇતિ. તે આત્મવાદી છે, લોકવાદી છે, કર્મવાદી છે અને ક્રિયાવાદી છે. (સૂ. ૫)

टीका—

'से आयावादी' इति। सः=इत्थमात्मानं ज्ञाता, आत्मवादी=आत्मानं वदितुं शीलमस्येति विग्रहे कर्तरि णिनिः, आत्मस्वरूपकथनस्वभाववान्। अयं भावः—आत्मस्वरूपं वक्तारो जगति बहवः सन्ति, परन्तु स एवात्मवादी वेदितव्यो, यः पूर्वोक्तरीतिमनुसृत्यात्मानं विजानातीति।

आत्मस्वरूपपरिचयं विना बन्धस्वरूपं ज्ञातुमशक्यम्। तद् विना न रोचते कस्मैचिदात्मोत्कर्षकरणम्, तद्रुचिमन्तरेण च कस्यचिन्मोक्षोपाय-भूतनिश्चयव्यवहारलक्षणज्ञानक्रिययोः प्रवृत्तिर्न स्यात्, तस्मादत्रात्मज्ञानप्रसङ्गेन किञ्चिदुच्यते—

टीकार्थ—जो इस (पूर्वोक्त) प्रकार से आत्मा को जानता है वही आत्मवादी है, अर्थात् आत्मा के स्वरूप को कहने वाला है। तात्पर्य यह है कि—आत्मा का स्वरूप कहने वाले संसार में बहुत हैं किन्तु वास्तव में सच्चा आत्मवादी वही है जो पूर्वोक्त प्रकार से आत्मा का ज्ञाता है।

आत्मा का स्वरूप समझे विना बन्ध का स्वरूप अशक्य है। उसके अभाव में किसीको आत्मा का उत्कर्ष करना रुचिकर नहीं होता, और इस रुचि के अभाव में किसीकी निश्चय—व्यवहाररूप ज्ञान और क्रिया में—जो मोक्ष के कारण हैं—प्रवृत्ति नहीं होती, अतः आत्मज्ञान का प्रसङ्ग होने से यहाँ कुछ विवेचन किया जाता है—

ટીકાર્થ—જે આ (પૂર્વોક્ત) પ્રકારથી આત્માને જાણે છે, તે આત્મવાદી છે, અર્થાત્—આત્માના સ્વરૂપને કહેવા વાળા છે; તાત્પર્ય એ છે કેઃ—આત્માનું સ્વરૂપ કહેવા વાળા સંસારમાં ઘણા છે. પરંતુ વાસ્તવમાં સાચા આત્મવાદી તે છે કે જે પૂર્વોક્ત પ્રકારથી આત્માના જ્ઞાતા છે, અર્થાત્ પૂર્વોક્ત પ્રકારે આત્માને જાણે છે.

આત્માના સ્વરૂપને સમજ્યા વિના બંધનું સ્વરૂપ સમજવું અશક્ય છે, તેના અભાવમાં કોઈનો આત્મા ઉત્કર્ષ કરવું રૂચિકર થતું નથી. અને તે રૂચિના અભાવમાં કોઈને નિશ્ચય—વ્યવહારરૂપ જ્ઞાન અને ક્રિયામાં જે મોક્ષનું કારણ છે તેમાં પ્રવૃત્તિ થતી નથી. તે કારણથી આત્મજ્ઞાનનો પ્રસંગ હોવાથી અહિં થોડુ વિવેચન કરવામાં આવે છે—

आत्मशब्दार्थः—

अतति-नित्यं जानातीति आत्मा। 'अत सातत्यगमने' इत्यत्रात-धातोर्गत्यर्थकत्वाद्, गत्यर्थानां च ज्ञानार्थकतया स्वीकारादयमर्थो लभ्यते। सिद्धसंसारिभेदेन द्विविधस्यापि जीवस्य सर्वदाऽवबोधसद्भावादात्मनः कस्यां चिदवस्थायामुपयोगवियोगो न जायते। कदाचिदप्यवबोधाभावे च जीवत्वमेव व्याहन्येत। अत एव-'जीवो उवओगलक्खणो' इत्युक्तम् (उत्तरा.२८ अ. १० श्लो.)

यद्वा-अतति-सततं गच्छति, निरन्तरं प्राप्नोति स्वकीयान् पर्यायानिति-आत्मा।

आत्मशब्द का अर्थ-

'अतति'-इति-आत्मा' अर्थात् जो नित्य जानता रहता है वह आत्मा कहलाता है। 'अत' धातु सतत गमन करने के अर्थ में है और गमनार्थक सभी धातु ज्ञानार्थक होते हैं, अतः उपर्युक्त अर्थ किया गया है। क्या सिद्ध और क्या संसारी, दोनों ही प्रकार के जीवों में सदैव ज्ञान विद्यमान रहता है, और किसी भी अवस्था में उपयोगका वियोग नहीं होता। किसी समय ज्ञान का अभाव हो जाय तो जीव में जीवत्व ही नहीं रहे। इसी कारण उत्तराध्ययन सूत्र (अ. २८ श्लो. १०) में कहा है :-"**जीवो उवओगलक्खणो**" जीव उपयोग लक्षण वाला है।

अथवा---अतति अर्थात् जो अपने पर्यायों को सतत प्राप्त होता रहता है वह आत्मा है।

આત્મા શબ્દનો અર્થ—

'अतति' इति आत्मा અર્થાત્ જે જાણતો રહે છે, તે આત્મા કહેવાય છે. 'अत' ધાતુ સતત ગમન કરવાના અર્થમાં છે. અને ગમનાર્થક સર્વ ધાતુ જ્ઞાનાર્થક પણ હોય છે. (ગમન કરવું એવા અર્થવાળા તમામ ધાતુ જ્ઞાન અર્થવાળા પણ હોય છે) એ કારણથી ઉપર કહેલો અર્થ કર્યો છે. તો શું સિદ્ધ અને સંસારી બંને પ્રકારના જીવોમાં હમેશાં જ્ઞાન વિદ્યમાન રહે છે અને કોઈ પણ અવસ્થામાં ઉપયોગનો વિયોગ થતો નથી કોઈ સમય જ્ઞાનનો અભાવ થઈ જાય તો જીવમાં જીવત્વ જ ન રહે. એ કારણથી ઉત્તરાધ્યયન સૂત્ર (અ. ૨૮ શ્લો. ૧૦) માં કહ્યું છે કેઃ— "**जीवो उवओगलक्खणो**" "જીવ ઉપયોગ લક્ષણવાળો છે."

અથવા—અતતિ અર્થાત્ જે પોતાના પર્યાયોને સતત પ્રાપ્ત થતો રહે છે, તે આત્મા છે.

नन्वेवं गगनादीनामपि सततं स्वपर्यायप्राप्त्या तत्रात्मशब्दप्रयोगो दुर्वारः, कदापि पर्यायाभावे त्वपरिणामित्वेन तेषां वस्तुत्वमेव न स्यादिति चेन्मैवम्, सततस्वपर्यायप्राप्तिकर्तृत्वमिति व्युत्पत्तिनिमित्तमात्रमात्मशब्दस्य, न तु तत् प्रवृत्तिनिमित्तम्। प्रवृत्तिनिमित्तं चास्योपयोग एवेति गगनादिषु नात्मशब्दः प्रवर्तते।

यद्वा—सततं गच्छतीत्ययमर्थोऽपि न विरुध्यते संसारदशायां कर्मवशेन नानागतिषु सततगमनात्, मुक्तावस्थायामपि भूतकालिकसततगमनसद्भावात्।

शङ्का—आकाश आदि भी अपने अपने पर्यायों को निरन्तर प्राप्त होते रहते हैं तो उनके लिये भी आत्मा शब्द का प्रयोग करना अनिवार्य होगा। किसी समय उन में पर्याय का अभाव हो तो वे अपरिणामी ठहरेंगे और तब उन में वस्तुत्व ही नहीं रहेगा।

समाधान—ऐसा मत कहिए। निरन्तर अपने पर्यायों को प्राप्त करना तो आत्मा शब्द का व्युत्पत्तिनिमित्त मात्र है, वह प्रवृत्तिनिमित्त नहीं है, प्रवृतिनिमित्त तो उपयोग ही है, अतः आकाश आदि में आत्मा शब्द का प्रयोग नहीं हो सकता।

अथवा 'निरन्तर गमन करता है' इस अर्थ का भी विरोध नहीं है; क्यों कि संसार-अवस्था में कर्म के अधीन होकर आत्मा नाना गतियों में सदैव गमन करता रहता है, मुक्त अवस्था में भी भूतकालीन सतत गमन विद्यमान है।

શંકા—આકાશ આદિ પણ પોત પોતાના પર્યાયોને નિરંતર પ્રાપ્ત થતા રહે છે, તો તેને માટે પણ આત્મા શબ્દનો પ્રયોગ કરવો અનિવાર્ય થશે. કોઇ સમય તેનામાં પર્યાયનો અભાવ હોય તો તે અપરિણામી ઠરશે ત્યારે તેનામાં વસ્તુત્વ પણ નહિ રહે.

સમાધાન—એ પ્રમાણે ન કહો. નિરન્તર પોતાના પર્યાયોને પ્રાપ્ત કરવું તે તો આત્મ શબ્દની વ્યુત્પત્તિનિમિત્ત માત્ર છે, પરંતુ તે પ્રવૃત્તિનિમિત્ત નથી; પ્રવૃત્તિનિમિત્ત તો ઉપયોગ જ છે, તેથી આકાશ આદિમાં આત્મ શબ્દનો પ્રયોગ થઈ શકતો નથી.

અથવા—નિરન્તર ગમન કરે છે, આ અર્થનો પણ વિરોધ નથી. કેમકે-સંસાર અવસ્થામાં કર્મના આધીન બનીને આત્મા અનેક ગતિઓમાં હમેશાં ગમન કરતો રહે છે. મુક્ત-અવસ્થામાં પણ ભૂતકાલીન સતત ગમન વિદ્યમાન છે.

आत्मनोऽस्तित्वसिद्धिः—

तावत् प्रत्यक्षप्रमाणत एवात्मनः सिद्धिरुच्यते—(१) किमयमात्मा–अस्ति नास्ति वेति संशयादिविज्ञानं स्वस्वात्मनि स्वसंवेदनप्रत्यक्षेण सिद्धम् , स एवात्मा, संशयादिज्ञानस्यैव तदनन्यत्वेनात्मरूपत्वात् ।

(२) तथा–आत्मानमाश्रित्यैव सुखदुःखादयः स्वस्वशरीर एव प्रत्यक्षेण संवेद्यन्ते ।

(३) यद्वा–कृतवानहं, करोम्यहं, करिष्याम्यहम् , इत्यादिप्रकारेण योऽयम्–अहम्प्रत्ययः, एतस्मादपि प्रत्यक्ष एवायमात्मा । कथमसत्यात्मनि–

आत्माके अस्तित्वकी सिद्धि—

सर्व प्रथम प्रत्यक्ष प्रमाण से ही आत्मा की सिद्धि कहते हैं:–

(१) आत्मा है या नही है, इस प्रकार का संशय आदि ज्ञान अपनी अपनी आत्मा में स्वसंवेदन प्रत्यक्ष से सिद्ध है । वही ज्ञान आत्मा है, अर्थात् संशय आदि ज्ञान आत्मासे अभिन्न होने के कारण आत्मस्वरूप ही है ।

(२) आत्मा को आश्रित करके ही दुःख–सुख आदि अपने२ शरीर में प्रत्यक्ष से जाने जाते हैं ।

(३) अथवा–मैं कर चुका, मैं करता हूँ, मैं करूँगा, इत्यादि रूप से जो अहम्प्रत्यय होता है उससे भी आत्मा का प्रत्यक्ष होता है । आत्मा न होता तो आत्मा के विषय में अहम्प्रत्यय (मैं का ज्ञान) किस प्रकार हो सकता था ? आत्मरूप विषय के

આત્માના અસ્તિત્વની સિદ્ધિ—

સૌથી પ્રથમ પ્રત્યક્ષ પ્રમાણથી જ આત્માની સિદ્ધિ કહે છે:—(૧) આત્મા છે કે નહિ, આ પ્રકારનું સંશય આદિ જ્ઞાન પોત પોતાના આત્મામાં સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ છે, તે જ્ઞાન આત્મા છે. અર્થાત્ સંશય આદિ જ્ઞાન આત્માથી અભિન્ન હોવાના કારણે આત્મસ્વરૂપ જ છે.

(૨) આત્માના આશ્રિતપણાથી જ દુઃખ–સુખ આદિ પોત–પોતાના શરીરમાં પ્રત્યક્ષ જાણવામાં આવે છે.

(૩) અથવા–હું કરી ચૂક્યો, હું કરું છું. હું કરીશ, ઇત્યાદિરૂપથી જે અહંપ્રત્યય થાય છે, તેથી પણ આત્માનું પ્રત્યક્ષપણું થાય છે. આત્મા ન હોય તો આત્માના વિષયમાં અહમ્પ્રત્યય (હું પણાનું જ્ઞાન) કેવી રીતે થઈ શકે ? આત્મરૂપ

अहमिति ज्ञानम् आत्मविषयकं जायते। आत्मरूपविषयाभावे विषयिणोऽनुत्था-नप्रसंगात्। न च देह एवास्य ज्ञानस्य विषय इति वाच्यम्। जीवरहितेऽपि देहे तदुत्पत्तिप्रसंगात्। अस्मिन्नहम्प्रत्यय आत्मविषयके सति तु किमहस्मि नास्मीति संशयो नोपपद्यते, अहम्प्रत्ययविषयस्यात्मनः सद्भावादहमस्मीति निश्चय एव संभवति। आत्मास्तित्वसंशये तु कस्यायमहम्प्रत्ययः स्यात्?, निर्मूलत्वेन तदनुत्थानप्रसङ्गात्। यदि संशयी जीव एव नास्ति, तर्हि अस्ति नास्तीति संशयः कस्य भवतु। संशयो हि विज्ञानाख्यो गुण एव, न च गुणिनमन्तरेण गुणः सिध्यति।

अभाव में विषयी अर्थात् ज्ञान की उत्पत्ति नहीं हो सकती। शरीर ही इस ज्ञान का विषय है–अर्थात् 'अहम्' (मैं) का अर्थ आत्मा नहीं वरन् शरीर है, ऐसा कहना उचित नहीं, क्यों कि–ऐसा होता तो मृत शरीर में भी अहम्प्रत्यय होने लगता। आत्मा को विषय करनेवाले इस अम्हप्रत्यय की विद्यमानता में 'मैं हूँ या नहीं हूँ', इस प्रकार का संशय ही नहीं होता है, अहम्प्रत्यय के विषयभूत आत्मा का सद्भाव होने से 'मै हूँ' इस प्रकार का निश्चय ही हो सकता है। आत्मा के अस्तित्व के विषय में संशय किया जाय तो प्रश्न उपस्थित होता है कि यह अहम्प्रत्यय किसे होता है। विना कारण के ही तो उसकी उत्पत्ति नहीं हो सकती। यदि संशय करने वाला जीव ही नहीं है तो 'है या नहीं?' इस प्रकार का संशय करता कौन है? संशय एक प्रकार का ज्ञान–गुण है और गुण, गुणी के अभाव में नहीं हो सकता।

વિષયના અભાવમાં વિષયી અર્થાત્ જ્ઞાનની ઉત્પત્તિ નથી થઈ શકતી. શરીર જ આ જ્ઞાનનો વિષય છે, અર્થાત્ 'અહમ્,' (હું) નો અર્થ આત્મા નથી બલ્કે શરીર છે, એમ કહેવું તે ઉચિત નથી, કેમકે જો એમ હોય તો મૃત શરીરમાં અહમ્પ્રત્યય થઈ શકશે. આત્માને વિષય કરવા વાળો આ–અહમ્પ્રત્યયની વિદ્યમાનતામાં "હું છું કે નથી" આ પ્રકારનો સંશય જ થતો નથી અહમ્પ્રત્યયના વિષયભૂત આત્માનો સદ્ભાવ હોવાથી "હું છું" આ પ્રકારનો નિશ્ચય જ થઈ શકે છે. આત્માના અસ્તિત્વના વિષયમાં સંશય કરવામાં આવે તો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ અહમ્પ્રત્યય કોને થાય છે? કારણ વિના તો તેની ઉત્પત્તિ થઈ શકતી નથી જો સંશય કરવા વાળો જીવ નથી તો "હું છું કે નહિ" એ પ્રકારનો સંશય કરનાર કોણ છે? સંશય એક પ્રકારનો જ્ઞાન–ગુણ છે, અને ગુણ ગુણીના અભાવમાં થઈ શકતો નથી.

न च देहाऽत्र गुणीति वाच्यम्, देहस्य मूर्तत्वाद् जडत्वाच्च ज्ञानस्य चामूर्तत्वाद् बोधरूपत्वाच्च । अहं नाहं वेतिगदतो 'माता मे वन्ध्या' इत्यादिवत् स्ववचनव्याघातः ।

(४) यद्वा–आत्मा गुणी प्रत्यक्ष एव, स्मृति–जिज्ञासा–चिकीर्षा–जिगमिषा–संशयादिज्ञानविशेषाणां तद्गुणानां स्वात्मनि स्वसंवेदनप्रत्यक्ष–सिद्धत्वात्, इह यस्य गुणाः प्रत्यक्षाः स प्रत्यक्षो दृष्टः, यथा घटः, प्रत्यक्षगुणश्चात्मा, तस्मात् प्रत्यक्षः । यथा घटोऽपि गुणी रूपादिगुणप्रत्यक्षत्वादेव प्रत्यक्षः, तथा विज्ञानादिगुणप्रत्यक्षत्वादात्मापीति ।

यहाँ यह कहना ठीक नहीं है कि–'देह गुणी है', क्यों कि देह मूर्त है और जड है जब कि ज्ञान अमूर्त है और चेतनरूप है । मूर्त गुणी का अमूर्त गुण नहीं हो सकता और न जड का गुण चेतना हो सकता है । इस कारण 'मैं हूँ या नहीं' इस प्रकार कहने वाले को 'मेरी माता वन्ध्या है' ऐसा कहने वाले के समान स्ववचनबाधा दोष आता है ।

(४) अथवा आत्मा गुणी प्रत्यक्ष से ही सिद्ध है, क्योंकि स्मृति, जिज्ञासा, करने की इच्छा, गमन की इच्छा, संशय आदि ज्ञान–जो आत्मा के गुण है–अपनी आत्मा में प्रत्यक्ष से सिद्ध हैं, जिस पदार्थ के गुण प्रत्यक्ष से प्रतीत होते हैं वह पदार्थ भी प्रत्यक्ष माना जाता है, जैसे घट, आत्माके गुण भी प्रत्यक्ष से प्रतीत होते हैं इस कारण आत्मा प्रत्यक्ष है । घट के रूप आदि गुणों का प्रत्यक्ष होने से ही गुणी घट का प्रत्यक्ष होना देखा जाता है, इसी प्रकार विज्ञान आदि गुणों का प्रत्यक्ष होने से आत्मा भी प्रत्यक्ष है ।

અહીં 'દેહ ગુણી છે' એમ કહેવું તે ઠીક નથી, કારણ કે દેહ મૂર્ત છે અને જડ છે. જ્યારે જ્ઞાન અમૂર્ત છે અને ચેતનરૂપ છે. મૂર્ત ગુણીનો અમૂર્ત ગુણ હોઇ શકે નહિ. અને જડનો ગુણ ચેતન થઈ શકે નહિ. આ કારણથી. "હું છું કે નહિ" એ પ્રમાણે કહેવાવાળાને "મારી માતા વંધ્યા છે" એ પ્રમાણે કહેનારના જેવો સ્વવચનબાધા નામનો દોષ આવે છે.

(૪) અથવા–આત્મા ગુણી પ્રત્યક્ષથી જ સિદ્ધ છે, કેમકે–સ્મૃતિ, જીજ્ઞાસા, કરવાની ઇચ્છા, ગમનની ઇચ્છા, સંશય આદિજ્ઞાન વગેરે જે આત્માના ગુણ છે તે પોતાના આત્મામાં પ્રત્યક્ષથી સિદ્ધ છે. જે પદાર્થનો ગુણ પ્રત્યક્ષથી પ્રતીત થાય છે તે પદાર્થ પણ પ્રત્યક્ષ માનવામાં આવે છે. જેમ–ઘટ, આત્માનો ગુણ પ્રત્યક્ષથી પ્રતીત થાય છે. તે કારણથી આત્મા પ્રત્યક્ષ છે. ઘટના રૂપ આદિ ગુણો પ્રત્યક્ષ હોવાથી જ ગુણી ઘટનું પ્રત્યક્ષ હોવું જોવામાં આવે છે. તે પ્રમાણે વિજ્ઞાન આદિ ગુણો પ્રત્યક્ષ હોવાથી આત્મા પણ પ્રત્યક્ષ છે.

न चाऽनैकान्तिकोऽयं हेतुः, यस्मादाकाशगुणः शब्दः प्रत्यक्षोऽस्ति, न पुनराकाशमिति वाच्यम्, शब्दस्याकाशगुणत्वाभावात्। शब्दो हि पुद्गलगुणः ऐन्द्रियकत्वाद् रूपादिवदिति।

अस्तु, गुणाः प्रत्यक्षाः, गुणिनस्तु प्रत्यक्षत्वे किं मानम्? उच्यते—गुणेभ्योऽनन्यो गुणीति ज्ञानादिगुणानां प्रत्यक्षत्वादेवात्माऽपि गुणी प्रत्यक्षेण ज्ञायते। यदि गुणेभ्योऽन्यो गुणी स्यात्, तदा घटादयोपि गुणिनः प्रत्यक्षा न भवेयुः,

---

शङ्का—आप का दिया हुआ हेतु अनैकान्तिक है, क्यों कि आकाश के गुण शब्द का तो प्रत्यक्ष होता है किन्तु आकाश का प्रत्यक्ष नहीं होता।

समाधान—ऐसा न कहिए, क्यों कि शब्द आकाश का गुण नहीं है। शब्द पुद्गल का गुण है, क्यों कि वह इन्द्रिय (श्रोत्रेन्द्रिय) का विषय है, जो इन्द्रिय का विषय होता है वह पौद्गलिक ही होता है, जैसे—रूप आदि

शङ्का—गुणों को प्रत्यक्ष मान लें किन्तु गुणी के प्रत्यक्ष होने में क्या प्रमाण है?

समाधान—गुण और गुणी का कथंचित् तादात्म्य सम्बन्ध है—गुणी, गुणों से अभिन्न होता है, अत एव गुणों का प्रत्यक्ष होने से आत्मा गुणी भी प्रत्यक्ष से प्रतीत होता है। अगर गुणी, गुणों से भिन्न होता तो गुणी घट आदिका भी प्रत्यक्ष न होता, क्योंकि सिर्फ रूपादि गुणों से भिन्न घट का कभी प्रत्यक्ष नहीं होता।

શંકા—આપે જે હેતુ અહિં આપ્યો છે તે અનૈકાન્તિક છે; કેમકે આકાશનો ગુણ શબ્દ તે તો પ્રત્યક્ષ થાય છે, પરંતુ આકાશ પ્રત્યક્ષ થતું નથી.

સમાધાન—એ પ્રમાણે ન કહો, કેમકે શબ્દ તે આકાશનો ગુણ નથી પણ શબ્દ તે પુદ્ગલનો ગુણ છે. કેમકે તે ઈન્દ્રિય (શ્રોત્રેન્દ્રિય)નો વિષય છે. જે ઇન્દ્રિયનો વિષય હોય છે તે પૌદ્ગલિક જ હોય છે, જેમ—રૂપ આદિ.

શંકા—ગુણોને પ્રત્યક્ષ માની લઈએ. પરંતુ ગુણીના પ્રત્યક્ષપણામાં શું પ્રમાણ છે?

સમાધાન—ગુણ અને ગુણીનો કંથચિત્ તાદાત્મ્ય સંબંધ છે—ગુણી, ગુણોથી અભિન્ન હોય છે, એટલે ગુણોના પ્રત્યક્ષપણાથી આત્મા ગુણી પણ પ્રત્યક્ષ પ્રતીત થાય છે. અગર જો ગુણી, ગુણોથી ભિન્ન હોત તો ગુણી ઘટ આદિ પણ પ્રત્યક્ષ થઈ શકત નહિ. કેમકે માત્ર રૂપાદિ ગુણોજ પ્રત્યક્ષ હોય છે, રૂપાદિ ગુણોથી ભિન્ન

रूपादिगुणमात्रस्यैव प्रत्यक्षत्वात्। अन्यस्मिन् ज्ञातेऽन्यज्ज्ञातं न भवति, यथा घटे ज्ञाते पटो न ज्ञायते। गुणाः कदापि द्रव्याद् भिन्नतया सत्तां न लभन्ते, एवं द्रव्यमपि गुणेभ्यो भिन्नतया न सत्तां लभते। अयं गुणः, अयं गुणीति नाममात्रतो भेदसत्त्वेऽपि न तत्त्वतो भेदः। यथा–अग्निर्गुणी स्वकीयादुष्णत्वगुणादत्यन्तभिन्नः स्यात्तर्हि दाहकार्यं कर्तुमसौ न शक्नुयात्।

तथा–यद्यात्मा ज्ञानगुणादत्यन्तभिन्नो भवेत् तदा तस्य जड़त्वापत्तिः स्यात्। तस्माद् द्रव्यगुणयोर्भेदो न कदाचिदासीत्, नाप्यस्ति, न च भविष्यतीति सिद्धम्।

तुष्यतु दुर्जनन्यायेन तव मते गुणेभ्यः भिन्नत्वाङ्गीकारेऽप्यात्मा प्रत्यक्षो मा

अन्य का ज्ञान होने से अन्य का बोध नहीं हो जाता। जैसे–घट के जाननेसे पट मालूम नहीं होता। गुण द्रव्य से भिन्न कदापि नहीं रह सकते, और द्रव्य भी गुणों से भिन्न कदापि नहीं रह सकता। 'यह गुण है, यह गुणी है' इस प्रकारका भेद नाममात्रका है, वास्तव में गुण–गुणी में भेद नही है। अगर अग्नि गुणी अपने उष्णतागुण से अत्यन्त भिन्न होता तो वह दाह–कार्य (जलाने का कार्य) करने में असमर्थ होता।

दूसरी बात यह है कि–आत्मा यदि अपने ज्ञानगुण से भिन्न होता तो आत्मा में जडता आ जाती। अत एव द्रव्य और गुण का भेद न कभी था, न है, और न होगा।

दुर्जनसन्तोषन्याय से, तुम्हारे मत के अनुसार कदाचित् यह मान लिया जाय कि आत्मा गुणों से भिन्न है और इस कारण आत्मा का प्रत्यक्ष भले ही न हो

ઘટ કયારેય પ્રત્યક્ષ નથી થતો. અન્યનું જ્ઞાન થવાથી અન્યનો બોધ થતો નથી, જેમકે ઘટના જ્ઞાનથી પટ માલૂમ થતો નથી (પટનું જ્ઞાન થતું નથી;). ગુણ, દ્રવ્યથી ભિન્ન કદાપિ રહી શકતો નથી. 'આ ગુણ છે અને આ ગુણી છે' એ પ્રકારનો ભેદ નામમાત્રનો છે વાસ્તવિક રીતે ગુણ–ગુણીમાં ભેદ નથી. અગર અગ્નિ ગુણી પોતાના ઉષ્ણતાગુણથી અત્યન્ત ભિન્ન થઈ જાય તો તે દાહકાર્ય (બાળવાનું કાર્ય) કરવામાં અસમર્થ થઈ જાય છે.

બીજી વાત એ છે કે–આત્મા જો પોતાના જ્ઞાનગુણથી ભિન્ન હોય તો આત્મામાં જડતા આવી જાય. એટલા માટે દ્રવ્ય અને ગુણનો ભેદ કોઇ પણ વખતે હતો નહિ, છે નહિ અને થશે પણ નહિ.

દુર્જનસંતોષ ન્યાયથી તમારા મત પ્રમાણે કદાચિત્ એમ માની લઈએ કે આત્મા ગુણોથી ભિન્ન છે, અને તે કારણે આત્મા પ્રત્યક્ષ ભલે ન થાય તો પણ

भवतु, अस्तित्वं च तस्य निर्बाधमेव। ज्ञानादिगुणाः सन्ति यस्य स गुणिरूप आत्मा कथमपलप्येत।

ननु देह एव ज्ञानादिगुणाः उपलभ्यन्ते तदाश्रयतया देह एव रूपादीनां घट इव गुणी सिध्यति, न त्वात्मा। प्रयोगश्चैवम्–देहगुणा एव ज्ञानादयः, तत्रैवोपलभ्यमानत्वाद्, गौरकृशस्थूलतादिवदिति चेन्न, ज्ञानादयो गुणा न देह–सम्बन्धिनः, अमूर्तत्वाद्, अचाक्षुषत्वाद् वा, गगनवत्। द्रव्यविरहितो गुणो न भवति।

तथापि उसके अस्तित्व में कोई बाधा नही आती। जिस के ज्ञानादि गुण मौजुद हैं उस गुणीरूप आत्मा का अपलाप किस प्रकार किया जा सकता है ?।

शङ्का—देह में ही ज्ञानादि गुण पाये जाते हैं, अतः इन गुणों का आधार गुणी देह ही है, जैसे–रूपादि गुणों का आधार घट है। आत्मा ज्ञानादि गुणों का आश्रयभूत गुणी नहीं है। अनुमान इस प्रकार है—ज्ञान आदि देह के गुण हैं, क्यों कि वे देह में ही उपलब्ध होते, जैसे–गौरपन, दुबलापन और स्थूलता आदि।

समाधान—यह कहना ठीक नहीं, ज्ञान आदि गुण देह के नहीं हैं, क्यों कि वे अमूर्त्त हैं और अचाक्षुष (जो आंखसे नहीं दीखता) हैं, जो अमूर्त्त और अचाक्षुष होते हैं वे देहके गुण नहीं होते, जैसे आकाश।

गुण, द्रव्य के विना रह नहीं सकते अतः ज्ञान आदि गुणोंका आधारभूत कोई द्रव्य अवश्य होना चाहिए। ज्ञानादि गुणोंके अनुरूप जो अरूपी एवं अचाक्षुष गुणी हैं वह देह से भिन्न आत्मा ही है।

આત્માના અસ્તિત્વમાં કોઈ પ્રકારની હરકત આવતી નથી. જેના જ્ઞાનાદિ ગુણ હૈયાત છે, તે ગુણીરૂપ આત્માનો અપલાપ–(છતી વસ્તુને નથી એમ કહેવું તે) કેમ કરવામાં આવે ?.

શંકા—દેહમાં જ જ્ઞાનાદિ ગુણ દેખાય છે, તે કારણથી એ ગુણોનો–આધાર ગુણી દેહ જ છે, જેમ રૂપાદિ ગુણોનો આધાર ઘટ છે. આત્મા જ્ઞાનાદિ ગુણોનો આશ્રયભૂત ગુણી નથી. અનુમાન આ પ્રમાણે છે–જ્ઞાન આદિ દેહના ગુણ છે, કેમકે તે દેહમાં જ ઉપલબ્ધ જણાય છે, જેમકે ગોરાપણું, દુબલાપણું અને સ્થૂળતા––જાડાપણું વગેરે.

સમાધાન—એ પ્રમાણે કહેવું તે યોગ્ય નથી; જ્ઞાન આદિ ગુણ તે દેહના ગુણ નથી, કેમકે તે અમૂર્ત્ત છે, અને અચાક્ષુષ છે. (જે નેત્રથી દેખાતા નથી). જે અમૂર્ત્ત અને અચાક્ષુષ હોય છે તે દેહના ગુણ થઈ શકતા નથી, જેમ આકાશ. ગુણ, દ્રવ્ય વિના રહી શકતા નથી, તે કારણથી જ્ઞાન આદિ ગુણોના આધારભૂત કોઈ દ્રવ્ય હોવું જોઇએ. એટલા માટે જ્ઞાનાદિ ગુણોને અનુરૂપ જે અરૂપી અને અચાક્ષુષ ગુણી છે, તે દેહથી ભિન્ન આત્મા જ છે.

तस्माद् ज्ञानादिगुणानामनुरूपो यो रूपरहितोऽचाक्षुषश्च गुणी स देहाद् भिन्न आत्माऽस्तीति विज्ञेयः ।

न च ज्ञानादयो गुणा न देहसम्बन्धिन इत्यनुमानं प्रत्यक्षबाधितम्, ज्ञानादिगुणानां देह एव प्रत्यक्षेण ज्ञानसद्भावादिति वाच्यम्, अस्य प्रत्यक्षस्यानुमानबाधितत्वात् । शरीरेन्द्रियभिन्नं ज्ञानादिगुणवत्त्वमनुमानेन सिध्यति । तथाहि—शरीरेन्द्रियभिन्नो ज्ञानादिगुणवान्, तदुपरमेऽपि तदुपलब्धार्थानुस्मरणात् । यो हि यदुपरमेऽपि यदुपलब्धमर्थमनुस्मरति, स तस्मादन्यो दृष्टः, यथा—पञ्चवातायनोपलब्धार्थानुस्मर्ता देवदत्तः, इत्यादि । केनचित् कारणेन दृष्टिशक्तिविघातेऽपि पूर्वदृष्टपदार्थानुस्मरणं भवतीत्यतो देहेन्द्रियादिभिन्न आत्मा गुणी सिध्यति ।

ज्ञानादि गुण देहसम्बन्धी नहीं हैं, यह अनुमान, प्रत्यक्ष से बाधित है, क्यों कि—प्रत्यक्षप्रमाण से वे देह में ही प्रतीत होते हैं, यह कथन ठीक नहीं है, क्यों कि यह प्रत्यक्ष ही अनुमान से बाधित है । अनुमान से यह सिद्ध है कि—ज्ञान आदि गुणों का आधार शरीर और इन्द्रियों से कोई भिन्न पदार्थ (आत्मा) ही है । अनुमान इस प्रकार है—ज्ञानादि गुणों का आधार शरीर और इन्द्रियों से भिन्न है, क्यों कि उनके नष्ट हो जाने पर भी उनके द्वारा जाने हुए पदार्थ का स्मरण होता है । जिसके नष्ट हो जाने पर भी, जिसके द्वारा जाने हुए पदार्थ का जो स्मरण करता है वह उस से भिन्न होता है । जैसे—पांच खिडकियों द्वारा जाने हुए पदार्थों को स्मरण करने वाला देवदत्त है, उसको किसी कारण से देखने की शक्ति नष्ट हो जाने पर भी पहले देखे हुए पदार्थ का स्मरण होता है । इस से भलीभाँति सिद्ध है कि—देह और इन्द्रिय आदि से भिन्न आत्मा ही गुणी है ।

જ્ઞાનાદિ ગુણ દેહસંબંધી નથી, કારણ કે તે અનુમાન પ્રત્યક્ષથી બાધિત છે, કેમકે પ્રત્યક્ષ પ્રમાણથી તે દેહમાં જ પ્રતીત થાય છે; તે કથન ઠીક નથી. કેમકે તે પ્રત્યક્ષ અનુમાનથી બાધિત છે. અનુમાનથી એ સિદ્ધ છે કે જ્ઞાન આદિ ગુણોનો આધાર શરીર અને ઇન્દ્રિયોથી કોઈ ભિન્ન પદાર્થ (આત્મા) જ છે. અનુમાન આ પ્રમાણે છે—જ્ઞાનાદિ ગુણોનો આધાર શરીર અને ઇન્દ્રિયોથી ભિન્ન છે, કેમકે તેના નષ્ટ થવા છતાંય તેના દ્વારા જાણેલા પદાર્થનું સ્મરણ હોય છે. જેના નષ્ટ થયા પછી પણ, જેના દ્વારા જાણેલો પદાર્થ તેનું જે સ્મરણ કરે છે તે તેનાથી ભિન્ન હોય છે. જેમ પાંચ બારીઓ દ્વારા જોવા વાળા પદાર્થોનું સ્મરણ કરવા વાળો દેવદત્ત છે. તેને કોઈ કારણથી દેખવાની શક્તિ નષ્ટ થઇ જવા છતાંય પ્રથમ દેખેલા પદાર્થોનું

एवं च प्रत्यक्षप्रमाणेनात्मनोऽस्तित्वं निरूपितम्।

अथ ज्ञानादिगुणानां स्वात्मनि प्रत्यक्षतया तदनन्यभूतः स्वात्माऽपि प्रत्यक्षो भवतु, परशरीरे तु कथमात्मनोऽस्तित्वं विजानीयात्? इति, उच्यते-यथा स्वदेहे प्रत्यक्षेणात्मा विज्ञायते, तथा परदेहेऽप्यनुमानतो विज्ञेयः।

(१) परशरीरं सात्मकम् इष्टानिष्टयोः प्रवृत्तिनिवृत्तिदर्शनात्, यत्रेष्टानिष्टयोः प्रवृत्तिनिवृत्ती दृश्येते, तत् सात्मकं दृष्टं यथा-स्वशरीरम्, तथा यत्

इस प्रकार प्रत्यक्ष प्रमाण से आत्मा का अस्तित्व निरूपण किया गया।

अनुमान से आत्मा की सिद्धि-

शङ्का-ज्ञान आदि गुणों का अपनी आत्मा में प्रत्यक्ष होने से उन गुणों से अभिन्न अपनी आत्मा को प्रत्यक्ष मान लिया जाय किन्तु दूसरे के शरीर में आत्मा का अस्तित्व कैसे जान सकते हैं?

समाधान—जैसे-अपने शरीर में प्रत्यक्ष प्रमाण से आत्मा प्रतीत होता है, उसी प्रकार दूसरे के शरीर में अनुमानप्रमाण से आत्मा समझना चाहिए।

अनुमान प्रमाण इस प्रकार है—

(१) दूसरे का शरीर सात्मक (आत्मा से युक्त) है, क्यों कि उस की इष्ट में प्रवृत्ति और अनिष्ट में निवृत्ति देखी जाती है। जहाँ इष्ट-अनिष्ट में प्रवृत्ति और निवृत्ति देखी जाती है, वह सात्मक होता है, जैसे-अपना शरीर। तथा जो सात्मक

સ્મરણ રહે છે તેથી બરાબર સિદ્ધ છે કે દેહ અને ઈન્દ્રિય આદિથી ભિન્ન આત્મા જ ગુણી છે.

આ પ્રમાણે પ્રત્યક્ષપ્રમાણથી આત્માના અસ્તિત્વનું નિરૂપણ કર્યું છે.

અનુમાનથી આત્માની સિદ્ધિ—

શંકા—જ્ઞાન આદિ ગુણો પોતાના આત્મામાં હોવાથી, તે ગુણોથી અભિન્ન પોતાના આત્માને તો પ્રત્યક્ષ માની લેવામાં આવે, પરંતુ બીજાના શરીરમાં આત્માનું અસ્તિત્વ કેવી રીતે જાણી શકાય?

સમાધાન—જેવી રીતે પોતાના શરીરમાં પ્રત્યક્ષપ્રમાણથી આત્મા પ્રતીત થાય છે તે પ્રમાણે બીજાના શરીરમાં અનુમાનપ્રમાણથી આત્મા સમજવો જોઈએ. અનુમાનપ્રમાણ આ પ્રમાણે છે:-

(૧) બીજાનું શરીર સાત્મક (આત્માથીયુક્ત) છે, કેમકે તેની ઈષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટમાં નિવૃત્તિ જોવામાં આવે છે. જ્યાં ઈષ્ટ-અનિષ્ટમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ જોવામાં આવે છે તે સાત્મક હોય છે. જેમ પોતાનું શરીર. તથા જે સાત્મક

सात्मकं न भवति तत्रेष्टानिष्टप्रवृत्तिनिवृत्ती न भवतः, यथा घट इति। तथा च परशरीरे प्रवृत्तिनिवृत्ती दृश्येते तस्मात् तत् सात्मकम् , इति।

यद्वा–शरीरं सकर्तृकं, आदिमत्प्रतिनियताकारत्वात् , यत् पुनरकर्तृकं तद् आदिमत्प्रतिनियताकारमपि न भवति, यथा–अभ्रविकारः। यश्च कर्ता शरीरस्य, स आत्मा। मेर्वादावनैकान्तिकत्ववारणायादिमत्त्वविशेषणम् ।

यद्वा–अस्तीन्द्रियाणामधिष्ठाता–आत्मा, तत्रानुमानप्रयोगश्चेत्थम्—

नहीं होता उसमें इष्ट–अनिष्ट की प्रवृत्ति–निवृत्ति भी नहीं होती, जैसे घट। दूसरे के शरीर में भी प्रवृत्ति–निवृत्ति देखी जाती है अतः वह सात्मक है।

(२) शरीर सकर्तृक (कर्ता से युक्त) है, क्यों कि वह आदिवाला और नियत आकार वाला है, जैसे घट। जो सकर्तृक नहीं होता वह आदि वाला और नियत आकार वाला नहीं होता, जैसे मेघों का विकार (बनावट)। शरीर का जो कर्ता है वही आत्मा है। यहाँ नियत आकार वाले सुमेरु आदि से व्यभिचार (हेतु हो और साध्य न हो) निवारण करने के लिए ' आदि वाला ' विशेषण लगाया गया है।

अथवा इन्द्रियोंका अधिष्ठाता आत्मा है, इस विषय में अनुमान का प्रयोग इस प्रकार करना चाहिए :–

(આત્માથીયુક્ત) નથી, તેમાં ઇષ્ટ–અનિષ્ટની પ્રવૃત્તિ–નિવૃત્તિ પણ થતી નથી, જેમકે–ઘટ, બીજાના શરીરમાં પણ પ્રવૃત્તિ–નિવૃત્તિ જોવામાં આવે છે, તેથી તે સાત્મક છે.

(૨) શરીર સકર્તૃક (કર્તાથી યુક્ત) છે. કેમકે તે આદિવાળું અને નિયત આકાર વાળું છે; જેમ ઘટ. જે સકર્તૃક નથી હોતાં તે આદિવાળાં અને નિયમ આકાર વાળાં નથી હોતાં જેમ મેઘોનો વિકાર (બનાવટ). શરીરનો જે કર્તા છે તે આત્મા છે. અહિં નિયત આકારવાળા સુમેરુ આદિથી વ્યભિચાર (હેતુ હોય અને સાધ્ય ન હોય) નિવારણ કરવા માટે ' આદિવાળા ' વિશેષણ લગાવ્યું છે.

અથવા–ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા આત્મા છે. આ વિષયમાં અનુમાનનો પ્રયોગ આ પ્રમાણે કરવો જોઈએ–

(३) इन्द्रियं साधिष्ठातृकं, करणत्वात् , यथा चक्रचीवरमृत्सूत्रदण्डादयः, अस्ति हि चक्रचीवरादीनामधिष्ठाता कुलालः। यच्च निरधिष्ठातृकं तत् करणमपि न भवति, यथा–आकाशम् , यश्चेन्द्रियाणामधिष्ठाता स आत्मेति ।

(४) यद्वा–इन्द्रियविषयाणामादाता संभवति, इन्द्रियविषया शब्दादय आदातृसहिताः आदानादेयभावसद्भावात् , संदंशकलोहवत् । यथा लोके संदंशकलोहानामयस्कार आदाताऽस्ति । इन्द्रियविषयाणां चादानादेयभावो विद्यते, अतस्तेषामप्यादाताऽस्तीत्यनुमीयते । यत्र तु आदाता नास्ति, तत्रादानादेयभावोऽपि न विद्यते, यथा–आकाशे ।

---

(३) इन्द्रियाँ किसी सधिष्ठाता से युक्त हैं, क्यों कि–वे करण हैं, जैसे चक्र, चीवर, मृत्तिका, सूत और दण्ड आदि । चक्र, चीवर आदि का अधिष्ठाता कुंभार है, जिस का कोई अधिष्ठाता नहीं होता वह करण भी नहीं होता, जैसे—आकाश । इन्द्रियों का जो अधिष्ठाता है, वही आत्मा है ।

(४) अथवा इन्द्रियों के विषय शब्द आदि आदातायुक्त (ग्रहण करने वाले से युक्त) हैं, क्यों कि उन में आदान आदेयभाव मौजूद है, जैसे संडासी और लोहे में, तात्पर्य यह है कि—लोक में संडासी और लोहे में आदान (लेना) आदेयभाव (जो लिया जाय) प्रसिद्ध है और उन का आदाता लुहार है, इसी प्रकार इन्द्रियों तथा विषयों का भी आदान–आदेयभाव है, अतः उनका भी कोई आदाता होना चाहिए । जहाँ आदाता नहीं होता वहाँ आदान–आदेयभाव भी नहीं होता, जैसे–आकाश में ।

---

(૩) ઇન્દ્રિયો કોઈ પણ અધિષ્ઠાતાથી યુક્ત છે, કેમકે તે કરણ છે; જેમકે ચક્ર, ચીવર, મૃત્તિકા, સૂત અને દંડ આદિ. ચક્ર, ચીવર વગેરેનો અધિષ્ઠાતા કુંભાર છે, જેનો કોઈ અધિષ્ઠાતા હોય નહિ, તે કરણ પણ હોય નહિ; જેમકે–આકાશ. ઇન્દ્રિયોનો જે અધિષ્ઠાતા છે, તે આત્મા છે.

(૪) અથવા–ઇન્દ્રિયોના વિષય શબ્દ આદિ આદાનયુક્ત–(ગ્રહણ કરવાવાળા–યુક્ત) છે, કેમકે તેમાં આદાન–આદેય ભાવ મોજુદ છે. જેમ સાણસી અને લોહમાં. તાત્પર્ય એ છે કે લોકમાં સાણસી અને લોહમાં આદાન–આદેય ભાવ પ્રસિદ્ધ છે. અને તેના આદાતા લુહાર છે; આ પ્રમાણે ઇન્દ્રિયો તથા વિષયોનો પણ આદાન–આદેય ભાવ છે તેથી તેનો પણ કોઈ આદાતા હોવો જોઈએ જ્યાં આદાતા નથી, ત્યાં આદાન–આદેય ભાવ પણ હોય નહિ, જેમ આકાશમાં.

(५) यद्वा–देहादिकं विद्यमानभोक्तृकम्, भोग्यत्वात्, यथा–अन्नवस्त्रादिकम्। अन्नवस्त्रादीनां भोक्ता मनुष्योऽस्ति। यस्य च भोक्ता नास्ति तद् भोग्यमपि न भवति, यथा खरविषाणम्, भोग्यं च शरीरादिकं, तस्माद् विद्यमानभोक्तृकम्।

(६) यद्वा–अस्ति देहादिकं सस्वामिकं, संघातरूपत्वात्, मूर्तिमत्त्वात्, ऐन्द्रियत्वात्, चाक्षुषत्वात्, यथा–गृहादिकम्। गृहादीनां स्वामिनः देवदत्तादयः सन्ति। यत् पुनरस्वामिकं तत् संघातरूपं न भवति, मूर्तिमन्न भवति, ऐन्द्रियं न भवति, चाक्षुषं च न भवति, यथा–गगनकुसुमम्। देहादिकं, चास्ति संघातादिरूपम्, तस्माद् विद्यमानस्वामिकम्। यश्च देहादीनां स्वामी स चात्मेति।

---

(५) अथवा–देह आदि का भोक्ता कोई अवश्य है, क्यों कि वे भोग्य हैं, जो भोग्य होते हैं उन का भोक्ता भी होता है, जैसे—अन्न, वस्त्र आदि का। अन्न–वस्त्र आदिका भोक्ता मनुष्य है। जिसका भोक्ता नहीं होता वह भोग्य भी नहीं होता, जैसे गधे का सींग। शरीर आदि भोग्य हैं अतः उनका भोक्ता अवश्य है।

(६) अथवा–देह आदि का कोई स्वामी है, क्यों कि वे संघातरूप हैं, मूर्तिमान् हैं, इन्द्रियों के विषय हैं और चाक्षुष हैं, घर आदि के समान। घर आदि के स्वामी देवदत्त आदि हैं। जिसका कोई स्वामी नहीं होता वह संघातरूप नहीं होता, मूर्तिमान् नहीं होता, इन्द्रिय का विषय नहीं होता, और चाक्षुष (आंख से दीखने वाला) भी नहीं होता, जैसे—आकाशपुष्प। देह आदि संघातरूप हैं, अतः उन का स्वामी अवश्य है। देह आदि का जो स्वामी है वही आत्मा है।

---

(૫) અથવા–દેહ આદિનો ભોક્તા કોઈ અવશ્ય છે, કેમકે તે ભોગ્ય છે, જે ભોગ્ય હોય છે, તેનો ભોકતા પણ હોય છે. જેમકે અન્ન, વસ્ત્ર આદિનો. અન્ન–વસ્ત્ર આદિનો ભોકતા મનુષ્ય છે. જેનો ભોકતા નથી તે ભોગ્ય પણ નથી, જેમ ગધેડાના શીંગ. શરીર આદિ ભોગ્ય છે, તેથી તેનો ભોકતા અવશ્ય છે.

(૬) અથવા દેહ આદિનો કોઈ સ્વામી છે, કેમકે–તે સંઘાતરૂપ છે, મૂર્તિમાન છે, ઈન્દ્રિયોનો વિષય છે. અને ચાક્ષુષ છે, ઘર આદિ પ્રમાણે. ઘર આદિનો સ્વામી દેવદત્ત આદિ છે. જેનો કોઈ સ્વામી નથી તે સંઘાતરૂપ પણ નથી, અને તે મૂર્તિમાન પણ હોય નહિ, ઈન્દ્રિયોનો વિષય પણ હોય નહિ અને ચાક્ષુષ (નેત્રથી જોઈ શકાય તેવો) પણ હોય નહિ, જેમકે આકાશપુષ્પ. દેહ આદિ સંઘાતરૂપ છે, તેથી તેનો સ્વામી અવશ્ય છે, દેહ આદિનો સ્વામી છે, તે આત્મા છે.

न च–आदिमत्प्रतिनियताकारत्वादिहेतुभिः शरीरादीनां कर्त्रादय एव सिध्यन्ति, न तु प्रस्तुत आत्मेति वाच्यम्। अन्यस्येश्वरादेर्युक्त्यसहत्वेन कर्तृत्वाद्यसंभवाद् देहादीनां कर्ता, अधिष्ठाता, आदाता, भोक्ता, स्वामी चायमात्मैवेति निश्चयात्।

ननु—घटादीनां कर्त्रादिरूपाः कुलालादयो मूर्तिमन्तः संघातरूपा अनित्यादिस्वभावाश्च दृष्टाः, इत्यतो जीवोऽप्येतादृश एव सिध्यति, एतद्विपरीतश्चास्माकं साधनीयः, इत्येवं साध्यविरुद्धसाधकतया हेतूनां विरुद्धत्वापत्तिरिति चेन्मैवम्, संसारिणमात्मानं साधयितुं प्रवृत्तानामस्माकमेतद्दोषासंभवात्। संसारी चात्माऽष्टविधकर्म-

---

पूर्वोक्त–'आदिमान होते हुए नियत आकार वाले होने से' इत्यादि हेतुओं से शरीर आदि के कर्ता आदि ही सिद्ध होते हैं, प्रस्तुत आत्मा सिद्ध नहीं होता, ऐसा नहीं कहना चाहिये क्यों कि–आत्मा से भिन्न ईश्वर आदिका कर्तापन युक्तिसङ्गत नहीं ठहरता, अतः देह आदिका कर्ता, अधिष्ठाता, आदाता, भोक्ता और स्वामी आत्मा ही है, ऐसा निश्चय हो जाता है।

शङ्का—घट आदि के कर्ता कुंभार वगैरह मूर्तिक, संघातरूप और अनित्य आदि स्वभाव वाले देखे जाते हैं, अतः जीव भी ऐसा ही सिद्ध होता है, मगर आपको इस से विपरीत धर्मोंवाला आत्मा सिद्ध करने के कारण पूर्वोक्त हेतुओं में विरुद्ध दोष आता है।

समाधान—ऐसा मत कहो। हम संसारी आत्मा सिद्ध करने के लिए उद्यत

પૂર્વોકત–'આદિમાન હોવા છતાંય નિયત આકારવાળા હોવાથી' ઇત્યાદિ હેતુઓથી શરીર આદિના કર્તા આદિ જ સિદ્ધ હોય છે. પ્રસ્તુત આત્મા સિદ્ધ થતો નથી. એમ નહિ કહેવું જોઈએ, કેમકે આત્માથી ભિન્ન ઈશ્વર આદિનું કર્તાપણું યુકિત સંગત થતું નથી, તેથી દેહ આદિનો કર્તા, અધિષ્ઠાતા, આદાતા, ભોકતા અને સ્વામી આત્મા જ છે. એમ નિશ્ચય થઈ જાય છે.

શંકા–ઘટ આદિના કર્તા કુંભાર વગેરે મૂર્તિક, સંઘાતરૂપ અને અનિત્ય આદિ સ્વભાવવાળા જોવામાં આવે છે, તેથી જીવ પણ એવો જ સિદ્ધ થાય છે પરંતુ તમને તેનાથી વિપરીત ધર્મોવાળો આત્મા સિદ્ધ કરવો છે, એવી સ્થિતિમાં સાધ્યથી વિરૂદ્ધ સિદ્ધ કરવાના કારણે પૂર્વોકત હેતુઓમાં વિરૂદ્ધતા દોષ આવે છે.

સમાધાન–એ પ્રમાણે ન કહો, અમે સંસારી આત્મા સિદ્ધ કરવા માટે તૈયાર થયા

पुद्गलसंघातोपगूढत्वात्, सशरीरत्वाच्च कथंचिन्मूर्तत्वादिधर्मयुक्त एवास्तीति।

(७) यद्वा-'जीव' इति पदं सार्थकं, व्युत्पत्तिमत्त्वे सति असमासपदत्वाद् एकपदत्वाद् घटादिपदवत्। घटादिपदं व्युत्पत्तिमत् असमासपदमेकपदं लोके दृष्टम्, तथा च जीवपदं, तस्मात् सार्थकम्। यत्तु सार्थकं नास्ति तद् व्युत्पत्तिमत् असमासपदमेकपदं च नास्ति, यथा-खरविषाणादिकं, डित्थादिकं च पदम्। जीवपदं च न तथा, तस्मात् सार्थकम्।

यद् व्युत्पत्तिमन्न भवति तदेकपदमपि सद् न सार्थकम्, यथा डित्थादिपदम्, इति हेतोरनैकान्तिकत्वापत्तिस्तद्वारणाय व्युत्पत्तिमत्त्वविशेषणमुपात्तम्।

हुए हैं, इस लिए कोई दोष नहीं आता। संसारी आत्मा आठ कर्मों के समूह से युक्त होने के कारण तथा सशरीर होने के कारण मूर्तत्व आदि धर्मों से युक्त ही है।

(७) अथवा—'जीव' पद का वाच्य अवश्य है, क्यों कि यह पद व्युत्पत्ति वाला होते हुए समासरहित है, एक पद है, घट आदि पदों के समान। घट वगैरह पद व्युत्पत्तिवाले, असमासपद, एक पद लोक में देखे जाते हैं अतः उनके वाच्य भी अवश्य हैं। 'जीव' पद भी ऐसा ही है, अतः वह भी सार्थक है। जो पद सार्थक नहीं होता वह व्युत्पत्तिवाला असमासपद, एक पद भी नहीं होता, जैसे—'खरविषाण' पद, अथवा 'डित्थ' पद, जीव पद ऐसा नहीं है, अतः वह सार्थक है।

जो व्युत्पत्ति वाला नहीं होता वह एक पद होते हुए भी सार्थक नहीं होता, जैसे 'डित्थ' आदि पद। इस हेतु में अनैकान्तिकता निवारण करने के लिए 'व्युत्पत्ति

છીએ, એટલા માટે કોઇ દોષ આવતો નથી, સંસારી આત્મા આઠ કર્મોના સમૂહથી યુક્ત હોવાના કારણે તથા સશરીર હોવાના કારણે મૂર્ત્તત્વ આદિ ધર્મોથી યુક્તજ છે.

(૭) અથવા 'જીવ' પદનો વાચ્ય અવશ્ય છે, કારણ કે આ પદ વ્યુત્પત્તિવાળું હોવા છતાંય સમાસરહિત છે, એક પદ છે, ઘટ આદિ પદોના સમાન. 'ઘટ' એ વ્યુત્પત્તિવાળું અસમાસ પદ એક પદ લોકમાં જોવામાં આવે છે, તે કારણથી તેનું વાચ્ય પણ અવશ્ય છે. 'જીવ' પદ, પણ એવું જ છે, તેથી તે પણ સાર્થક છે. જે પદ સાર્થક નથી થતું તે વ્યુત્પતિવાળા અસમાસ પદ એક પદ પણ થતું નથી. જેમકે ખરવિષાણ (ગધેડાના શીંગ) પદ, અથવા 'ડિત્થ' પદ. જીવ-પદ એવું નથી. તેથી તે સાર્થક છે.

જે વ્યુત્પતિવાળું થતું નથી તે એક પદ હોવા છતાંય પણ સાર્થક નથી થતું, જેમ 'ડિત્થ' આદિ પદ.

આ હેતુમાં અનૈકાન્તિકતા નિવારણ કરવા માટે, 'વ્યુત્પત્તિવાળું' વિશેષણ

यच्चैकपदं नास्ति किन्तु सामासिकम्, तदपि व्युत्पत्तिमत्त्वे सत्यपि सार्थकं नास्ति, यथा खरविषाणादिकमिति। तत्रानैकान्तिकत्त्वापत्तिदोषस्तत्परिहारार्थमेकपदत्वमिति।

ननु देह एव जीवपदस्यार्थोऽस्तु कथं पुनरात्मा विज्ञायेत। देहरूपेऽर्थे जीवशब्दप्रयोगोऽपि दृष्टः, यथा-'अयं जीवः, तस्मान्न हन्तव्यः' इति। अतो देह एव जीवशब्दार्थतया ग्रहीतव्यः, इति चेन्न, पर्यायशब्दभेदाद् देहजीव-शब्दयोरर्थौ भिन्न एवेति बोधनात्, यथा घटाकाशयोः, तत्र-घटकुम्भकलशादयो घटशब्दस्य पर्यायाः, आकाशनभोव्योमादयस्त्वाकाशशब्दपर्यायाः, अतस्तयोरर्थे

वाला' विशेषण लगाया है। तथा जो एक पद नहीं है किन्तु समासयुक्त पद है वह व्युत्पत्तिवाला होते हुए भी सार्थक नहीं होता। जैसे खरविषाण आदि पद। इस में अनैकान्तिकता हटाने के लिए 'एकपद'का प्रयोग किया गया है।

शङ्का-जीव पदका अर्थ देह ही क्यों न मान लिया जाय? आत्मा अर्थ कैसे समझा जाय? देह के अर्थ में जीव शब्दका प्रयोग देखा भी जाता है, जैसे 'यह जीव है, अतः हनन करने योग्य नहीं है'। इस लिए जीव शब्द का अर्थ शरीर ही लेना चाहिए।

समाधान-देहके और जीव के पर्यायवाची शब्द अलग अलग हैं, अतः दोनों का अर्थ अलग-अलग ही मानना चाहिए। जैसे घटके पर्यायवाची कुम्भ, कलश आदि शब्द अलग हैं, और आकाश के पर्यायवाची शब्द नभ, व्योम, गगन आदि

આપ્યું છે. તથા જે એક પદ નથી. પરંતુ સમાસયુક્ત પદ છે તે વ્યુત્પત્તિવાળું હોવા છતાંય સાર્થક થતું નથી. જેમ ખરવિષાણ આદિ પદ, તેમાં અનૈકાન્તિકતા હઠાવવા માટે-'એક પદ'નો પ્રયોગ કરેલો છે.

શંકા—'જીવ' પદનો અર્થ દેહ શા માટે માનવામાં નથી આવતો? આત્મા અર્થ કેમ સમજાય છે? દેહના અર્થમાં જીવ શબ્દનો પ્રયોગ જોવામાં પણ આવે છે. જેમ-'આ જીવ છે, તેથી હણવા યોગ્ય નથી' એટલા માટે જીવ શબ્દનો અર્થ શરીર જ લેવો જોઈએ.

સમાધાન—દેહ અને જીવના પર્યાયવાચી શબ્દ જૂદા જૂદા છે તેથી એ બંનેનો બોધ જૂદો-જૂદો માનવો જોઈએ. જેમ ઘટના પર્યાયવાચી કુંભ, કલશ આદિ શબ્દ અલગ છે, અને આકાશના પર્યાયવાચી શબ્દ-નભ, વ્યોમ, ગગન આદિ શબ્દ અલગ છે. એ કારણથી ઘટનો અર્થ અને આકાશનો અર્થ અલગ છે. એ

भिन्नता प्रतीयते। प्रकृतेऽपि प्राणी, भूतः, जीवः, सत्त्वः, इत्यादयो जीवशब्दस्य पर्यायाः, शरीरं वपुः, कायो, देहः, गात्रमित्यादयस्तु शरीरशब्दपर्याया 'अयं जीवस्तस्मान्न हन्तव्यः' इत्यनेनापि देहस्थितस्य प्राणिन एव हिंसा निषिध्यते।

आप्तागमस्तु समस्त एवात्मानं बोधयति, आत्मतत्त्वस्यैव सम्यग्दर्शनज्ञान–चारित्रार्थं तस्य प्रवृत्तत्वात्। तथापि कानिचिदागमवचनानि प्रमाणतया प्रदर्शयामः-

'से आयावादी' इति प्रस्तुतमेव वचनं तावद् गृहाण। 'से जं पुण

शब्द अलग हैं, इस लिए घटका अर्थ और आकाश का अर्थ अलग–अलग है। इसी प्रकार जीव के पर्यायवाचक प्राणी, भूत, जीव, सत्त्व आदि शब्द अलग हैं और देह के पर्यायवाचक शरीर, वपु, काय, गात्र आदि भिन्न हैं, अतः इन दोनों का अर्थ भी अलग होना चाहिए। 'यह जीव है अतः हनन करने योग्य नहीं है' इस वाक्य द्वारा देह में स्थित प्राणी की ही हिंसा का निषेध किया जाता है।

आगम से आत्मा की सिद्धि–

आप्त पुरुष द्वारा प्रणीत सम्पूर्ण आगम आत्मा का बोधक है। आत्मतत्त्व के सम्यग् दर्शन, ज्ञान, और चारित्र के लिए ही आगम की प्रवृत्ति होती है फिर भी आगम के कतिपय वाक्य प्रमाणरूप में प्रदर्शित करते हैः—

सब से पहले–'**से आयावादी**', इस प्रस्तुत वाक्य को ही लीजिए

પ્રમાણે જીવનાં પર્યાયવાચક–પ્રાણી, ભૂત, જીવ સત્ત્વ આદિ શબ્દ અલગ છે. અને દેહના પર્યાયવાચક–શરીર, વપુ, કાય, ગાત્ર આદિ ભિન્ન છે. તે માટે એ બંનેનો અર્થ પણ અલગ થવો જોઈએ. "આ જીવ છે તેથી હનન કરવા યોગ્ય નથી" આ વાકય દ્વારા દેહમાં રહેલા પ્રાણીની જ હિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે.

આગમથી આત્માની સિધ્ધ—

આપ્ત પુરુષ દ્વારા પ્રણીત સંપૂર્ણ આગમ આત્માનું બોધક છે. આત્મતત્વના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર માટે જ આગમની પ્રવૃત્તિ હોય છે. તો પણ આગમના કેટલાક વાકય પ્રમાણરૂપમાં પ્રદર્શિત કરે છે—

સૌથી પ્રથમ 'से आयावादी' આ પ્રસ્તુત–ચાલુ વાકયને જ લઈએ 'से जं पुण

जाणेज्जा ' इत्यादि–' सोऽहं ' इत्यन्तं प्राग्व्याख्यातं च (आचा० १ अ०१ उ०)। ' अत्थि आया ' (अस्त्यात्मा) इति। ' अत्थि जीवा ' (सन्ति जीवाः) इति। ' एगे आया ' (एक आत्मा) (स्था० १ स्था० १ उ०) इति।

" कइविहा णं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तंजहा–जीवदव्वा य, अजीवदव्वा य " (अनु. सू. १४१)

इत्यादीन्यनुसन्धेयानि। अन्येऽपि सांख्यादयः प्रायशः स्वीकुर्वन्त्येव शरीराद्भिन्नतयाऽऽत्मनोऽस्तित्वमिति।

आत्मनो द्रव्यत्वनिरूपणम्—

अयमात्मा द्रव्यमस्ति, चेतनाद्यनन्तगुणवत्त्वात्, ज्ञानदर्शनलक्षणविविधोपयोगाद्यनन्तपर्यायवत्त्वाच्च। चेतनाद्वारेणात्मा नानारूपोपयोगरूपेण परिणमते।

' से जं पुण जाणेज्जा ' से लेकर ' सोऽहं ' तक पहले व्याख्यान किया जा चुका है। (आचा. १ अ. १ उ.) तथा 'अत्थि आया' 'अत्थि जीवा' 'एगे आया' (स्था. १ स्था. १ उ.) तथा ' कइविहा णं भंते दव्वा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तंजहा–जीवदव्वा य अजीवदव्वा य, (अनु. सू. १४१) इत्यादि अनेक आगमवाक्य समझ लेने चाहिए। दूसरे सांख्य वगैरह भी प्रायः शरीर से भिन्न आत्मा का अस्तित्व स्वीकार करते हैं।

आत्माका द्रव्यत्वनिरूपण—

आत्मा द्रव्य है, क्यों कि वह चेतना आदि अनन्त गुणों से युक्त है और वह ज्ञानोपयोग तथा दर्शनोपयोग आदि अनन्त पर्यायों वाला भी है। चेतना

जाणेज्जा' थी लईने 'सोऽहं' सुधी पहेला व्याख्यान करी दीधुं छे (आचा. १–अ. १–उ) तथा 'अत्थि आया' 'अत्थि जीवा' 'एगे आया' (स्था.१ स्था.१ उ.) 'कइविहा णं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तंजहा–जीवदव्वा य अजीवदव्वा य' (अनु. सू. १४१) इत्यादि अनेक आगम–वाक्य समजी लेवां जोइएे. बीजा सांख्य शास्त्र वगेरे पण प्रायः शरीरथी भिन्न आत्माना अस्तित्वनो स्वीकार करे छे.

આત્માનું દ્રવ્યત્વનિરૂપણ—

આત્મા દ્રવ્ય છે, કેમકે તે ચેતના આદિ અનન્ત ગુણોથી યુકત છે, અને તે જ્ઞાનોપયોગ તથા દર્શનોપયોગ આદિ અનન્ત પર્યાયો વાળો પણ છે. ચેતનાદ્વારા આત્મા નાના પ્રકારના રૂપમાં પરિણુત થાય છે. પરંતુ ચેતના આત્મદ્રવ્યના રૂપમાં

चेतना चात्मद्रव्यादात्मगतान्यसुखादिगुणतश्चानपायिनो । तामेवाश्रित्य ज्ञानदर्शनादिविविधोपयोगानां भिन्नभिन्नसमयवर्तिनां त्रैकालिकः प्रवाहो भवति । तस्याश्चेतनायाः कार्यरूपः पर्यायप्रवाहः स्वरूपेणोपयोग एव ।

उपयोगात्मकपर्यायप्रवाह इव सुखदुःखवेदनात्मकपर्यायप्रवाहस्तथा प्रवृत्त्यात्मकपर्यायप्रवाहादयोऽनन्तपर्यायप्रवाहाः सह-युगपत् प्रवर्तन्ते । अतश्चेतनागुण इवात्मनि आनन्दवीर्यप्रभृत्येकैकगुणस्वीकरणीयतयाऽनन्तगुणाः सिध्यन्ति ।

आत्मनि चेतनाऽऽनन्दवीर्यादिगुणानां भिन्नभिन्ना विविधपर्याया एकस्मिन् समये समुपलभ्यन्ते परन्त्वेकस्य चेतनागुणस्य विविधाउपयोगपर्याया

के द्वारा आत्मा नाना प्रकार के उपयोगों के रूप में परिणत होता है किन्तु चेतना, आत्मद्रव्य के रूप में, तथा आत्मा में रहने वाले सुख आदि गुणों के रूप में सदा विद्यमान रहती है–कभी नष्ट नहीं होती, उस के आधार पर ज्ञान दर्शन आदि भिन्न भिन्न समयों में होने वाले अनेक उपयोगों का प्रवाह वहता है। उस चेतना का कार्यरूप पर्याय–प्रवाह स्वरूपसे उपयोग ही है ।

उपयोगात्मक पर्याय–प्रवाह के समान सुख–दुःखसंवेदनरूप पर्याय का प्रवाह है; तथा प्रवृत्त्यात्मक पर्यायप्रवाह आदि अनन्त पर्याय–प्रवाह एक साथ जारी रहते हैं; अतः चेतनागुण के समान आत्मा में आनन्द, वीर्य आदि एक एक गुण स्वीकार करने योग्य होने से अनन्त गुण सिद्ध होते हैं ।

आत्मा में चेतना सुख वीर्य आदि गुणों की भिन्नर विविध पर्यायें एक ही समय में उपलब्ध होती हैं, किन्तु एक ही समय में अकेले चेतनागुण की विविध

તથા આત્મામાં રહેવવાળા સુખ આદિ ગુણેાના રૂપમાં હમેશાં વિદ્યમાન રહે છે. કેાઇ વખત પણ નાશ પામતી નથી. તેના આધાર પર જ્ઞાન, દર્શન આદિ ભિન્ન ભિન્ન સમયેામાં થવાવાળા અનેક ઉપયેાગેાનેા પ્રવાહ વહેતેા રહે છે. તે ચેતનાના કાર્યરૂપ પર્યાયપ્રવાહ સ્વરૂપથી ઉપયેાગ જ છે.

ઉપયેાગાત્મક પર્યાય–પ્રવાહના સમાન સુખ–દુઃખસંવેદનરૂપ પર્યાયનેા પ્રવાહ છે. તથા પ્રવૃત્ત્યાત્મક પર્યાય–પ્રવાહ આદિ અનંત પર્યાયપ્રવાહ એક સાથે જારી રહે છે. તેથી ચેતનાગુણ સમાન આત્મામાં આનંદ વીર્ય આદિ. એક–એક ગુણ સ્વીકાર કરવા યેાગ્ય હેાવાથી અનંત ગુણ સિદ્ધ થાય છે.

આત્મામાં ચેતના, સુખ, વીર્ય, આદિ ગુણેાની ભિન્ન–ભિન્ન વિવિધ પર્યાયેા એકજ સમયમાં ઉપલબ્ધ થાય છે, પરંતુ એકજ સમયમાં એકલા ચેતનાગુણની

एकस्मिन् समये न समुपलभ्यन्ते, तथैकस्यानन्दगुणस्य वा विविधा वेदनपर्याया एकस्मिन् समये नोपलभ्यन्ते ।

प्रत्येकगुणस्यैकस्मिन् समये एक एव पर्यायः प्रकटीभवति । यथा–जलावस्थितस्यापि नरस्य शीतोष्णोपयोगौ न युगपद् भवतः । उष्णोपयोगसमये शीतोपयोगो नोपलभ्यते, शीतोपयोगसमये चोष्णोपयोगोपि नैवेति ।

आत्मा नित्यः । तस्य चेतनादिगुणा अपि नित्याः । परन्तु चेतनाजन्य उपयोगपर्यायो न नित्यः, सतु सदैवोत्पादविनाशशालितया व्यक्तिरूपेणानित्यः । उपयोगपर्यायप्रवाहस्तु त्रैकालिकतया नित्य इति ।

उपयोगरूप पर्यायें उपलब्ध नहीं होती । उसी प्रकार एक ही समयमें अकेले आनन्दगुणकी भी विविध वेदनरूप पर्यायें उपलब्ध नहीं होती ।

प्रत्येक गुण की एक समय में एक ही पर्याय प्रकट होती है, परन्तु जैसे–जल में स्थित पुरुष के शीत और उष्ण, दोनों उपयोग एक साथ नहीं हो ते । उष्णोपयोग के समय शीतोपयोग नहीं पाया जाता, और शीतोपयोग के समय उष्णापयोग नही पाया जाता ।

आत्मा नित्य है, उसके चेतना आदि गुण भी नित्य हैं, परन्तु चेतना–जन्य उपयोग–पर्याय नित्य नहीं है, वह सदैव उत्पन्न और विनष्ट होती रहती है, अतः व्यक्तिरूपसे अनित्य है, उपयोग–पर्याय का प्रवाह त्रिकालवर्ती होनेके कारण नित्य है ।

વિવિધ ઉપયોગરૂપ પર્યાયો ઉપલબ્ધ થતી નથી. એજ પ્રમાણે એક જ સમયમાં એકલા આનંદ ગુણની પણ વિવિધ વેદનરૂપ પર્યાયો ઉપલબ્ધ થતી નથી.

પ્રત્યેક ગુણની એક સમયમાં એકજ પર્યાય પ્રગટ થાય છે, જેમ જલમાં ઉભા રહેલા પુરૂષને શીત અને ઉષ્ણ, એ બંને ઉપયોગ એક સાથે થશે નહિ, ઉષ્ણોપયોગના સમયે શીતોપયોગ થશે નહિ અને શીતોપયોગના સમયે ઉષ્ણોપયોગ જણાશે નહીં.

આત્મા નિત્ય છે, તેના ચેતના આદિ ગુણ પણ નિત્ય છે, પરંતુ ચેતનાજન્ય ઉપયોગ–પર્યાય નિત્ય નથી, તે હમેશાં ઉત્પન્ન અને નાશ થતી રહે છે, તેથી વ્યક્તિરૂપથી અનિત્ય છે, તો પણ ઉપયોગ–પર્યાયનો પ્રવાહ ત્રિકાલવર્તી હોવાથી નિત્ય છે.

अनन्तगुणानामखण्डसमुदाय एव द्रव्यम्, तथाप्यात्मनश्चेतनाऽऽनन्द-चारित्रवीर्यादयो गुणाः परिमिता एव साधारणधियां छद्मस्थानां ज्ञेया भवन्ति, न तु सर्वे गुणाः। इदमत्र कारणम्-विशिष्टज्ञानमन्तरेणात्मनः सर्वे पर्यायप्रवाहा विज्ञातुमशक्याः भवन्ति। यो यः पर्यायप्रवाहः साधारणबुद्ध्या ज्ञातुं शक्यते तत्कारणीभूतानां गुणानां व्यवहारः क्रियते, अतस्ते गुणा व्यवहार्या भवन्ति। यथा-आत्मनश्चेतनाऽऽनन्दचारित्रवीर्यादयो गुणा व्यवहार्याः सन्ति। शेषास्तु सर्वे केवलिगम्या इति।

त्रैकालिकानामनन्तपर्यायाणामेकैकप्रवाहस्य कारणीभूतकैस्यैकगुणोऽस्ति, तादृशानन्तगुणानां समुदायो द्रव्यम्। एतदपि कथञ्चिद् भेदविवक्षया। अभेद-

अनन्त गुणों का अखण्ड समुदाय ही द्रव्य है फिर भी आत्मा के चेतना सुख, चारित्र, वीर्य आदि गुण साधारणबुद्धि वाले छद्मस्थों के द्वारा परिमित ही जाने जाते हैं, सब गुण नहीं जाने जाते। इस का कारण यह है कि-विशिष्ट ज्ञान के विना आत्मा के समस्त पर्याय-प्रवाहों को जानना अशक्य है। जो जो प्रर्याय-प्रवाह साधारण बुद्धि के द्वारा जाना जा सकता है, उसके कारणभूत गुणों का व्यवहार किया जाता है, अत एव वे गुण व्यवहार्य होते हैं, जैसे-आत्मा के चेतना, सुख, चारित्र, और वीर्य आदि गुण व्यवहार्य होते हैं। शेष सब केवलिगम्य हैं।

तीन काल सम्बन्धी अनन्त पर्यायों के एक-एक प्रवाह का कारण एक-एक गुण है, और ऐसे अनन्त गुणों का समुदाय द्रव्य है। यह कथन क्वचित् भेद-

અનન્ત ગુણોનો અખંડ સમુદાય જ દ્રવ્ય છે, તો પણ આત્માના ચેતના, સુખ ચારિત્ર, વીર્ય આદિ ગુણ સાધારણ બુદ્ધિવાળા છદ્મસ્થોદ્વારા પરિમિત-મર્યાદિત જ જાણવામાં આવે છે, પરંતુ સર્વ ગુણ જાણવામાં આવતા નથી. તેનું કારણ એ છે કે-વિશિષ્ટ જ્ઞાન વિના આત્માના સમસ્ત પર્યાય-પ્રવાહોને જાણવા અશક્ય છે. જે જે પર્યાય-પ્રવાહ સાધારણ બુદ્ધિવાળા દ્વારા જાણી શકાય છે, તેના કારણભૂત ગુણોનો વ્યવહાર કરવામાં આવે છે, એ કારણથી તે ગુણ વ્યવહાર્ય થાય છે, જેમ આત્માનો ચેતના, સુખ, ચારિત્ર અને વીર્ય આદિ ગુણ વ્યવહાર્ય થાય છે, બાકી સર્વ કેવલિગમ્ય છે.

ત્રણ કાલ સંબંધી અનન્ત પર્યાયોના એક-એક પ્રવાહનું કારણ એક-એક ગુણ છે. અને એવા અનંત ગુણોનો સમુદાય તે દ્રવ્ય છે. આ કથન કંથચિત્

दृष्ट्या तु पर्यायाः स्वस्वकारणीभूतस्य गुणस्य स्वरूपाः, गुणा अपि द्रव्यस्वरूपा इति गुणपर्यायात्मकमेव द्रव्यमित्युच्यते ।

द्रव्येषु सर्वे गुणा एकरूपा न सन्ति । तत्र कतिचन साधारणाः अनेक-द्रव्यवर्तिनः सर्वद्रव्यवर्तिनश्च । यथा–अस्तित्व–प्रदेशवत्त्व–ज्ञेयत्वादयः सर्वद्रव्यवर्तिनः, निष्क्रियत्वाऽचेतनत्वाऽरूपित्वादयोऽनेकद्रव्यवर्तिनः । कतिचिदसाधारणा गुणा एकद्रव्यमात्रवर्तिनः सन्ति । यथा–आत्मनश्चेतनाऽऽनन्दचारित्रवीर्यादयः । स्वस्वाऽसाधारणगुणानां तज्जन्यपर्यायाणां चापेक्षया प्रत्येकद्रव्यमन्यद्रव्याद् भिन्नमस्तीति बोध्यम् ।

विविक्षा से ही है । अभेद–विवक्षा से तो पर्यायें अपने कारणभूत गुण से अभिन्न हैं और गुण, द्रव्य से अभिन्न हैं, अतः गुणपर्यायरूप ही द्रव्य कहलाता है ।

द्रव्य में सभी गुण एकरूप नही हैं । कोई–कोई गुण साधारण हैं, अर्थात् सामान्य रूप से अनेक द्रव्यों में पाये जाते हैं, या समस्त द्रव्यों में पाये जाते हैं । जैसे–अस्तित्व, वस्तुत्व, प्रदेशवत्त्व, और ज्ञेयत्व, ये गुण समस्त द्रव्यों में पाये जाते हैं ।

निष्क्रियत्व, अचेतनत्व, और अरूपित्व आदि गुण अनेक द्रव्यवर्ती हैं । कोई–कोई गुण असाधारण हैं–सिर्फ एक द्रव्य में रहते हैं, जैसे–आत्मा के चैतन्य, सुख, चारित्र, वीर्य आदि गुण । अपने–अपने असाधारण गुणों और गुणों से उत्पन्न पयायों की अपेक्षा प्रत्येक द्रव्य दूसरे द्रव्य से भिन्न है, ऐसा जानना चाहिए ।

ભેદવિવક્ષાથી જ છે. અભેદવિવક્ષાથી તો પર્યાયો પોતાના કારણભૂત ગુણથી અભિન્ન છે, અને ગુણ દ્રવ્યથી અભિન્ન છે તેથી ગુણપર્યાયરૂપજ દ્રવ્ય કહેવાય છે.

દ્રવ્યમાં સર્વ ગુણ એકરૂપ નથી, કોઇ કોઈ ગુણ સાધારણ છે, અર્થાત્–સામાન્ય રૂપથી અનેક દ્રવ્યોમાં જોવામાં આવે છે. અથવા સમસ્ત દ્રવ્યોમાં જોવામાં આવે છે. જેમ–અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રદેશવત્ત્વ અને જ્ઞેયત્વ, એ ગુણ સમસ્ત દ્રવ્યોમાં જોવામાં આવે છે. નિષ્ક્રિયત્વ, અચેતનત્વ, અને અરૂપિત્વ આદિ ગુણ અનેક દ્રવ્યવર્તી છે. કોઈ કોઇ ગુણ અસાધારણ છે–માત્ર એક દ્રવ્યમાં રહે છે. જેવી રીતે આત્માના ચૈતન્ય, સુખ, ચારિત્ર, વીર્ય આદિ ગુણ. પોત–પોતાના સાધારણ ગુણો અને ગુણોથી ઉત્પન્ન પર્યાયોની અપેક્ષા પ્રત્યેક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન છે, એમ સમજવું જોઇએ.

आत्मनः स्वरूपम्–
आत्मनः स्वरूपं तावदुच्यते–

आत्मा—(१)–जीवः (२)–नित्यः (३)–चेतनावान्, (४)–उपयोगवान्, (५)–परिणामी, (६)–प्रभुः, (७)–कर्ता, (८)–साक्षाद्भोक्ता, (९)–स्वशरीर–परिमाणः, (१०)–अमूर्तः, (११)–प्रतिशरीरं भिन्नः, (१२)–पौद्गलिककर्मसंयुक्तः, (१३)–ऊर्ध्वगतिशीलश्च ।

तत्राऽऽत्मनो जीवत्वादिस्वरूपं निरूप्यते—

(१) जीवत्वनिरूपणम्—

अयमात्मा निश्चनयेन सत्ता–चैतन्य–ज्ञानादिरूपैः शुद्धप्राणैः, तथा

आत्मा का स्वरूप–

अब आत्मा का स्वरूप कहते हैं:—

आत्मा–(१)–जीव है, (२)–नित्य है, (३)–चेतनावान् है, (४)–उपयोगवान् है, (५)–परिणामी है, (६)–प्रभु है, (७)–कर्ता है, (८)–साक्षात् भोक्ता है, (९)–अपने शरीर के बराबर है, (१०)–अमूर्त है, (११)–प्रत्येक शरीर से भिन्न है, (१२)–पौद्गलिक कर्मों से युक्त है, और (१३)–ऊर्ध्वगमन स्वभाववाला है ।

उन में अब आत्मा के जीवत्वादि स्वरूप का निरूपण करते हैं–

(१) जीवत्व का निरूपण–

आत्मा निश्चयनय से सत्ता चैतन्य और ज्ञान आदिरूप शुद्ध प्राणों से, तथा

આત્માનું સ્વરૂપ—

હવે આત્માનું સ્વરૂપ કહે છે—

આત્મા–(૧) જીવ છે, (૨) નિત્ય છે, (૩) ચેતનાવંત છે, (૪) ઉપયોગવંત છે, (૫) પરિણામી છે, (૬) પ્રભુ છે, (૭) કર્તા છે, (૮) સાક્ષાત્ ભોકતા છે, (૯) પોતાના શરીર બરાબર છે, (૧૦) અમૂર્ત્ત છે. (૧૧) પ્રત્યેક શરીરમાં ભિન્ન ભિન્ન છે. (૧૨) પૌદ્ગલિક કર્મોથી યુકત છે, અને (૧૩) ઉર્ધ્વગમન સ્વભાવવાળો છે.

તેમાં આત્માના જીવત્વાદિ સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે—

(૧) જીવત્વનું નિરૂપણ—

આત્મા નિશ્ચયનયથી સત્તા, ચૈતન્ય અને જ્ઞાન આદિરૂપ શુદ્ધ પ્રાણોથી, તથા

व्यवहारनयतो यथासंभवं क्षायोपशमिकैरिन्द्रियादिद्रव्यप्राणैश्च जीवति, जीविष्यति, जीवितवांश्चेत्यतोऽयमात्मा 'जीवः' इत्युच्यते ।

"अयमात्मा न देहादन्यः, नापि जन्मान्तरसंक्रान्तः" इति नास्तिकमतं निराकर्तुमुक्तम्–'अयमात्मा जीवः' इति । पूर्वभवसंस्कारं विना कथमिह प्रसूत एव बालो मातुः स्तन्यपाने प्रवर्तते । प्रवृत्तिं प्रति स्वकृतिसाध्यत्वस्येष्टसाधनताज्ञानस्य च कारणतया बालस्य तज्ज्ञानजनकपूर्वभवीयसंस्कारोऽस्तीति विज्ञायते । तस्मादात्मनः पूर्वभवसम्बन्धोऽवधार्यते । तेन च देहभिन्नत्वमपि ज्ञायते ।

अयमात्मा यदि पाञ्चभौतिकदेहरूपः स्यात्, तर्हि मृन्मयभाण्ड–सलिल–

व्यवहारनय से यथासंभव क्षयोपशम–जन्य इन्द्रियादि द्रव्यप्राणों से जीवित है, जीवित रहेगा और जीवित था, इस कारण आत्मा 'जीव' कहलाता है ।

"आत्मा शरीर से भिन्न नहीं है और न एक जन्म से दूसरे जन्म में जाता है" नास्तिकों के इस मत का निराकरण करने के लिए कहा गया है कि– "आत्मा जीव है" । पूर्वभव के संस्कार के विना इस भव में तत्काल जन्मा हुआ शिशु माता के स्तन–पान में कैसे प्रवृत्त हो सकता है ?, शिशु की इस प्रवृत्ति से सिद्ध होता है कि उस में पूर्व भव का संस्कार विद्यमान है । इस से निश्चित हो जाता है कि–आत्मा पूर्व भव में भी था, और इस कारण वह शरीर से भिन्न भी मालूम होता है ।

पांच भूतों से बना हुआ शरीर ही यदि आत्मा है तो मिट्टी का पात्र, पानी, पावक–(अग्नि), पवन और आकाश रूप पांचों भूतों का चूले के ऊपर जब संयोग

વ્યવહારનયથી યથાસંભવ ક્ષયોપશમજન્ય ઇન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી જીવિત છે, જીવિત રહેશે અને જીવિત હતો, તેથી આત્મા 'જીવ' કહેવાય છે. "**આત્મા શરીરથી ભિન્ન નથી, અને એક જન્મથી બીજા જન્મમાં જતો નથી**" નાસ્તિકોનો એ પ્રમાણે જે મત છે, તેનું નિરાકરણ કરવા માટે કહ્યું છે કે "**આત્મા જીવ છે.**" પૂર્વ ભવના સંસ્કાર વિના આ ભવમાં તત્કાલ જન્મ પામેલું બાળક માતાના સ્તનપાનમાં (ધાવવામાં) પ્રવૃત્તિ કેવી રીતે કરી શકે છે ?, બાળકની આ પ્રવૃત્તિથી સિદ્ધ થાય છે કે:–તેનામાં પૂર્વ ભવના સંસ્કાર વિદ્યમાન છે. આ કારણથી નિશ્ચય થાય છે કે આત્મા પૂર્વભવમાં પણ હતો, અને તે કારણથી આત્મા શરીરથી ભિન્ન માલૂમ પડે છે.

પાંચ ભૂતોથી બનેલું શરીર જ જો આત્મા છે તો માટીનું પાત્ર, પાણી, અગ્નિ, આકાશ, પવન વગેરે પાંચ ભૂતોનો ચુલા ઉપર જ્યારે સંયોગ થાય છે, તો તે વખતે

दहन–पवन–गगनरूपपञ्चभूतेषु चुल्ल्युपरि मिलितेषु चेतनालक्षण आत्मा कथं नोपलभ्यते ? ।

यद्वा–मृतशरीरे पञ्चभूतसद्भावेऽपि चेतनालक्षण आत्मा नोपलभ्यते । अतोऽयमात्मा जडरूपपाञ्चभौतिकदेहाद् भिन्नो निश्चीयते ।

अपरञ्च–आत्मनो देहरूपत्वस्वीकारे कृतनाशोऽकृताभ्यागमश्चापद्येत । कृतस्य कर्मणः फलप्राप्तिं विनैव नाशः स्यात्, अकृतस्य कर्मणः फलप्राप्तिश्च । अकर्तुः फलप्राप्तिः, कर्तुश्च नेति द्वयमयुक्तम् । तस्मात्–आत्मा देहाद् भिन्नो जन्मान्तरसंक्रान्तोऽपीति निश्चेयम् ।

होता है तो चेतनारूप आत्मा क्यों नही पैदा हो जाता ?, वही पांचों भूतों का संयोग विद्यमान है और उसीसे आत्मा की उत्पत्ति मानते हो ?

अथवा–मृत शरीर में पांचों भूतों का सद्भाव होने पर भी चेतनस्वरूप आत्मा क्यों उपलब्ध नहीं होता ?, इस से निश्चित होता है कि आत्मा जडरूप पांच भूतों से भिन्न हैं और नित्य है ।

और भी आत्मा को देहरूप स्वीकार करने से कृतनाश और अकृताभ्यागम दोष की प्राप्ति होगी । किए हुए कर्म, फल दिए विना ही नाश हो जायगा, और अकृत कर्म के फल को भोगना पडेगा । कर्म न करने वाला फल भोगे और करने वाला फल से बच जाय, यह दोनों बातें अनुचित है, अत अव यह निश्चय कर लेना चाहिए कि–आत्मा शरीर से भिन्न है और जन्मान्तर में गमन करता है ।

ચેતનારૂપ આત્મા કેમ પેદા થતો નથી ?, અહિં પાંચ ભૂતોનો સંયોગ વિદ્યમાન છે અને તેમાંથી તમે (નાસ્તિકો) આત્માની ઉત્પત્તિ માનો છો ?

અથવા—મૃત્યુ પામેલા શરીરમાં પાંચ ભૂતોનો સદ્ભાવ હોવા છતાંય ચેતનસ્વરૂપ આત્મા કેમ ઉપલબ્ધ થતો નથી ?, એ કારણથી નિશ્ચય થાય છે કે:—આત્મા જડ સ્વરૂપ પાંચભૂતોથી ભિન્ન છે અને નિત્ય છે.

અને બીજું એ પણ છે કે–આત્માને દેહરૂપ સ્વીકાર કરવાથી કૃતનાશ અને અકૃતાભ્યાગમ દોષની પ્રાપ્તિ થશે, કરેલા કર્મ, ફળ આપ્યા વિના જ નાશ થઈ જશે. અને અકૃત–નહિ કરેલા કર્મનું ફળ ભોગવવું પડશે. કર્મ નહિ કરવાવાળાને કર્મનું ફળ ભોગવવું પડે, અને કર્મ કરનાર ફળ ભોગવવામાંથી બચી જાય. આ બંને વાત અનુચિત છે. એ કારણે એ નિશ્ચય કરી લેવો જોઈએ કે આત્મા શરીરથી ભિન્ન છે, અને જન્માન્તર ગમન કરે છે.

आत्मा देहे कदाचित्तिष्ठति, कदाचिन्न तिष्ठति, अतः तस्याभावस्तत्र नियतो नास्ति । तस्माद् देहादन्य इति मन्तव्यम् । एवमनुमानप्रयोगः—

आत्मा—देहादन्यः, तद्भावेऽपि तत्र तस्यानियमेनाभावात्, उपाश्रयगतसाधु-श्रावकवत् । ननु देहे जीवस्य गमनागमनं न दृश्यते, तथा च जीवस्य देहे सदा सद्भावसत्त्वेनाभावरूपो हेतुरप्रसिद्ध इति चेन्न, मृतशरीरे तस्यादर्शनात् ।

यद्वा—आत्मा देहेन्द्रियभिन्नः. तद्विगमेऽपि तदुपलब्धार्थानुस्मरणात् ।

આત્મા શરીર માં કમી રહતા હૈ, કમી નહીં રહતા, અતઃ ઉસકા અભાવ વહાઁ નિયત નહીં હૈ । અત એવ માનના ચાહિએ કિ—આત્મા દેહ સે ભિન્ન હૈ । અનુમાન કા પ્રયોગ ઇસ પ્રકાર કરના ચાહિએ :—

આત્મા શરીર સે ભિન્ન હૈ, ક્યોં કિ દેહ કે હોને પર ભી આત્મા વહાઁ નિયમ સે નહીં રહતા, ઉપાશ્રય મેં સ્થિત સાધુ શ્રાવક કે સમાન ।

શંકા—શરીર મેં જીવ કા ગમન ઔર આગમન દિખાઈ નહીં દેતા અતઃ વહ દેહ મેં સદૈવ વિદ્યમાન રહતા હૈ । ઐસી અવસ્થા મેં આપ કા યહ અભાવ સિદ્ધ કરને વાલા હેતુ અસિદ્ધ હૈ ।

સમાધાન—ઐસા કહના સમીચીન નહીં હૈ, ક્યોં કિ મૃત શરીર મેં આત્મા માલૂમ નહીં હોતા ।

અથવા—આત્મા દેહ ઔર ઇન્દ્રિયોં સે ભિન્ન હૈ, ક્યોં કિ ઉનકે નષ્ટ હો જાને પર ભી ઉનકે દ્વારા જાને હુએ પદાર્થ કા સ્મરણ હોતા હૈ । જૈસે જાતિસ્મરણ

આત્મા શરીરમાં કોઇ વખત રહે છે, કોઈ વખત નથી રહેતો તેથી તેનો અભાવ ત્યાં ચોક્કસ રૂપથી નથી. તેથી માનવું જોઇએ કેઃ—આત્મા દેહથી ભિન્ન છે. અનુમાનનો પ્રયોગ આ પ્રમાણે કરવો જોઇએઃ—

આત્મા શરીરથી ભિન્ન છે, કેમકે દેહ હોવા છતાંય આત્મા ત્યાં નિયમથી રહેતો નથી, ઉપાશ્રયમાં રહેલા સાધુ શ્રાવક પ્રમાણે.

શંકા—શરીરમાં જીવનું ગમન-જવું, અને આગમન—આવવું તે નજરે જોવામાં આવતું નથી, તેથી તે દેહમાં સદૈવ વિદ્યમાન રહે છે. એવી અવસ્થામાં આપનો એ અભાવ સિદ્ધ કરવાનો હેતુ અસિદ્ધ છે. એમ કહેવું તે બરાબર નથી, કેમકે મૃત શરીરમાં આત્મા માલૂમ પડતો નથી.

અથવા-આત્મા દેહ અને ઇન્દ્રિયોથી ભિન્ન છે, કારણ કે-તેનો નાશ થયા પછી પણ તેના દ્વારા જાણવામાં આવેલા પદાર્થનું સ્મરણ થાય છે. જેમ જાતિસ્મરણ

यथा-जातिस्मरणशक्त्या मृगापुत्रवत् संयमी पूर्वभवं स्मरति, व्याध्यादिकारणेन नष्टदृष्टिः पूर्वानुभूतं रक्तपीतादिवर्णं, नष्टश्रवणश्च शब्दं स्मरति। यथा गेहगवाक्षैः पूर्वदृष्टस्य पूर्वश्रुतस्यान्यत्रानुस्मर्ता देवदत्तः।

(२) नित्यत्वनिरूपणम्—

अयमात्मा नित्यत्वादमूर्त इति विज्ञायते। अमूर्तत्वाच्च देहादन्य इति निश्चीयते। तथाहि-आत्माऽनुत्पत्तौ सत्यामविनाशी, तथा सर्वकालावस्थायी। तथा-आत्मा क्षणापेक्षयापि न निरन्वयनाशवान्; वस्तुत्वे सति उत्पत्तेरभावात्,

ज्ञान से मृगापुत्र को पूर्व भव का स्मरण हुआ था। कोई-कोई संयमी अपने पूर्वभव का स्मरण करता है। रोग आदि किसी कारण से जिस की दृष्टि नष्ट हो गई है, वह पुरुष पहले अनुभव किए हुए लाल पीले आदि रंगों को स्मरण करता है, और जिसके कान नष्ट हो गये हैं वह शब्द का स्मरण करता है। किसी घर की खिडकियों के द्वारा पहले देखे हुए पदार्थों का या सुने हुए शब्दों का देवदत्त को अन्यत्र स्मरण होता है, अत एव देवदत्त खिडकियों से भिन्न है। उसी प्रकार आत्मा, इन्द्रियों से भिन्न है।

(२) आत्माकी नित्यता—

आत्मा नित्य होने के कारण अमूर्त प्रतीत होता है और अमूर्त होने के कारण देह से भिन्न है। वह इस प्रकार—आत्मा उत्पत्तिरहित और अविनाशी है, तथा सर्वकाल में स्थायी है, तथा आत्मा क्षण की अपेक्षा भी निरन्वय (समूल) नाशवान् नहीं है, क्यों कि वस्तु होने पर भी उस की उत्पत्ति नहीं होती; जैसे आकाश।

જ્ઞાનથી મૃગાપુત્રને પૂર્વભવનું સ્મરણ થયું હતું. કોઇ કોઇ સંયમીને પોતાના પૂર્વ ભવનું સ્મરણ થાય છે. રોગ આદિ કોઈ કારણથી જેની દૃષ્ટિ (નેત્રથી જોવાની શક્તિ) નાશ પામી ગઇ છે તે પુરૂષ પ્રથમ અનુભવેલા લાલ, પીળા આદિ રંગોનું સ્મરણ કરે છે. અને જેના કાન નષ્ટ થઇ ગયા હોય-(સાંભળવાની શકિત નાશ પામી હોય) તે શબ્દનું સ્મરણ કરે છે. કોઇ ઘરની બારીઓ દ્વારા પ્રથમ જોયેલા પદાર્થોનું અથવા તો સાંભળેલા શબ્દનું દેવદત્તને અન્યત્ર-બીજા સ્થળે સ્મરણ થાય છે. એ કારણથી દેવદત્ત બારીઓથી ભિન્ન છે. તે પ્રમાણે આત્મા ઇન્દ્રિયોથી ભિન્ન છે.

(૨) આત્માની નિત્યતા—

मए मुणिहेमचंदेण य पंडियरयणमुणिसिरि–घासीलालविणिम्मिया सिरिउवासगसुत्तस्स अगारधम्मसंजीवणीनामिया वित्ती पंडियमूलचन्दवासाओ अज्जोवंतं सुया, समीईणं, इयं वित्ती जहाणामं तहा गुणेवि धारेइ, सच्चं अगाराणं तु इमा जीवण (संजमजीवण) दाई एव अत्थि। वित्तिकत्तुणा मूलसुत्तस्स भावो उज्जुसेलीओ फुडीकओ, अहय उवासयस्स सामण्णविसेसधम्मो, णयसियवायवाओ, कम्मपुरिसट्ठवाओ, समणोवासयस्स धम्मदढया य, इच्चाइविसया अस्सि फुडरीइओ वण्णिया, जेण कत्तुणो पडिहाए सुट्ठुप्पयारेण परिचओ होइ, तह इइहासदिट्ठिओवि सिरिसमणस्स भगवओ महावीरस्स समए वट्टमाणभरहवासस्स य कत्तुणा विसयप्पयारेण चित्तं चित्तियं, पुणो सक्कयपाढीणं, वट्टमाणकाले हिन्दीणामियाए भासाए भासीगं य परमोवयारो कडो, इमेण कत्तुणो अरिहत्ता दोसइ, कत्तुणो एयं कज्जं परमप्पसंसणिज्जमत्थि। पत्तेयजणस्स मज्झत्थभावाओ अस्स सुत्तस्स अवलोयणमईव लाहप्पयं, अवि उ सावयस्स तु (उ) इमं सत्थं सव्वस्समेव अत्थि, अओ कत्तुणो अणेगकोडिसो धन्नवाओ अत्थि, जेहिं अच्चंतपरिस्समेण जइणजणतोवरि असीमोवयारो कडो, अह य सावयस्स बारस नियमा उ पत्तेयजणस्स पढणिज्जा अत्थि, जेसिं पहावओ वा गहणाओ आया निव्वाणाहिगारी भवइ, तहा भवियव्वयावाओ पुरिसकारपरक्कमवाओ य अवस्समेव दंसणिज्जो, किंबहुणा इमोए वित्तीए पत्तेयविसयस्स फुडसदेहिं वण्णगं कयं, जइ अन्नोवि एवं अम्हाणं पसुत्तप्पाए समाजे विज्जं भवेज्जा तया नाणस्स चरित्तस्स तहा संघस्स य खिप्पं उदयो भविस्सइ, एवं हं मन्ने॥

भवईओ–
उवज्झाय–जइणमुणि–आयाराम–पंचनईओ,

सम्मतिपत्र

(भाषान्तर)

श्रीवीरनिर्वाण सं० २४५८ आसोज

शुक्ल १५ (पूर्णिमा) शुक्रवार लुधियाना

मैंने और पंडितमुनि हेमचन्दजीने पंडितरत्नमुनिश्री घासीलाल-जीकी रची हुई उपासकदशांग सूत्रकी गृहस्थधर्मसंजीवनी नामक टीका पंडित मूलचन्द्रजी व्याससे आद्योपान्त सुनी है। यह वृत्ति यथानाम तथागुणवाली-अच्छी बनी-है। सच यह गृहस्थोंके तो जीवनदात्री-संयमरूप जीवनको देनेवाली-ही है। टीकाकार ने मूलसूत्र के भावको सरल रीतिसे वर्णन किया है, तथा श्रावकका सामान्य धर्म क्या है? और विशेष धर्म क्या है? इसका खुलासा इस टीकामें अच्छे ढंगसे बतलाया है। स्याद्वादका स्वरूप, कर्म-पुरुषार्थ-वाद और श्रावकोंको धर्मके अन्दर दृढ़ता किस प्रकार रखना, इत्यादि विषयोंका निरूपण इसमें भलीभांति किया है। इससे टीकाकारकी प्रतिभा खूब झलकती है। ऐतिहासिक दृष्टिसे श्रमण भगवान् महावीरके समय जैनधर्म किस जाहोजहाली पर था और वर्तमान समय जैनधर्म किस स्थितिमें पहुंचा इस विषयका तो ठीक चित्र ही चित्रित कर दिया है। फिर संस्कृत जाननेवालोंको तथा हिन्दीभाषाके जाननेवालोंको भी पूरा लाभ होगा, क्योंकि टीका संस्कृत है, उसकी सरल हिन्दी कर दी गई है। इसके पढनेसे कर्ताकी योग्यताका पता लगता है कि वृत्तिकारने समझानेका कैसा अच्छा प्रयत्न किया है। टीकाकारका यह कार्य परम प्रशंसनीय है। इस सूत्रको मध्यस्थ भावसे पढने वालोंको परम लाभकी प्राप्ति होगी। क्या कहें! श्रावकों (गृहस्थों) का तो यह सूत्र सर्वस्व ही है, अतः टीकाकारको कोटिशः धन्यवाद दिया जाता है, जिन्होंने अत्यन्त परिश्रमसे जैनजनताके ऊपर असीम उपकार किया है। इसमें श्रावक के बारह नियम प्रत्येक पुरुषके पढने योग्य हैं, जिनके प्रभावसे अथवा यथायोग्य ग्रहण करनेसे आत्मा मोक्षका अधिकारी होता है, तथा भवितव्यतावाद और पुरुषकार-

पराक्रमवाद हरएकको अवश्य देखना चाहिये। कहां तक कहें, इस टीकामें प्रत्येक विषय सम्यक् प्रकारसे बताये गये हैं। हमारी सुप्तप्राय (सोई हुई सी) समाजमें अगर आप जैसे योग्य विद्वान फिर भी कोई होंगे तो ज्ञान, चारित्र तथा श्रीसंघका शीघ्र उदय होगा, ऐसा मैं मानता हूँ।

आपका

उपाध्याय जैनमुनि आत्माराम पंजाबी.

❀

इसी प्रकार लाहोरमें बिराजते हुए पण्डितवर्य विद्वान् मुनिश्री १००८ श्री भागचन्दजी महाराज तथा पं० मुनिश्री त्रिलोकचन्दजी महाराजके दिये हुए, श्री उपासकदशाङ्ग सूत्रके प्रमाणपत्रका हिन्दी सारांश निम्न प्रकार है–

श्री श्री स्वामी घासीलालजी महाराज–कृत श्री उपासकदशाङ्ग सूत्रकी संस्कृत टीका व भाषाका अवलोकन किया, यह टीका अतिरमणीय व मनोरञ्जक है, इसे आपने बडे परिश्रम व पुरुषार्थसे तय्यार किया है, सो आप धन्यवादके पात्र हैं। आप जैसे व्यक्तियोंकी समाजमें पूर्ण आवश्यकता है। आपकी इस लेखनीसे समाजके विद्वान् साधुवर्ग पढ कर पूर्ण लाभ उठावेंगे, टीकाके पढनेसे हमको अत्यानन्द हुवा, और मनमें ऐसे विचार उत्पन्न हुए कि हमारी समाजमें भी ऐसे २ सुयोग्य रत्न उत्पन्न होने लगे–यह एक हमारे लिये बडे गौरवकी बात है।

वि. सं. १९८९ मा. आश्विन
कृष्णा १३ वार भौम लाहोर.

❀

श्री ज्ञाताधर्मकथाङ्गसूत्र की 'अनगारधर्मांऽमृतवर्षिणी' टीका पर
जैनदिवाकर साहित्यरत्न जैनागमरत्नाकर परमपूज्य श्रद्धेय
जैनाचार्य श्री आत्मारामजी महाराजका

सम्मतिपत्र

लुधियाना, ता. ४–८–५१

मैंने आचार्यश्री घासीलालजी म. द्वारा निर्मित 'अनगार–धर्मांऽमृत–वर्षिणी' टीका वाले श्री ज्ञाताधर्मकथाङ्ग सूत्रका मुनिश्री रत्नचन्द्रजीसे आद्योपान्त श्रवण किया।

यह निःसन्देह कहना पड़ता है कि यह टीका आचार्यश्री घासीलालजी म० ने बडे परिश्रम से लिखी है। इसमें प्रत्येक शब्दका प्रमाणिक अर्थ और कठिन स्थलों पर सार–पूर्ण विवेचन आदि कई एक विशेषतायें हैं। मूल स्थलों को सरल बनानेमें काफी प्रयत्न किया गया है, इससे साधारण तथा असाधारण सभी संस्कृतज्ञ पाठकोंको लाभ होगा ऐसा मेरा विचार है।

मैं स्वाध्यायप्रेमी सज्जनों से यह आशा करूंगा कि वे वृत्तिकारके परिश्रम को सफल बना कर शास्त्रमें दी गई अनमोल शिक्षाओं से अपने जीवनको शिक्षित करते हुए परमसाध्य मोक्षको प्राप्त करेंगे।

❀

श्रीमान्‌जी जयवीर

आपकी सेवामें पोष्टद्वारा पुस्तक भेज रहे हैं और इस पर आचार्यश्रीजी की जो सम्मति है वह इस पत्रके साथ भेज रहे हैं, पहुंचने पर समाचार देवें।

श्री आचार्यश्री आत्मारामजी म० ठाने ६ सुखशान्तिसे विराजते हैं। पूज्य श्री घासीलालजी म० सा० ठाने ४ को हमारी ओरसे वन्दना अर्जकर सुखशाता पूछें।

पूज्यश्री घासीलालजी म० जीका लिखा हुआ (विपाकसूत्र) महाराजश्रीजी देखना चाहते हैं। इसलिये १ कापी आप भेजनेकी कृपा करें; फिर आपको वापिस भेज देवेंगे। आपके पास नहीं हो तो जहांसे मिले वहांसे १ कापी जरूर भिजवाने का कष्ट करें, उत्तर जल्द देनेकी कृपा करें। योग्य सेवा लिखते रहें।

लुधियाना ता. ४–८–५१

निवेदक

प्यारेलाल जैन

२

जैनागमवारिधि-जैनधर्मदिवाकर-उपाध्याय-पण्डित-मुनि श्रीआत्मारामजी महाराज (पंजाब) का आचाराङ्गसूत्र की आचारचिन्तामणि टीका पर

सम्मतिपत्र

मैंने पूज्य आचार्यवर्य श्री घासीलालजी (महाराज)की बनाई हुई श्रीमद् आचाराङ्गसूत्रके प्रथम अध्ययन की आचारचिन्तामणि टीका सम्पूर्ण उपयोगपूर्वक सुनी।

यह टीका, न्यायसिद्धान्त से युक्त, व्याकरण के नियम से निबद्ध है। तथा इसमें प्रसङ्ग २ पर क्रमसे अन्य सिद्धान्त का संग्रह भी उचित रूप से मालूम होता है।

टीकाकारने अन्य सभी विषय सम्यक् प्रकार से स्पष्ट किये हैं, तथा प्रौढ विषयोंका विशेषरूप से संस्कृत भाषा में स्पष्टतापूर्वक प्रतिपादन अधिक मनोरंजक है, एतदर्थ आचार्य महोदय धन्यवादके पात्र हैं।

मैं आशा करता हूं कि जिज्ञासु महोदय इसका भलीभांति पठन-द्वारा जैनागमसिद्धान्तरूप अमृत पी-पी कर मन को हर्षित करेंगे, और इसके मनन से, दक्ष जन चार अनुयोगों का स्वरूपज्ञान पावेंगे। तथा आचार्यवर्य इसी प्रकार दूसरे भी जैनागमोंके विशद विवेचन द्वारा श्वेताम्बर-स्थानकवासी समाज पर महान उपकार कर यशस्वी बनेंगे।

वि. सं. २००२
मृगसर सुदि १

जैनमुनि-उपाध्याय आत्माराम
लुधियाना (पंजाब). शुभमस्तु॥

*

बीकानेरवासी समाजभूषण शास्त्रज्ञ भैरूदानजी सेठियाका अभिप्राय-

*

आप जो शास्त्रका कार्य कर रहे हैं यह बडा उपकारका कार्य है। इससे जैनजनताको काफी लाभ पहुंचेगा।

(ता. २८-३-५६ के पत्रमेंसे)

॥ श्रीः ॥

जैनागमवारिधि–जैनधर्मदिवाकर–जैनाचार्य–पूज्यश्री आत्मारामजी–
महाराजानां पञ्चनद–(पंजाब) स्थानामनुत्तरोपपातिकसूत्राणा–
मर्थबोधिनीनामकटीकायामिदम्–

सम्मतिपत्रम्

आचार्यवर्यैः श्री घासीलालमुनिभिः सङ्कलिता अनुत्तरोपपातिकसूत्राणामर्थ-बोधिनीनाम्नी संस्कृतवृत्तिरुपयोगपूर्वकं सकलाऽपि स्वशिष्यमुखेनाऽश्रावि मया, इयं हि वृत्तिर्मुनिवरस्य वैदुष्यं प्रकटयति । श्रीमद्भिर्मुनिभिः सूत्राणामर्थान् स्पष्टयितुं यः प्रयत्नो व्यधायि तदर्थमनेकशो धन्यवादानर्हन्ति ते । यथा चेयं वृत्तिः सरला सुबोधिनी च तथा सारवत्यपि । अस्याः स्वाध्यायेन निर्वाणपदमभीप्सु-भिर्निर्वाणपदमनुसरद्भिर्ज्ञान–दर्शन–चारित्रेषु प्रयतमानैर्मुनिभिः श्रावकैश्च ज्ञान–दर्शन–चारित्राणि सम्यक् सम्प्राप्याऽन्येऽप्यात्मानस्तत्र प्रवर्तयिष्यन्ते ।

आशासे श्रीमदाशुकविर्मुनिवरो गीर्वाणवाणीजुषां विदुषां मनस्तोषाय जैनागमसूत्राणां सारावबोधाय च अन्येषामपि जैनागमानामित्थं सरलाः सुस्पष्टाश्च वृत्तीर्विधाय तांस्तान् सूत्रग्रन्थान् देवगिरा सुस्पष्टयिष्यति ।

अन्ते च "मुनिवरस्य परिश्रमं सफलयितुं सरलां सुबोधिनीं चेमां सूत्रवृत्तिं स्वाध्यायेन सनाथयिष्यन्त्यवश्यं सुयोग्या हंसनिभाः पाठकाः" इत्याशास्ते—

विक्रमाब्द २००२
श्रावणकृष्णा प्रतिपदा
लुधियाना

उपाध्याय आत्मारामो जैनमुनिः

*

(श्री दशवैकालिकसूत्रका सम्मतिपत्र)

॥ श्री वीरगौतमाय नमः ॥

सम्मतिपत्रम्

मए पंडितमुणि-हेमचंदेण य पंडिय-मूलचन्दवासवारा पत्ता पंडिय-रयण-मुणि-घासीलालेण विरइया सक्कय-हिन्दी-भाषाहिं जुत्ता सिरि-दसवेयालिय-नामसुत्तस्स आयारमणिमंजूसा वित्ती अवलोइया, इमा मणोहरा अत्थि, एत्थ सद्दाणं अइसयजुत्तो अत्थो वण्णिओ, विउजणाणं पाययजणाण य परमोवयारिया इमा वित्ती दीसइ। आयारविसए वित्तीकत्तारेण अइसयपुव्वं उल्लेहो कडो, तहा अहिंसाए सरूवं जे जहा-तहा न जाणंति तेसिं इमाए वित्तीए परमलाहो भविस्सइ, कत्तुणा पत्तेयविसयाणं फुडरूवेण वण्णणं कडं, तहा मुणिणो अरहत्ता इमाए वित्तीए अवलोयणाओ अइसयजुत्ता सिज्झइ। सक्कयछाया सुत्तपयाणं पयच्छेओ य सुबोहदायगो अत्थि, पत्तेयजिण्णासुणो इमा वित्ती दट्ठव्वा। अम्हाणं समाजे एरिसविज्ज-मुणिरयणाणं सब्भावो समाजस्स अहोभग्गं अत्थि, किं उत्तविज्जमुणिरयणाणं कारणाओ, जो अम्हाणं समाजो सुत्तप्पाओ अम्हकेरं साहिच्चं च लुत्तप्पायं अत्थि, तेसिं पुणोवि उदओ भविस्सइ? जस्स कारणाओ भवियप्पा मोक्खस्स जोग्गो भवित्ता पुणो निव्वाणं पाविहिइ। अओहं आयारमणिमंजूसाए कत्तुणो पुणो पुणो धन्नवायं देमि- ॥

वि. सं. १९९० फाल्गुन शुक्लत्रयोदशी मङ्गले (अलवरस्टेट)

इइ-
उवज्जाय-जइण-मुणी, आयारामो
(पंचनईओ)

ऐसे ही :—

मध्यभारत सैलाना-निवासी श्रीमान् रतनलालजी डोसी श्रमणोपासक जैन लिखते हैं कि—

श्रीमान् की की हुई टीकावाला उपासकदशांग सेवक के दृष्टिगत हुवा, सेवक अभी उसका मनन कर रहा है, यह ग्रन्थ सर्वाङ्ग-सुन्दर एवम् उच्च कोटि का उपकारक है।

निरयावलिकासूत्रका सम्मतिपत्र
आगमवाराधि–सर्वतन्त्रस्वतन्त्र–जैनाचार्य पूज्यश्री
आत्मारामजी महाराजकी तरफका आया हुवा

सम्मतिपत्र

लुधियाना ता. ११ नवम्बर ४८

श्रीयुत् गुलाबन्दजी पानाचंदजी ! सादर जयजिनेन्द्र ॥

पत्र आपका मिला, निरयावलिका विषय पूज्यश्रीका स्वास्थ्य ठीक न होनेसे उनके शिष्य पं. श्री हेमचन्द्रजी महाराजने सम्मतिपत्र लिख दिया है, आपको भेज रहे हैं, कृपया एक कोपी निरयावलिका की और भेज दीजिये, और कोई योग्य सेवा कार्य लिखते रहें ।!

भवदीय.
गूजरमल–बलवंतराय जैन

॥ सम्मति ॥

(लेखक जैनमुनि पण्डित श्री हेमचंद्रजी महाराज)

सुन्दरबोधिनीटीकया समलङ्कृतं हिन्दी–गुर्जर–भाषानुवादसहितं च श्रीनिरयावलिकासूत्रं मेधाविनामल्पमेधसां चोपकारकं भविष्यतीति सुदृढं मेऽभिमतम्, संस्कृतटीकेयं सरला सुबोधा सुललिता चात एव अन्वर्थनाम्नी चाप्यस्ति । सुविशदत्वात् सुगमत्वात् प्रत्येकदुर्बोधपद–व्याख्यायुतत्वाच्च टीकैषा संकृतसाधारणज्ञानवतामप्युपयोगिनी भाविनीत्यभिप्रैमि । हिन्दी–गुर्जरभाषानुवादावपि एतद्भाषाविज्ञानां महीयसे लाभाय भवेतामिति सम्यक् संभावयामि ।

जैनाचार्य–जैनधर्मदिवाकर–पूज्यश्री–घासीलालजी–महाराजानां परिश्रमोऽयं प्रशंसनीयो, धन्यवादार्हाश्च ते मुनिसत्तमाः । एवमेव श्री–समीरमल्लजी–श्रीकन्हैलालजी–मुनिवरेण्ययोर्नियोजनकार्यमपि श्लाघ्यं, तावपि च मुनिवरौ धन्यवादार्हौ स्तः ।

सुन्दरप्रस्तावनाविषयानुक्रमादिना समलङ्कृते सूत्ररत्नेऽस्मिन् यदि शब्दकोषोऽपि दत्तः स्यात्तर्हि वरतरं स्यात् । यतोऽस्यावश्यकतां सर्वेऽप्यन्वेषकविद्वांसोऽनुभवन्ति ।

पाठकाः सूत्रस्याध्ययनाध्यापनेन लेखकनियोजकमहोदयानां परिश्रमं सफलयिष्यन्तीत्याशास्महे । इति ।

श्री उपासकदशाङ्ग सूत्र परत्वे जैनसमाजना अग्रगण्य जैनधर्मभूषण महान् विद्वान् संतोए तेमज विद्वान् श्रावकोए सम्मतिओ समर्पी छे, तेमना नामो नीचे प्रमाणे छे–

(१) लुधियाना–संवत् १९८९, आश्विन पूर्णिमाका पत्र, श्रुतज्ञान के भंडार आगमरत्नाकर जैनधर्मदिवाकर श्री १००८ श्री उपाध्याय श्री आत्मारामजी महाराज, तथा न्यायव्याकरणवेत्ता श्री १००७ तच्छिष्य श्री मुनि हेमचन्द्रजी महाराज.

(२) लाहौर–वि० सं० १९८९ आश्विन वदि १३ का पत्र, पण्डित श्री १००८ श्री भागचन्दजी महाराज तथा तच्छिष्य पण्डितरत्न श्री १००७ श्री त्रिलोकचंदजी महाराज.

(३) खीचन–से ता. ९–११–३६ का पत्र, क्रियापात्र स्थविर श्री १००८ श्री भारतरत्न श्री समरथमलजी महाराज.

(४) वालाचोर–ता. १४–११–३६ का पत्र, परमप्रसिद्ध भारतरत्न श्री १००८ श्री शतावधानी श्री रत्नचंदजी महाराज.

(५) बम्बई–ता. १६–११–३६ का पत्र, प्रसिद्ध कवीन्द्र श्री १००८ श्री कवि नानचंद्रजी महाराज.

(६) आगरा–ता. १८–१२–३६, जगत्–वल्लभ श्री १००८ जैनदिवाकर श्री चौथमलजी महाराज, गुणवन्त गणीजी श्री १००७ श्री साहित्यप्रेमी श्री प्यारचन्दजी महाराज.

(७) हैद्राबाद–(दक्षिण) ता. २५–११–३६ का पत्र, स्थविरपदभूषित भाग्यवान पुरुष श्री ताराचंदजी महाराज, तथा प्रसिद्धवक्ता श्री १००७ श्री सोभागमलजी महाराज.

(८) जयपुर–ता. २७–११–३६ का पत्र, संप्रदाय के गौरववर्धक शांत–स्वभावी श्री १००८ श्री खूबचन्दजी महाराज.

(९) अम्बाला–ता. २९–११–३६ का पत्र, परमप्रतापी पंजाबकेशरी श्री १००८ श्री पूज्य श्री काशीरामजी महाराज.

(१०) सेलाना–ता. २९–११–३६ का पत्र, शास्त्रोंके ज्ञाता श्रीमान् रतनलालजी डोसी.

(११) खीचन–ता. ९–११–३६ का पत्र, पंडितरत्न न्यायतीर्थ सुश्रावक श्रीयुत् माधवलालजी.

सादर जय जिनेन्द्र

आपका भेजा हुवा उपासकदशांग सूत्र तथा पत्र मिला यहां विराजित प्रवर्तक वयोवृद्ध श्री १००८ श्री ताराचंदजी महाराज पण्डित श्री किशनलालजी महाराज आदि ठाणा १४ सुख शांति में विराजमान हैं आपके वहां विराजित जैनशास्त्राचार्य पूज्यपाद श्री १००८ श्री घासीलालजी महाराज आदि ठाणा नव से हमारी वन्दना अर्ज कर सुख शांति पूछें, आपने उपासकदशांग सूत्र के विषय में यहां विराजित मुनिवरों की सम्मति मंगाई, उसके विषय में वक्ता श्री सोभागमलजी महाराजने फरमाया है कि वर्तमानमें स्थानकवासी समाजमें अनेकानेक विद्वान् मुनि महाराज मौजूद है मगर जैनशास्त्र की वृत्ति रचनेका साहस जैसा घासीलालजी महाराजने किया है वैसा अन्यने किया हो ऐसा नजर नहीं आता। दूसरा यह शास्त्र अत्यन्त उपयोगी तो यों है ही, संस्कृत प्राकृत हिंदी और गुजराती भाषा होने से चारों भाषा वाले एक ही पुस्तक से लाभ उठा सकते हैं। जैनसमाज में ऐसे विद्वानों का गौरव बढे, यही शुभ कामना है। आशा है कि स्थानकवासी संघ विद्वानों की कदर करना सीखेगा।

योग्य लिखें शेष शुभ

भवदीय

जमनालाल रामलाल कीमती

आगरा से—

श्री जैनदिवाकर प्रसिद्ध वक्ता जगद्वल्लभ मुनि श्री चोथमलजी महाराज व पंडितरत्न सुव्याख्यानी गणीजी श्री प्यारचन्द जी महाराज ने इस पुस्तक को अतीव पसन्द की है।

श्रीमान् न्यायतीर्थ पण्डित

माधवलालजी खींचनसे लिखते हैं कि—

उन पंडितरत्न महाभाग्यवंत पुरुषों के सामने उनकी अगाध-तत्त्वगवेषणा के विषय में मैं नगण्य क्या सम्मति दे सकता हूं।

परन्तु—

मेरे दो मित्रों ने जिन्होंने इसको कुछ पढा है बहुत सराहना की है, वास्तव में ऐसे उत्तम व सबके समझने योग्य ग्रन्थों की बहुत आवश्यकता है, और इस समाज का तो ऐसे ग्रन्थ ही गौरव बढा सकते हैं। ये दोनों ग्रन्थ वास्तव में अनुपम हैं। ऐसे ग्रन्थरत्नों के सुप्रकाशसे यह समाज अमावास्या के घोर अन्धकारमें दीपावली का अनुभव करती हुई, महावीर के अमूल्य वचनों का पान करती हुई अपनी उन्नति में अग्रसर होती रहेगी।

❀

ता. २९-११-३६

अम्बाला (पंजाब)

पत्र आपका मिला। श्री श्री १००८ पंजाबकेसरी पूज्य श्री काशीरामजी महाराज की सेवा में पढ़ कर सुना दिया। आपकी भेजी हुई उपासदशाङ्गसूत्र तथा गृहिधर्मकल्पतरुकी एक २ प्रति भी प्राप्त हुई। दोनों पुस्तकें अति उपयोगी तथा अत्यधिक परिश्रम से लिखी हुई हैं। ऐसे ग्रन्थरत्नों के प्रकाशित करवानेकी बड़ी आवश्यकता है। इन पुस्तकों से जैन तथा अजैन सबका उपकार हो सकता है। आपका यह पुरुषार्थ सराहनीय है।

आपका

शशिभूषण शास्त्री

अध्यापक जैन हाईस्कूल

अम्बाला शहर

शान्तस्वभावी वैराग्यमूर्ति तत्ववारिधि, धैर्यवान श्री जैनाचार्य पूज्यवर श्री श्री १००८ श्री खूबचंदजी महाराज साहेबने सूत्र श्री उपासकदशाङ्गजी को देखा। आपने फरमाया कि पण्डित मुनि श्री घासीलालजी महाराज ने उपासकदशाङ्ग सूत्रकी टीका लिखनेमें बडा ही परिश्रम किया है। इस समय इस प्रकार प्रत्येक सूत्रोंकी संशोधनपूर्वक सरल टीका और शुद्ध हिन्दी अनुवाद होनेसे भगवान निर्ग्रन्थों के प्रवचनों के अपूर्व रसका लाभ मिल सकता है।

*

बालाचोर से भारतरत्न शतावधानी पण्डित मुनि श्री १००८ श्री रतनचन्दजी महाराज फरमाते हैं कि—

उत्तरोत्तर जोतां मूलसूत्रनी संस्कृत टीकाओ रचवामां टीकाकारे स्तुत्य प्रयास कर्यो छे, जे स्थानकवासी समाज माटे मगरूरी लेवा जेवुं छे, वळी करांचीना श्री संघे सारा कागळमां अने सारा टाईपमां पुस्तक छपावी प्रगट कर्युं छे जे एक प्रकारनी साहित्य सेवा बजावी छे.

*

बम्बई शहरमें विराजमान कवि मुनि श्री नानचन्दजी महाराजने फरमाया है कि पुस्तक सुन्दर है प्रयास अच्छा है।

*

खीचन से स्थविर क्रियापात्र मुनि श्री रतनचन्दजी महाराज और पंडितरत्न मुनि श्री समर्थमलजी फरमाते हैं कि–विद्वान् महात्मा पुरुषों का प्रयत्न सराहनीय है, जैनागम श्रीमद् उपासकदशाङ्गसूत्र की टीका, एवं उसकी सरल सुबोधिनी शुद्ध हिन्दी भाषा बडी ही सुंदरता से लिखी है।

*

श्री वीतरागाय नमः ।

श्री श्री श्री १००८ जैनधर्मदिवाकर जैनागमरत्नाकर श्रीमज्जैनाचार्य श्री पूज्य घासीलालजी महाराज चरणवन्दन स्वीकार हो ।

अपरञ्च समाचार यह है कि आपके भेजे हुए ९ शास्त्र मास्टर शोभालालजी के द्वारा प्राप्त हुए, एतदर्थ धन्यवाद ! आपश्रीजीने तो ऐसा कार्य किया है जो कि हजारों वर्षों से किसी भी स्थानकवासी जैनाचार्यने नहीं किया ।

आपने स्थानकवासीजैनसमाज के ऊपर जो उपकार किया है वह कदापि भुलाया नहीं जा सकता और नहीं भुलाया जा सकेगा ।

हम तीनों मुनि भगवान महावीर से अथवा शासनदेव से प्रार्थना करते हैं कि आपकी इस वज्रमयी लेखनीको उत्तरोत्तर शक्तिप्रदान करें ता कि आप जैनसमाज से ऊपर और भी उपकार करते रहें, और आप चिरञ्जीवी हों ।

हम हैं आपके मुनि तीन
मुनि सत्येन्द्रदेव, मुनि लखपतराय, मुनि पद्मसेन,

*

इतवारी बाजार

नागपुर ता. १९–१२–५६

प्रखर विद्वान् जैनाचार्य मुनिराज श्री घासीलालजी महाराजद्वारा जो आगमोद्धारा हुआ और हो रहा है सचमुच महाराज श्री का यह स्तुत्य कार्य है। हमने प्रचारकजी के द्वारा नौ सूत्रोंका सेट देखा और कइ मार्मिक स्थलोंको पढा, पढ कर विद्वान मुनिराजश्री की शुद्ध श्रद्धा तथा लेखनीके प्रति हार्दिक प्रसन्नता फूट पडी।

वास्तवमें मुनिराज श्री जैन समाज पर ही नहीं इतर समाज पर भी गहरा उपकार कर रहे हैं। ज्ञान किसी एक समाज का नहीं होता वह सभी समाज की अनमोल निधि है जिसे कठिन परिश्रम से तैयार कर जनता के सम्मुख रक्खा जा रहा है, जिसका एक एक सेट हर शहर गांव और घर घरमें होना आनश्यक है।

साहित्यरत्न

मोहनमुनि सोहनमुनि जैन

શ્રી દશવૈકાલિક સૂત્રનું સમ્મતિપત્ર

શ્રમણ સંઘના મહાન આચાર્ય આગમ વારિધિ સર્વતન્ત્રસ્વતંત્ર જૈનાચાર્ય પૂજ્યશ્રી આત્મારામજી મહારાજે આપેલા સમ્મતિપત્રનો ગુજરાતી અનુવાદ.

*

મેં તથા પંડિત મુનિ હેમચંદ્રજીએ પંડિત મુલચંદ વ્યાસ (નામૌર મારવાડવાલા) દ્વારા મળેલી પંડિત રત્ન શ્રી ઘાસીલાલજી મુનિ વિરચિત સંસ્કૃત અને હિન્દી ભાષા સહિત શ્રી દશવૈકાલિક સૂત્રની આચારમણિમંજૂષા ટીકાનું અવલોકન કર્યું. આ ટીકા સુંદર બની છે. તેમાં પ્રત્યેક શબ્દોનો અર્થ સારી રીતે વિશેષભાવ લઈને સમજાવવામાં આવેલ છે.

તેથી તે વિદ્વાનો અને સાધારણ બુદ્ધિવાળાઓ માટે ઉપકાર કરવાવાળી છે. ટીકાકારે મુનિના આચાર વિષયનો ઉલ્લેખ સારો કરેલ છે. જે આધુનિક-મતાવલંબી અહિંસાના સ્વરૂપને નથી જાણતા, દયામાં પાપ સમજે છે તેમને માટે 'અહિંસા શું વસ્તુ છે' તેનું સારી રીતે પ્રતિપાદન કરેલ છે. વૃત્તિકારે સૂત્રના પ્રત્યેક વિષયને સારી રીતે સમજાવેલ છે. આ વૃત્તિના અવલોકનથી વૃત્તિકારની અતિશય યોગ્યતા સિદ્ધ થાય છે.

આ વૃત્તિમાં એક બીજી વિશેષતા એ છે કે મૂલસૂત્રની સંસ્કૃત છાયા હોવાથી સૂત્ર, સૂત્રનાં પદ અને પદચ્છેદ સુબોધદાયક બનેલ છે.

પ્રત્યેક જીજ્ઞાસુએ આ ટીકાનું અવલોકન અવશ્ય કરવું જોઈએ. વધારે શું કહેવું? અમારી સમાજમાં આવા પ્રકારના વિદ્વાન મુનિરત્નનું હોવું એ સમાજનું અહોભાગ્ય છે. આવા વિદ્વાન મુનિરત્નોના કારણે સુપ્તપ્રાય-સુતેલો સમાજ અને લુપ્તપ્રાય એટલે લોપ પામેલું સાહિત્ય એ બન્નેનો ફરીથી ઉદય થશે. અમો વૃત્તિકારને વારંવાર ધન્યવાદ આપીએ છીએ.

વિક્રમ સંવત ૧૯૯૦ ફાલ્ગુન શુકલ તેરસ મંગળવાર (અલવર સ્ટેટ)

ઈતિ
ઉપાધ્યાયજૈનમુનિ આત્મારામ
(પંજાબી)

શ્રમણ સંઘના પ્રચારમંત્રી પંજાબકેશરી મહારાજ **શ્રી પ્રેમચંદજી મહારાજ** જેઓશ્રી રાજકોટમાં પધારેલ હતાં ત્યારે તેઓના તરફથી શાસ્ત્રોને માટે મળેલો અભિપ્રાય.

*

શાસ્ત્રોદ્ધારસમિતિ તરફથી પૂજ્યપાદ શાસ્ત્રવારિધિ પંડિતરાજ સ્વામીશ્રી ઘાસીલાલજી મહારાજ દ્વારા શાસ્ત્રોદ્ધારનું જે કાર્ય થઈ રહ્યું છે તે કાર્ય જૈનસમાજ તેમાં ખાસ કરીને સ્થાનકવાસીજૈનસમાજને માટે મૂળભૂત મૌલિક સંસ્કૃતની જડને મજબુત કરવાવાળું છે.

એટલા ખાતર આ કાર્ય અતિ પ્રશંસનીય છે માટે દરેક વ્યક્તિએ તેમાં યથાશકિત ભોગ દેવાની ખાસ આવશ્યકતા છે અને તેથી એ ભગીરથ કાર્ય જલ્દીથી જલ્દી સંપૂણપણે પાર પાડી શકાય અને જનતા શ્રુતજ્ઞાનનો લાભ મેળવી શકે.

*

દરીયાપુર સંપ્રદાયના પૂજ્ય આચાર્ય શ્રી ઈશ્વરલાલજી મહારાજ સાહેબના

સૂત્રો સંબંધે વિચારો

નમામિ વીરં ગિરિસારધીરં

પૂજ્યપાદ જ્ઞાનિપ્રવર શ્રી ઘાસીલાલ મહારાજ તથા પંડિતશ્રી કનૈયાલાલજી મહારાજ આદિ થાણા છની સેવામાં—

અમદાવાદ શાહપુર ઉપાશ્રયથી મુનિ દયાનંદજીના ૧૦૮ પ્રણિપાત.

આપ સર્વે થાણાઓ સુખ સમાધિમાં હશો નિરંતર ધર્મધ્યાન ધર્મારાધનામાં લીન હશો.

સૂત્ર પ્રકાશન કાર્ય ત્વરિત થાય એવી ભાવના છે દશવૈકાલિક તથા આચારાંગ એક એક ભાગ અહીં છે, ટીકા ખુબ સુંદર, સરળ અને અર્થ સાથે પ્રકાશન થાય તો શ્રાવકગણ તેનો વિશેષ લાભ લઈ શકે, અને પૂજ્ય આચાર્ય ગુરૂદેવને આંખે મોતીયો ઉતરાવ્યો છે અને સારૂં છે એજ.

આસો સુદ ૧૦, મંગળવાર, તા. ૨૫–૧૦–૫૫

પુનઃ પુનઃ શાતા ઈચ્છતો,
દયામુનિના પ્રણિપાત.

*

દરિયાપુર સંપ્રદાયના પંડિતરત્ન ભાઇચંદજી મહારાજનો અભિપ્રાય

શ્રી

રાણપુર તા. ૧૯–૧૨–૧૯૫૫

પૂજ્યપાદ જ્ઞાનિપ્રવર પંડિતરત્ન પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ આદિ મુનિવરોની સેવામાં, આપ સર્વ સુખસમાધીમાં હશો.

સૂત્રપ્રકાશનનું કામ સુંદર થઈ રહ્યું છે તે જાણી અત્યંત આનંદ. આપના પ્રકાશિત થયેલાં કેટલાંક સૂત્રો મેં જોયાં. સુંદર અને સરલ સિદ્ધાંતના ન્યાયને પુષ્ટિ કરતી ટીકા પંડિતરત્નોને સુપ્રિય થઇ પડે તેવી છે. સૂત્રપ્રકાશનનું કામ ત્વરિત પૂર્ણ થાય અને ભવિ આત્માઓને આત્મકલ્યાણ કરવામાં સાધનભૂત થાય એજ અભ્યર્થના.

લી. પંડિતરત્ન બાળબ્રહ્મચારી
પૂ૦ શ્રી ભાઇચંદ મહારાજની
આજ્ઞાનુસાર શાન્તિમુનીના
પાયવંદન સ્વીકારશો.

*

તા. ૧૧–૫–૫૬
વિરમગામ

ગચ્છાધિપતિ પૂજ્ય મહારાજ શ્રી જ્ઞાનચંદ્રજી મહારાજના સંપ્રદાયના આત્માર્થી, ક્રિયાપાત્ર, પંડિતરત્ન, મુનિશ્રી સમરથમલજી મહારાજનો અભિપ્રાય.

ખીચનથી આવેલ તા. ૧૨–૨–૫૬ના પત્રથી ઉદ્ધૃત.

પૂજ્ય આચાર્ય ઘાસીલાલજી મહારાજના હસ્તક જે સૂત્રોનું લખાણ સુંદર અને સરળ ભાષામાં થાય છે તે સાહિત્ય, પંડિત મુનિશ્રી સમરથમલજી મહારાજ સમય ઓછો મળવાને કારણે સંપૂર્ણ જોઈ શકયા નથી. છતાં જેટલું સાહિત્ય જોયું છે, તે બહુ જ સારૂં અને મનન સાથે લખાયેલું છે, તે લખાણ શાસ્ત્ર–આજ્ઞાને અનુરૂપ લાગે છે. આ સાહિત્ય દરેક શ્રદ્ધાળું જીવોને વાંચવા યોગ્ય છે. આમાં સ્થાનકવાસી સમાજની શ્રદ્ધા, પ્રરૂપણા અને ફરસણાની દઢતા શાસ્ત્રાનુકૂળ છે. આચાર્યશ્રી અપૂર્વ પરિશ્રમ લઇ સમાજ ઉપર મહાન ઉપકાર કરે છે.

લી. કિશનલાલ પૃથ્વીરાજ માલુ.
મુ. ખીચન.

*

લીંબડી સંપ્રદાયના મુનિશ્રી છોટાલાલજી મહારાજનો અભિપ્રાય

શ્રી વીતરાગદેવે જ્ઞાનપ્રચારને તીર્થંકર–નામ–ગોત્ર બાંધવાનું નિમિત્ત કહેલ છે. જ્ઞાનપ્રચાર કરનાર, કરવામાં સહાય કરનાર, અને તેને અનુમોદન આપનાર, જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરી પરમપદના અધિકારી બને છે. શાસ્ત્રજ્ઞ, પરમ શાન્ત અને અપ્રમાદી પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ પોતે અવિશ્રાન્તપણે જ્ઞાનની ઉપાસના અને તેની પ્રભાવના અનેક વિકટ પ્રસંગોમાં પણ કરી રહ્યા છે. તે માટે તેઓશ્રી અનેકશઃ ધન્યવાદના અધિકારી છે. વંદનીય છે. તેમની જ્ઞાનપ્રભાવનાની ધગશ ઘણા પ્રમાદિઓને અનુકરણીય છે. જેમ પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ પોતે જ્ઞાન પ્રચાર માટે અવિશ્રાન્ત પ્રયત્ન કરે છે. તેમજ– શાસ્ત્રોદ્ધારસમિતિના કાર્યવાહકો પણ એમાં સહાય કરીને જે પવિત્ર સેવા કરી રહેલ છે. તે પણ બરેબર ધન્યવાદના પૂર્ણ અધિકારી છે.

એ સમિતિના કાર્યકરોને મારી એક સુચના છે કેઃ—

શાસ્ત્રોદ્ધાર પ્રવર પંડિત અપ્રમાદી સંત ઘાસીલાલજી મહારાજ જે શાસ્ત્રોદ્ધારકનું કામ કરી રહેલ છે. તેમાં સહાય કરવા માટે–પંડિતો વિગેરેના માટે જે ખર્ચો થઈ રહેલ છે તેને પહોંચીવળવા માટે સારૂં સરખું ફંડ જોઈએ. એના માટે મારી એ સુચના છે કે–શાસ્ત્રોદ્ધારસમિતિના મુખ્ય કાર્યવાહકો–જો બની શકે તો પ્રમુખ પોતે અને બીજા બે ત્રણ જણાઓ ગુજરાત, સૌરાષ્ટ્ર, અને કચ્છમાં પ્રવાસ કરી મેમ્બરો બનાવે અને આર્થિક સહાય મેળવે.

જો કે અત્યારની પરિસ્થિતિ વિષમ છે. વ્યાપારીઓ, ધંધાદારીઓને પોતાના વ્યવહાર સાચવવા પણ મુશ્કેલ બન્યા છે. છતાં જો સંભાવિત ગૃહસ્થો પ્રવાસે નીકળે તો જરૂર કાર્ય સફળ કરે એવી મને શ્રદ્ધા છે.

આર્થિક અનુકૂળતા થવાથી શાસ્ત્રોદ્ધારનું કામ પણ વધુ સરલતાથી થઇ શકે. પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ જ્યાં સુધી આ તરફ વિચરે છે ત્યાં સુધીમાં એમની જ્ઞાનશક્તિનો જેટલો લાભ લેવાય તેટલો લઈ લેવો, કદાચ સૌરાષ્ટ્રમાં વધુ વખત રહેવાથી તેમને હવે બહાર વિહરવાની ઈચ્છા થતી હોય તો શાન્તિભાઈ શેઠ જેવાએ વિનંતિ કરી અમદાવાદ પધરાવવા, અને ત્યાં અનુકૂળતા મુજબ બે–ત્રણ વર્ષની સ્થિરતા કરાવીને તેમની પાસે શાસ્ત્રોદ્ધારનું કામ પૂર્ણ કરાવી લેવું જોઇએ.

થોડા વખતમાં જામનગરમાં શાસ્ત્રોદ્ધારકમીટી મળવાની છે, તે વખતે ઉપરની સૂચના વિચારાય તો ઠીક.

ફરી શાસ્ત્રોદ્ધારક પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજને એમની આ સેવા અને પરમ કલ્યાણકારક પ્રવૃત્તિને માટે વારંવાર અભિનંદન છે. શાસનનાયક દેવ તેમના શરીરાદ્રિને સશકત અને દીર્ઘાયુ રાખે જેથી સમાજ ધર્મની વધુ ને વધુ સેવા કરી શકે ૐ અસ્તુ.

ચાતુર્માસ સ્થળ લીંબડી
સ. ૨૦૧૦ શ્રાવણ વદ ૧૩ ગુરૂ

લી.
સદાનંદી જૈનમુનિ છોટાલાલજી

*

શ્રી વર્ધમાન સંપ્રદાયના પૂજ્યશ્રી પુનમચંદ્રજી મહારાજનો અભિપ્રાય

શાસ્ત્રવિશારદ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ઘાસીલાલજી મહારાજશ્રીએ જૈન આગમો ઉપર જે સંસ્કૃત ટીકા વગેરે રચેલ છે તે માટે તેઓશ્રી ધન્યવાદને પાત્ર છે. તેમણે આગમો ઉપરની સ્વતંત્ર ટીકા રચીને સ્થાનકવાસી જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે, આગમો ઉપરની તેમની સંસ્કૃતટીકા ભાષા અને ભાવની દૃષ્ટિએ ઘણી જ સુંદર છે. સંસ્કૃતરચના માધુર્ય. તેમજ અલંકાર વગેરે ગુણોથી યુક્ત છે. વિદ્વાનોએ તેમજ જૈન સમાજના આચાર્યો, ઉપાધ્યાયો વગેરે એ શાસ્ત્રો ઉપર રચેલી આ સંસ્કૃતરચનાની કદર કરવી જોઇએ. અને દરેક પ્રકારનો સહકાર આપવો જોઇએ.

આ મહાન કાર્યમાં પંડિતરત્ન પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ જે પ્રયત્ન કરી રહ્યા છે તે અલૌકિક છે. તેમનું આગમ ઉપરની સંસ્કૃત ટીકા વગેરે રચવાનું ભગીરથકાર્ય શીઘ્ર સફળ થાય એજ શુભેચ્છા સાથે.

અમદાવાદ
તા. ૨૨-૪-૫૬ રવીવાર
મહાવીર જયંતિ

મુનિ પુનમચંદ્રજી

*

ખંભાત સંપ્રદાયના મહાસતી શારદાબાઈ સ્વામીનો અભિપ્રાય

લખતર તા. ૨૫-૪-૫૬

શ્રીમાન શેઠ શાંતીલાલભાઈ મંગળદાસભાઈ.
પ્રમુખ સાહેબ અખિલ ભારત શ્વે૦ સ્થા૦ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
મુ. અમદાવાદ

અમો અત્રે દેવગુરૂની કૃપાએ સુખરૂપ છીએ. વિ. મા. આપની સમિતિદ્વારા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબ જે સૂત્રોનું કાર્ય કરે છે તે પૈકીનાં સૂત્રોમાંથી ઉપાસકદશાંગસૂત્ર, આચારાંગસૂત્ર, અનુત્તરોપપતિકસૂત્ર

દશવૈકાલિકસૂત્ર વિગેરે સૂત્રો જોયાં તે સૂત્રો સંસ્કૃત હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં હોવાને કારણે વિદ્વાન અને સામાન્ય જનોને ઘણું જ લાભદાયક છે. તે વાંચન ઘણું જ સુંદર અને મનોરંજન છે. આ કાર્યમાં પૂજ્ય આચાર્યશ્રી જે અગાધ પુરૂષાર્થ કાર્ય કરે છે તે માટે વારંવાર ધન્યવાદને પાત્ર છે. આ સૂત્રોથી સમાજને ઘણો લાભ થવા સંભવ છે.

હંસ સમાન બુદ્ધિવાળા આત્માઓ સ્વપરના ભેદથી નિખાલસ ભાવનાએ અવલોક કરશે તો આ સાહિત્ય સ્થાનકવાસી સમાજ માટે અપૂર્વ અને ગૌરવ લેવા જેવું છે. દરેક ભવ્ય આત્માઓને સૂચન કરૂં છું કે આ સૂત્રો પોતપોતાના ઘરમાં વસાવવાની સુંદર તકને ચૂકશો નહિ. કારણ આવા શુદ્ધ પવિત્ર અને સ્વપરંપરાને પુષ્ટિરૂપ સૂત્રો મળવાં બહુ મુશ્કેલ છે. આ કાર્યમાં આપશ્રી તથા સમિતિના અન્ય કાર્યકરો જે શ્રમ લઈ રહ્યા છો તેમાં મહાન નિર્જરાનું કારણ જોવામાં આવે છે તે બદલ ધન્યવાદ. એ જ.

લી. શારદાબાઈ સ્વામી
ખંભાત સંપ્રદાય.

*

બરવાળા સંપ્રદાયના વિદુષી મહાસતીજી મોંઘીબાઈ સ્વામીનો અભિપ્રાય

ધંધુકા તા. ૨૭–૧–૫૬

શ્રીમાન શેઠ શાન્તીલાલ મંગળદાસભાઈ
પ્રમુખ અ૦ ભા૦ શ્વે૦ સ્થા૦ જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ
મુ૦ રાજકોટ

અત્રે બીરાજતા ગુ૦ ગુ૦ના ભંડાર મહાસતીજી વિદુષી મોંઘીબાઇ સ્વામી તથા હીરાબાઈ સ્વામી આદિઠાણાં બન્ને સુખશાતમાં બીરાજે છે. આપને સૂચન છે કે અપ્રમત્ત અવસ્થામાં રહી નિવૃત્તિ ભાવને મેળવી ધર્મધ્યાન કરશો એજ આશા છે.

વિશેષમાં અમને પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ઘાસીલાલજી મહારાજના રચેલાં સૂત્રો ભાઈ પોપટ ધનજીભાઇ તરફથી ભેટ તરીકે મળેલાં તે સૂત્રો તમામ આદ્યોપાન્ત વાંચ્યાં મનન કર્યાં અને વિચાર્યાં છે તે સૂત્રો સ્થાનકવાસી સમાજને અને વીતરાગમાર્ગને ખુબ જ ઉન્નત બનાવનાર છે. તેમાં આપણી શ્રદ્ધા એટલી ન્યાયરૂપથી ભરેલી છે તે આપણા સમાજ માટે ગૌરવ લેવા જેવું છે. હંસ સમાન

આત્માઓ જ્ઞાનઝરણાંઓથી આત્મરૂપવાડીને વિકસિત કરશે, ધન્ય છે આપને અને સમિતિના કાર્યકરોને જે સમાજ ઉત્થાન માટે કોઈની પણ પરવા કર્યા વગર જ્ઞાનનું દાન ભવ્ય આત્માઓને આપવા નિમિત્તરૂપ થઈ રહ્યા છો. આવા સમર્થ વિદ્વાન પાસેથી સંપૂર્ણ કાર્ય પુરૂં કરાવશો તેવી આશા છે.

એજ લિ. બરવાળા સંપ્રદાયના વિદુષી
મહાસતીજી **મોંઘીબાઈ સ્વામી**
ના ફરમાનથી લી. ખોડીદાસ ગણેશભાઈ—ધંધુકા
સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ

*

અદ્યતન પદ્ધતિને અપનાવનાર વડોદરા કોલેજના એક વિદ્વાન પ્રોફેસરનો અભિપ્રાય

સ્થાનકવાસી સંપ્રદાયના મુનિશ્રી ઘાસીલાલજી મહારાજ જૈનશાસ્ત્રોના સંસ્કૃત ટીકાબદ્ધ, ગુજરાતીમાં અને હિન્દીમાં ભાષાંતરો કરવાના ઘણા વિકટ કાર્યમાં વ્યાપ્ત થયેલા છે. શાસ્ત્રો પૈકી જે શાસ્ત્રો પ્રસિદ્ધ થયાં છે તે હું જોઈ શકયો છું, મુનિશ્રી પોતે સંસ્કૃત, અર્ધમાગધી હિંદી ભાષાઓના નિષ્ણાત છે. એ એમનો ટુંક પરિચય કરતાં સહજ જણાઈ આવે છે. શાસ્ત્રોનું સંપાદન કરવામાં તેમને પોતાના શિષ્ય વર્ગનો અને વિશેષમાં ત્રણ પંડિતોનો સહકાર મળ્યો છે. તે જોઈ મને આનંદ થયો સ્થાનકવાસી સંપ્રદાયના અગ્રેસરોએ પંડિતોનો સહકાર મેળવી આપી,મુનિશ્રીના કાર્યને સરળ અને શિષ્ટ બનાવ્યું છે. સ્થાનકવાસી સમાજમાં વિદ્વત્તા; ઘણી ઓછી છે, તે દિગંબર મૂર્તિપૂજક શ્વેતાંબર વગેરે જૈનદર્શનના પ્રતિનિધિઓના ઘણા સમયથી પરિચયમાં આવતાં હું વિરોધના ભય વગર કહી શકું. પૂ૦ મહારાજનો આ પ્રયાસ સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રથમ છે એવી મારી માન્યતા છે. સંસ્કૃત સ્પષ્ટીકરણો સારાં આપવામાં આવ્યાં છે, ભાષા શુદ્ધ છે એમ ચોક્કસ કહી શકું છું. ગુજરાતી ભાષાંતરો પણ શુદ્ધ અને સરળ થયેલાં છે. મને વિશ્વાસ છે કે મહારાજશ્રીના આ સ્તુત્ય પ્રયાસને જૈનસમાજ ઉત્તેજન આપશે અને શાસ્ત્રોના ભાષાંતરોને વાચનાલયમાં અને કુટુંબોમાં વસાવી શકાય તે પ્રમાણે વ્યવસ્થા કરશે.

પ્રતાપગંજ, વડોદરા — **કામદાર કેશવલાલ હિંમતરામ**
તા. ૨૭–૨–૧૯૫૬

મુંબઇની બે કોલેજોના પ્રોફેસરોનો અભિપ્રાય

મુંબઈ તા. ૩૧-૩-૫૬

શ્રીમાન શેઠ શાન્તિલાલ મંગળદાસ
પ્રમુખ : શ્રી અખિલ ભારત શ્વે. સ્થા. જૈનશાસ્ત્રોદ્ધારસમિતિ,
રાજકોટ.

પૂજ્યાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજે તૈયાર કરેલાં આચારાંગ, દશવૈકાલિક, આવશ્યક, ઉપાસકદશાંગ વગેરે સૂત્રો અમે જોયાં. આ સૂત્રો ઉપર સંસ્કૃતમાં ટીકા આપવામાં આવી છે, અને સાથે હિંદી અને ગુજરાતી ભાષાંતરો પણ આપવામાં આવ્યાં છે. સંસ્કૃતટીકા અને ગુજરાતી તથા હિંદી ભાષાંતરો જોતાં આચાર્યશ્રીના આ ત્રણે ભાષા પરના એક સરખા અસાધારણ પ્રભુત્વની સચોટ અને સુરેખ છાપ પડે છે. આ સૂત્ર ગ્રંથોમાં પાને પાને પ્રગટ થતી આચાર્યશ્રીની અપ્રતિમ વિદ્વત્તા મુગ્ધ કરી દે તેવી છે. ગુજરાતી તથા હિંદીમાં થયેલાં ભાષાંતરમાં ભાષાની શુદ્ધિ અને સરળતા નોંધપાત્ર છે. એથી વિદ્વદ્‌જન અને સાધારણ માણસ ઉભયને સંતોષ આપે એવી એમની લેખનીની પ્રતીતિ થાય છે. ૩૨ સૂત્રોમાંથી હજુ ૧૩ સૂત્રો પ્રગટ થયાં છે. બીજાં ૭ સૂત્રો લખાઈને તૈયાર થઇ ગયાં છે. આ બધાં જ સૂત્રો જ્યારે એમને હાથે તૈયાર થઇને પ્રગટ થશે ત્યારે જૈન-સૂત્ર-સાહિત્યમાં અમૂલ્ય સંપત્તિરૂપ ગણાશે એમાં સંશય નથી. આચાર્યશ્રીના આ મહાન કર્યને જૈનસમાજનો વિશેષતઃ સ્થાનકવાસી સમાજનો સંપૂર્ણ સહકાર સાંપડી રહેશે એવી અમે આશા રાખીએ છીએ.

પ્રો. **રમણલાલ ચીમનલાલ શાહ**
સેંટ ઝેવિયર્સ કોલેજ, **મુંબાઈ.**
પ્રો. **તારા રમણલાલ શાહ**
સોફીયા, કલેજ, **મુંબાઈ**

*

રાજકોટ ધર્મેન્દ્રસિંહજી કોલેજના પ્રોફેસર સાહેબનો અભિપ્રાય

જયમહાલ
જાગનાથ પ્લોટ
રાજકોટ, તા. ૧૮-૪-૫૬

પૂજ્યાચાર્ય પં. મુનિશ્રી ઘાસીલાલજી મહારાજ આજે જૈનસમાજ માટે એક એવા કાર્યમાં વ્યાપ્ત થયેલા છે કે જે સમાજ માટે બહુ ઉપયોગી થઈ પડશે. મુનિશ્રીએ તૈયાર કરેલાં આચારાંગ, દશવૈકાલિક, શ્રી વિપાકશ્રુત વિ. મેં જોયાં.

આ સૂત્રો જોતાં પહેલી જ નજરે મહારાજશ્રીનો સંસ્કૃત, અર્ધમાગધી, હિન્દી તથા ગુજરાતી ભાષાઓ ઉપરનો અસાધારણ કાબુ જણાઇ આવે છે. એક પણ ભાષા મહારાજશ્રીથી અજાણી નથી. આપણે જોઇએ છીએ કે એ સૂત્રો ઉચ્ચ અને પ્રથમ કોટીના છે. તેની વસ્તુ ગંભીર, વ્યાપક અને જીવનને તલસ્પર્શી છે, એટલા ગહન અને સર્વગ્રાહ્ય સૂત્રોનું ભાષાંતર પૂ૦ ઘાસીલાલજી મહારાજ જેવા ઉચ્ચ કોટીના મુનિરાજને હાથે થાય છે તે આપણાં અહોભાગ્ય છે. યંત્રવાદ અને ભૌતિકવાદના આ જમાનામાં જ્યારે ધર્મભાવનાં ઓસરતી જાય છે એવે વખતે આવા તત્ત્વજ્ઞાન આધ્યાત્મિકતાથી ભરેલાં સૂત્રોનું સરળ ભાષામાં ભાષાંતર દરેક જિજ્ઞાસુ, મુમુક્ષુ અને સાધકને માર્ગદર્શક થઈ પડે તેમ છે. જૈન અને જૈનેતર, વિદ્વાન અને સાધારણ માણસ સાધુ અને શ્રાવક દરેકને સમજણ પડે તેવી સ્પષ્ટ. સરળ અને શુદ્ધ ભાષામાં સૂત્રો લખવામાં આવ્યાં છે. મહારાજશ્રીને જ્યારે જોઈએ ત્યારે તેમના આ કાર્યમાં સંકળાયેલા જોઈએ છીએ. એ ઉપરથી મુનિશ્રીના પરિશ્રમ અને ધગશની કલ્પના કરી શકાય તેમ છે. તેમનું જીવન સૂત્રોમાં વણાઈ ગયું છે.

મુનિશ્રીના આ અસાધારણ કાર્યમાં પોતાના શિષ્યોનો તથા પંડિતોનો સહકાર મળ્યો છે. અને આશા છે કે જો દરેક મુમુક્ષુ આ પુસ્તકોને પોતાના ઘરમાં વસાવશે અને પોતાના જીવનને સાચા સુખને માર્ગે વાળશે તો મહારાજશ્રીએ ઉઠાવેલો શ્રમ સંપૂર્ણપણે સફળ થશે.

પ્રો. **રસીકલાલ કસ્તુરચંદ ગાંધી**
એમ. એ. એલ. એલ. બી
ધર્મેન્દ્રસિંહજી કોલેજ
રાજકોટ (સૌરાષ્ટ્ર)

*

મુંબઈ અને ઘાટકોપરમાં મળેલી સભાએ ભિનાસર કોન્ફરેન્સ તથા સાધુસંમેલનમાં મોકલાવેલ ઠરાવ

હાલ જે વખત શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ માટે આગમ સંશોધન અને સ્વતંત્ર ટીકાવાળા શાસ્ત્રોદ્ધારની અતિ આવશ્યકતા છે અને જે મહાનુંભાવોએ આ વાત દીર્ઘ દૃષ્ટિથી પહેલી પોતાના મગજમાં લઇ તે પાર પાડવા મહેનત લઈ રહ્યા છે તેવા મુનિ મહારાજ પંડિતરત્ન શ્રી ઘાસીલાલજી મહારાજ કે જેઓને સાદડી અધિવેશનમાં સર્વાનુમતે સાહિત્યમંત્રી નીમ્યા છે, તેઓશ્રીની દેખરેખ નીચે અ. ભા. શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ જે એક મોટી વગવાળી કમિટી છે તેની મારફતે કામ થઈ રહ્યું છે. જેને પ્રધાનાચાર્યશ્રી તથા પ્રચારમંત્રીશ્રી

તથા અનેક અનુભવી મહાનુભાવોએ પોતાની પસંદગીની મહોર છાપ આપી છે. અને છેલ્લામાં છેલ્લા વડોદરા યુનિવર્સીટીના પ્રોફેસર કેશવલાલ કામદાર એમ. એ. પોતાનું સવિસ્તર પ્રમાણપત્ર આપ્યું છે. તે શાસ્ત્રોદ્ધાર કમિટીના કામને આ સંમેલન તથા કોન્ફેરન્સ હાર્દિક અભિનંદન આપે છે. અને તેમના કામને જ્યાં જ્યાં અને જે જે જરૂર પડે–પંડિતોની અને નાણાંની તે તે પોતાની પાસેના ફંડમાંથી અને જાહેર જનતા પાસેથી મદદ મળે તેવી ઈચ્છા ધરાવે છે.

આ શાસ્ત્રો અને ટીકાઓને જ્યારે આટલી બધી પ્રશંસાપૂર્વક પસંદગી મળી છે, ત્યારે તે કામને મદદ કરવાની આ કોન્ફેરન્સ પોતાની ફરજ માને છે અને જે કોઈ ત્રુટી હોય તે પં. ૨. શ્રી ઘાસીલાલજી મહારાજની સાંનિધ્યમાં જઈ, બતાવીને સુધારવા પ્રયત્ન કરવો. આ કામને ટલ્લે ચઢાવવા જેવું કોઈ પણ કામ સત્તા ઉપરના અધિકારીઓના વાણી કે વર્તનથી ન થાય તે જોવા પ્રમુખ સાહેબને ભલામણ કરે છે.

(સ્થા. જૈન પત્ર તા. ૪–૫–૫૬)

*

સ્વતંત્રવિચારક અને નિડર લેખક 'જૈનસિદ્ધાંત'ના તંત્રી શેઠ નગીનદાસ ગીરધરલાલનો અભિપ્રાય

શ્રી સ્થાનકવાસી શાસ્ત્રોદ્ધાર સમિતિ સ્થાપીને પૂ. ઘાસીલાલજી મહારાજને સૌરાષ્ટ્રમાં બોલાવી તેમની પાસે બત્રીસે સૂત્રો તૈયાર કરવાની હિલચાલ ચાલતી હતી ત્યારે તે હિલચાલ કરનાર શાસ્ત્રજ્ઞ શેઠ શ્રી દામોદરદાસભાઇ સાથે મારે પત્રવ્યવહાર ચાલેલો ત્યારે શેઠ શ્રી દામોદરદાસભાઈએ તેમના એક પત્રમાં મને લખેલું કે—

> "આપણા સૂત્રોના મૂળ પાઠ તપાસી શુદ્ધ કરી સંસ્કૃત સાથે તૈયાર કરી શકે તેવા સ્થાનકવાસી સંપ્રદાયમાં મુનિશ્રી ઘાસીલાલજી મ. સિવાય મને કોઈ વિશેષ વિદ્વાન મુનિ જોવામાં આવતા નથી. લાંબી તપાસને અંતે મેં મુનિશ્રી ઘાસીલાલજીને પસંદ કરેલા છે."

શેઠ શ્રી દામોદરદાસભાઈ પોતે વિદ્વાન હતા. શાસ્ત્રજ્ઞ હતા તેમ વિચારક પણ હતા. શ્રાવકો તેમજ મુનિઓ પણ તેમની પાસેથી શિક્ષા વાંચના લેતા, તેમ જ્ઞાનચર્ચા પણ કરતા. એવા વિદ્વાન શેઠશ્રીની પસંદગી યથાર્થ જ હોય એમાં

નવાઈ નથી. અને પૂ. શ્રી ઘાસીલાલજીના બનાવેલાં સૂત્રો જોતાં સૌ કોઇને ખાત્રી થાય તેમ તે કે દામોદરદાસભાઇએ તેમજ સ્થાનકવાસી સમાજે જેવી આશા શ્રી ઘાસીલાલજી મ. પાસેથી રાખેલી તે બરાબર ફળીભૂત થયેલ છે.

શ્રી વર્ધમાન શ્રમણસંઘના આચાર્ય શ્રી આત્મારામજી મહારાજે શ્રી ઘાસીલાલજી મહારાજના સૂત્રો માટે ખાસ પ્રશંસા કરી અનુમતિ આપેલ છે તે ઉપરથી જ શ્રી ઘાસીલાલજી મ. ના સૂત્રોની ઉપયોગિતાની ખાત્રી થશે.

આ સૂત્રો વિદ્યાર્થીને. અભ્યાસીને તેમજ સામાન્ય વાંચકોને સર્વને એક સરખી રીતે ઉપયોગી થઈ પડે છે. વિદ્યાર્થીને તેમજ અભ્યાસીને મૂળ તથા સંસ્કૃત ટીકા વિશેષ કરીને ઉપયોગી થાય તેમ છે. ત્યારે સામાન્ય હિંદી વાંચકને હિંદી અનુવાદ અને ગુજરાતી વાંચકને ગુજરાતી અનુવાદથી આખું સૂત્ર સરળતાથી સમજાય છે.

કેટલાકનો એવો ભ્રમ છે કે સૂત્રો વાંચવાનું કામ આપણું નહિ, સૂત્રો આપણને સમજાય નહિ. આ ભ્રમ તદ્દન ખોટો છે. બીજા કોઈ પણ શાસ્ત્રીય પુસ્તક કરતાં આ સૂત્રો સામાન્ય વાચકને પણ ઘણી સરળતાથી સમજાઈ જાય છે. સામાન્ય માણસ પણ સમજી શકે તેટલા માટે જ ભગવાન મહાવીરે તે વખતની લોકભાષામાં (અર્ધમાગધી ભાષામાં) સૂત્રો બનાવેલાં છે. એટલે સૂત્રો વાંચવા તેમજ સમજવામાં ઘણું સરળ છે.

માટે કોઈ પણ વાંચકને એનો ભ્રમ હોય તો તે કાઢી નાંખવો અને ધર્મનું તેમજ ધર્મના સિદ્ધાંતોનું સાચું જ્ઞાન મેળવવા માટે સૂત્રો વાંચવાને ચૂકવું નહિ. એટલું જ નહિ પણ જરૂરથી પહેલાં સૂત્રો જ વાંચવાં.

સ્થાનકવાસીઓમાં આ શ્રી સ્થા૦ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિએ જે કામ કર્યું છે. અને કરી રહી છે તેવું કોઈ પણ સંસ્થાએ આજ સુધી કર્યું નથી. સ્થા૦ જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિના છેલ્લા રિપોર્ટ પ્રમાણે બીજા ૭ સૂત્રો લખાયેલ પડ્યા છે, બે સૂત્રો–અનુયોગદ્વાર અને ઠાણાંગ સૂત્ર–લખાય છે તે પણ થોડા વખતમાં તૈયાર થઈ જશે. તે પછી બાકીના સૂત્રો હાથ ધરવામાં આવશે.

તૈયાર સૂત્રો જલ્દી છપાઈ જાય એમ ઇચ્છીએ છીએ અને સ્થા. બંધુઓ સમિતિને ઉત્તેજન અને સહાયતા આપીને તેમનાં સૂત્રો ઘરમાં વસાવે એમ ઇચ્છીએ છીએ. 'જૈન સિદ્ધાંત' પત્ર–મે ૧૯૫૫

*

શ્રુત–ભક્તિ

(પૂ૦ આચાર્ય શ્રી ઘાસીલાલજી મ૦ સા૦ની આજ્ઞા અનુસાર લખનાર)

દ. સ. ના જૈન મુનિ શ્રી દયાનંદજી મહારાજ

તા. ૨૩–૬–૫૬ શાહપુર, અમદાવાદ

આજે લગભગ ૨૦ વર્ષથી શ્રદ્ધેય પરમપૂજ્ય. જ્ઞાનદિવાકર પં૦ મુનિશ્રી **ઘાસીલાલજી** મ૦ ચરમ તીર્થંકર ભગવાન મહાવીરના અનુત્તર, અનુપમ ન્યાય યુક્ત, પૂર્વાપર અવિરોધસ્વરૂપ કલ્યાણકારક, ચરમ શીતળ વાણીના દ્યોતક એવા શ્રી **જિનાગમ** પર પ્રકાશ પાડે છે, તેઓશ્રી પ્રાચીન, પૌર્વાત્ય સંસ્કૃતાદિ અનેક ભાષાના પ્રખર પંડિત છે, અને જિનવાણીનો પ્રકાશ સંસ્કૃત, ગુજરાતી અને હિંદીમાં મૂળ શબ્દાર્થ, ટીકા, વિસ્તૃત વિવરણ, સાથે પ્રકાશમાં લાવે છે. એ જૈન સમાજ માટે અતિ ગૌરવ અને આનંદનો વિષય છે.

ભ૦ મહાવીર અત્યારે આપણી પાસે વિદ્યમાન નથી. પરંતુ તેમની વાણી રૂપે અક્ષરદેહ ગણધર મહારાજોએ શ્રુતપરંપરાએ સાચવી રાખ્યો. શ્રુતપરંપરાથી સચવાતું જ્ઞાન જ્યારે વિસ્મૃત થવાનો સમય ઉપસ્થિત થવા લાગ્યો ત્યારે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વલ્લભીપુર–વળામાં તે આગમોને પુસ્તકો રૂપે આરૂઢ કર્યો. આજે આ સિદ્ધાંતો આપણી પાસે છે. તે અર્ધમાગધી ભાષામાં છે. અત્યારે આ ભાષા ભગવાનની, દેવોની તથા જનગણની ધર્મભાષા છે. તેને આપણા શ્રમણો અને શ્રમણીઓ તથા મુમુક્ષુ શ્રાવક શ્રાવિકાઓ મુખપાઠ કરે છે, પરન્તુ તેનો અર્થ અને ભાવ ઘણા થોડાઓ સમજે છે.

જિનાગમ એ આપણાં શ્રદ્ધેય પવિત્ર ધર્મસૂત્રો છે. એ આપણી આંખો છે. તેનો અભ્યાસ કરવો એ આપણી સૌની–જૈન માત્રની ફરજ છે. તેને સત્ય સ્વરૂપે સમજાવવા માટે આપણા સદ્ભાગ્યે જ્ઞાનદિવાકર શ્રી ઘાસીલાલ મહારાજે સત્ સંકલ્પ કર્યો છે અને તે લિખિત સૂત્રોને પ્રગટાવો શાસ્ત્રોદ્ધાર સમિતિદ્વારા જ્ઞાન પરબ વહેતી કરી છે. આવા અનુપમ કાર્યમાં સકળ જૈનોનો સહકાર અવશ્ય હોવો ઘટે અને તેનો વધારેમાં વધારે પ્રચાર થાય તે માટે પ્રયત્નો કરવા ઘટે.

ભ૦ મહાવીરને ગણધર ગૌતમ પૂછે છે કે હે ભગવાન, સૂત્રની આરાધના કરવાથી શું ફળ પ્રાપ્ત થાય ? ભગવાન તેનો પ્રતિ ઉત્તર આપે છે કે શ્રુતની આરાધનાથી જીવોના અજ્ઞાનનો નાશ થાય છે, અને તેઓ સંસારના કલેશોથી નિવૃત્તિ મેળવે છે, અને સંસાર કલેશોથી નિવૃત્તિ અને અજ્ઞાનનો નાશ થતાં મોક્ષની ફળની પ્રાપ્તિ થાય છે.

આવા જ્ઞાનકાર્યમાં મૂર્તિપૂજક જૈનો, દિગંબરો અને અન્ય ધર્મિઓ હજારો અને લાખો રૂપીયા ખર્ચે છે. હિંદુ ધર્મમાં પવિત્ર મનાતા ગ્રંથ ગીતાના સેંકડો નહિ પણ હજારો ટીકા ગ્રંથો દુનિયાની લગભગ સર્વ ભાષાઓમાં પ્રગટ થયા છે. ઈસાઇ ધર્મના પ્રચારકો તેમના પવિત્ર ધર્મગ્રન્થ બાઇબિલના પ્રચારાર્થે તેનું જગતની સર્વ

ભાષાઓમાં ભાષાંતર કરી તેને પડતર કરતાં પણ ઘણી ઓછી કિંમતે વેચી ધર્મ-સૂત્રોનો પ્રચાર કરે છે. મુસ્લિમ લોકો પણ તેમના પવિત્ર મનાતા ગ્રન્થ કુરાનનું અનેક ભાષાઓમાં ભાષાંતર કરી સમાજમાં પ્રચાર કરે છે. આપણે પૈસા પરનો મોહ ઉતારી ભગવાનના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે તન, મન, ધન સમર્પણ કરવાં જોઇએ. અને સૂત્ર પ્રકાશનના કાર્યને વધુ ને વધુ વેગ મળે તે માટે સક્રિય પ્રયત્નો કરવા જોઈએ. આવા પવિત્ર કાર્યમાં સાંપ્રદાયિક મતભેદો સૌએ ભૂલી જવા જોઇએ અને શુદ્ધ આશયથી થતા શુદ્ધ કાર્યને અપનાવી લેવું જોઇએ. સમિતિના નિયમાનુસાર રૂ. ૨૫૧) ભરી સમિતિના સભ્ય બનવું જોઇએ. ધાર્મિક અનેક ખાતાઓના મૂકાબલે સૂત્ર પ્રકાશનનું–જ્ઞાનપ્રચારનું આ ખાતું સર્વશ્રેષ્ઠ ગણવું જોઇએ.

આ કાર્યને વેગ આપવાની સાથે સાથે એ આગમો–ભગવાનની એ મહાવાણીનું પાન કરવા પણ આપણે હરહંમેશ તત્પર રહેવું જોઇએ. જેથી પરમ શાંતિ અને જીવનસિદ્ધિ મેળવી શકાય. (સ્થા. જૈન તા. ૫–૭–૫૬)

*

શ્રી. અ. ભા. શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિનાં પ્રમુખ શ્રી વગેરે. **રાણપુર**

પરમ પવિત્ર સૌરાષ્ટ્રની પુણ્ય ભૂમિ પર જ્યારથી શાંત–શાસ્ત્રવિશારદ અપ્રમાદિ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ધાસીલાલજી મહારાજનાં પુનીત પગલાં થયાં છે ત્યારથી ઘણા લાંબા કાળથી લાગુ પડેલ જ્ઞાનાવરણીય કર્મનાં પડળ ઉતારવાનો શુભ પ્રયાસ થઈ રહ્યો છે. અને જે પ્રવચનની પ્રભાવના તેઓશ્રી કરી રહ્યા છે તે અનંત ઉપકારક કાર્યમાં તમે જે અપૂર્વ સહાય આપી રહ્યા છો તે માટે તમો સર્વને ધન્ય છે અને એ શુભ પ્રવૃત્તિના શુભ પરિણામોનો જનતા લાભ લે છે, મને તો સમજાય છે કે સાધુજી છઠે ગુણસ્થાનકે હોય છે પણ પૂજ્ય શ્રી ધાસીલાલજી મહારાજ તો બહુધા સાતમે અપ્રમત્ત ગુણસ્થાનકે જ રહે છે. એવા અપ્રમત્ત માત્ર પાંચ–સાત સાધુઓ જો સ્થાનકવાસી જૈનસમાજમાં હોય તો સમાજનું શ્રેય થતાં જરાએ વાર ન લાગે સમાજ-કાશમાં સ્થા. જૈન સંપ્રદાયનો દિવ્ય પ્રભાકર ઝળહળી નીકળે પણ વો દિન.....

શ્રી શાસ્ત્રોદ્ધારસમિતિને મારી એક નમ્ર સુચના છે કે–પૂજ્યશ્રીની વૃદ્ધાવસ્થા છે, અને કાર્યપ્રણાલિકા યુવાનોને શરમાશે તેવી છે. તેમને ગામેગામ વિહાર કરવું અને શાસ્ત્રોદ્ધારનું કાર્ય કરવું તેમાં ઘણાં શારીરિક માનસિક અને વ્યવહારિક મુશ્કેલી વેઠવી પડે છે, તો કોઈ ચોગ્ય સ્થળ કે જ્યાંના શ્રાવકો ભક્તિવાળા હોય. વાડાનાં રાગના વિષથી અલિપ્ત હોય. એવા કોઈ સ્થળે શાસ્ત્રોદ્ધારનું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી સ્થિરતા કરી શકે એના માટે પ્રબંધ કરવો જોઇએ. બીજા કોઈ એવા સ્થળની અનુકુળતા ન મળે તો છેવટ અમદાવાદમાં ચોગ્ય સ્થળે રહેવાની સગવડ કરી અપાય તો વધુ સારૂં. મ્હારી આ સુચના પર ધ્યાન આપવા ફરી યાદ આપું છું. ફરીવાર પૂજ્ય આચાર્યશ્રીને અને તેમના સત્કાર્યના સહાયકોને મારા અભિનંદન પાઠવું છું તે સ્વીકારશો. લી. **સદાનંદી જૈનમુનિ છોટાલાલજી**

"જૈનસિદ્ધાંતના" તંત્રીશ્રીનો અભિપ્રાય

સ્થાનકવાસીઓમાં પ્રમાણભૂત સૂત્રો બહાર પાડનારી આ એકની એક સંસ્થા છે, અને એના આ છેલ્લા રિપોર્ટ ઉપરથી જણાય છે કે–તેણે ઘણી સારી પ્રગતી કરી છે તે જોઈ આનંદ થાય છે.

મૂળ પાઠ, ટીકા, હિંદી તથા ગુજરાતી અનુવાદ સહિત સૂત્રો બહાર પડવાં એ કાંઈ સહેલું કામ નથી એ એક મહાભારત કામ છે અને તે કામ આ શાસ્ત્રોદ્ધાર સમિતિ ઘણી સફળતાથી પાર પાડી રહી છે તે સ્થાનકવાસી સમાજ માટે ઘણા ગૌરવનો વિષય છે અને સમિતિ ધન્યવાદને પાત્ર છે.

સમિતિ તરફથી નવસૂત્રો બહાર પડી ચુકયાં છે, હાલમાં ત્રણ સૂત્રો છપાય છે. નવ સૂત્રો લખાઈ ગયાં છે અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ તથા નંદીસૂત્ર તૈયાર થઈ રહ્યાં છે.

હાલમાં મંત્રી શ્રી સાંકરચંદ ભાઈચંદ સમિતિના કામમાં જ તેમનો આખો વખત ગાળે છે અને સમિતિના કામકાજને ઘણો વેગ આપી રહ્યા છે. તેમના અંત માટે ધન્યવાદ.

અને આ મહાભારત કામના મુખ્ય કાર્યકર્તા તો છે વયોવૃદ્ધ પંડિત મુનિશ્રી ઘાસીલાલજી મહારાજ. મૂળ પાઠનું સંશોધન તથા સંસ્કૃત ટીકા તેઓશ્રી જ તૈયાર કરે છે. મુનિશ્રીનો આ ઉપકાર આખાય સ્થા. જૈન સમાજ ઉપર ઘણો મહાન છે. એ ઉપકારનો બદલો તો વાળી શકાય તેમજ નથી.

પરંતુ આ સમિતિના મેમ્બર બની તેના બહાર પડેલાં સૂત્રો ઘરમાં વસાવી તેનું અધ્યયન કરવામાં આવે તો જ મહારાજશ્રીનું થોડું ઋણ અદા કર્યું ગણાય.

ભગવાને કહ્યું છે કે **પઢમં णाणं तओ दया** પહેલું જ્ઞાન પછી દયા, દયા ધર્મ યથાર્થ સમજવો હોય તો ભગવાનની વાણીરૂપ આપણા સૂત્રો વાંચવાં જ જોઇએ તેનું અધ્યયન કરવું જોઇએ અને તેનો ભાવાર્થ સમજવો જોઈએ.

એટલા માટે શાસ્ત્રોદ્ધારસમિતિના સર્વ સૂત્રો દરેક સ્થા. જૈને પોતાના ઘરમાં વસાવવાં જ જોઈએ સર્વ ધર્મજ્ઞાન આપણા સૂત્રોમાંજ સમાયેલું છે અને સૂત્રો સહેલાઈથી વાંચીને સમજી શકાય છે, માટે દરેક સ્થા. જૈન આ સૂત્રો વાંચે એ ખાસ જરૂરનું છે.

"જૈનસિદ્ધાંત" ડીસેમ્બર–૫૬

*

શ્રી ઉપાસકદશાંગસૂત્રને માટે અભિપ્રાય

મૂળ સૂત્ર તથા પૂજ્ય મુનિશ્રી ઘાસીલાલજી મહારાજે બનાવેલ સંસ્કૃત છાયા તથા ટીકા અને હિંદી તથા ગુજરાતી–અનુવાદ સહિત.

પ્રકાશક–અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈનશાસ્ત્રોદ્ધારસમિતિ, ગરેડીઆ કુવા રોડ, ગ્રીન લોજ પાસે, રાજકોટ. (સૌરાષ્ટ્ર) પૃષ્ઠ ૬૧૬ બીજી આવૃત્તિ બેવડું (મોટું) કદ. પાકું પુઠું, જેકેટ સાથે સને ૧૯૫૬ કિંમત રૂા. ૮–૮–૦

આપણા મૂળ બાર અંગ સૂત્રોમાંનું ઉપાસકદશાંગ એ સાતમું અંગ સૂત્ર છે. એમાં ભગવાન મહાવીરના દશ ઉપાસકો–શ્રાવકોનાં જીવનચરિત્રો આપેલાં છે, તેમાં પહેલું ચારિત્ર આનંદ શ્રાવકનું આવે છે.

આનંદ શ્રાવકે જૈનધર્મ અંગીકાર કર્યો અને બાર વ્રત ભગવાન મહાવીર પાસે અંગીકાર કરી પ્રતિજ્ઞા (પ્રત્યાખ્યાન) લીધાં તેનું સવિસ્તર વર્ણન આવે છે, તેની અંતર્ગત અનેક વિષયો જેવા કે, અભિગમ, લોકાલોકસ્વરૂપ, નવતત્ત્વ નરક, દેવલોક વગેરેનું વર્ણન પણ આવે છે.

આનંદ શ્રાવકે બાર વ્રત લીધાં તે બાર વ્રતની વિગત અતિચારની વિગત વગેરે બધું આપેલું છે. તે જ પ્રમાણે બીજા નવ શ્રાવકોની પણ વિગત આપેલ છે.

આનંદ શ્રાવકની પ્રતિજ્ઞામાં અરિહંતચેઇયાઇં શબ્દ આવે છે. મૂર્તિપૂજકો મૂર્તિપૂજા સિદ્ધ કરવા માટે તેનો અર્થ અરિહંતનું ચૈત્ય (પ્રતિમા) એવો કરે છે. પણ તે અર્થ તદ્દન ખોટો છે. અને તે જગ્યાએ આગળ પાછળના સંબંધ પ્રમાણે તેનો એ ખોટો અર્થ બંધ બેસતો જ નથી તે મુનિશ્રી ઘાસીલાલજીએ તેમની ટીકામાં અનેક રીતે પ્રમાણો આપી સાબિત કરેલ છે અને અરિહંતચેઇયાઇંનો અર્થ સાધુ થાય છે. તે બતાવી આપેલ છે.

આ પ્રમાણે આ સૂત્રમાંથી શ્રાવકના શુદ્ધ ધર્મની માહિતી મળે છે તે ઉપરાંત તે શ્રાવકોની ઋદ્ધિ, રહેઠાણ. નગરી વગેરેના વર્ણનો ઉપરથી તે વખતની સામાજિક સ્થિતિ, રીતરિવાજ રાજવ્યવસ્થા વગેરે બાબતોની માહિતી મળે છે.

એટલે આ સૂત્ર દરેક શ્રાવકે અવશ્ય વાંચવું જોઈએ, એટલું જ નહિ પણ વારંવાર અધ્યયન કરવા માટે ઘરમાં વસાવવું જોઈએ.

પુસ્તકની શરૂઆતમાં વર્ધમાન શ્રમણસંઘના આચાર્ય શ્રી આત્મારામજી મહારાજનું સંમતિપત્ર તથા બીજા સાધુઓ તેમજ શ્રાવકોના સંમતિપત્રો આપેલ છે, તે સૂત્રની પ્રમાણભૂતતાની ખાત્રી આપે છે.

" જૈનસિદ્ધાંત " જાન્યુઆરી–૫૭

*

સેંકડો સર્ટીફીકેટો ઉપરાંત હાલમાં મળેલ કેટલાક તાજા અભિપ્રાયો

શાસ્ત્રોદ્ધારના કાર્યને વેગ આપો

તંત્રીસ્થાનેથી (જૈનજ્યોતિ) તા. ૧૫-૯-૫૭

પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ ઠાણા ૪ હાલમાં અમદાવાદ મુકામે સરસપુરના સ્થા. જૈન ઉપાશ્રયમાં બિરાજમાન છે. તેઓ શ્રી શાસ્ત્રોદ્ધારનું કાર્ય ખૂબ જ ખંત અને ઉત્સાહથી વૃદ્ધવયે પણ કરી રહ્યા છે. તેઓશ્રી વૃદ્ધ છે છતાં પણ આખો દિવસ શાસ્ત્રની ટીકાઓ લખી રહ્યા છે. આજ સુધીમાં તેમણે લગભગ ૨૦ જેટલાં શાસ્ત્રોની ટીકાઓ લખી નાખી છે અને બાકીનાં સૂત્રોની ટીકા જેમ બને તેમ જલદી પૂર્ણ કરવી તેવા મનોરથ સેવી રહેલ છે. સ્થા. જૈન સમાજમાં શાસ્ત્રો ઉપર સંસ્કૃત ટીકા લખવાનો આ પ્રથમ જ પ્રયાસ છે અને તે પ્રયાસ સંપૂર્ણ બને એવી અમે શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ. આજ સુધી ઘણા મુનિવરોએ શાસ્ત્રોનું કામ શરૂ કરેલ છે પણ કોઈએ પૂર્ણ કરેલ નથી. પૂજ્યશ્રી અમુલખઋષીજી મહારાજે બત્રીસ શાસ્ત્રો ઉપર હિંદી અનુવાદ કરેલ અને સંપૂર્ણ બનેલ, ત્યારબાદ આચાર્ય શ્રી આત્મારામજી મહારાજશ્રીએ હિંદી ટીકા કેટલાક શાસ્ત્રો ઉપર લખેલ પણ ઘણાં શાસ્ત્રો બાકી રહી ગયાં. પૂજ્ય હસ્તિમલજી મહારાજે એક બે શાસ્ત્રો ઉપરની ટીકાઓના અનુવાદો કરેલ. પૂજ્ય શ્રી જવાહિરલાલ મહારાજશ્રીએ સૂયગડાંગસૂત્ર ટીકા સહિત હિન્દી અનુવાદ સાથે કરેલ. શ્રી સૌભાગ્યમલજી મહારાજે આચારાંગની હિંદી ટીકા લખેલ. પણ સંપૂર્ણ શાસ્ત્રો ઉપર સંસ્કૃત ટીકા હજી સુધી સ્થા. જૈન સાધુઓ તરફથી થયેલ નથી. જ્યારે પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજશ્રીએ ૨૦ શાસ્ત્રો ઉપર સંસ્કૃત ટીકા તેનો હિંદી ગુજરાતી અનુવાદ કરાવેલ છે આથી હવે આશા બંધાય છે કે તેઓશ્રી બત્રીસે બત્રીસ શાસ્ત્રો ઉપર સંસ્કૃત ટીકા લખવામાં સફળ થશે અને શાસ્ત્રોદ્ધાર સમિતિએ આજ સુધી ૧૦ થી ૧૨ શાસ્ત્રો છપાવી પણ દીધાં છે અને હજી પણ તે શાસ્ત્રો વિશેષ જલદી છપાય તે માટે શાસ્ત્રોદ્ધાર સમિતિ સંપૂર્ણ પ્રયત્ન કરી રહેલ છે તે ધન્યવાદને પાત્ર છે.

જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિના રૂા. ૨૫૧) ભરીને લાઈફ મેમ્બર થનારને તમામ શાસ્ત્રો શાસ્ત્રોદ્ધાર સમિતિ તરફથી ભેટ મળે છે. આ રીતે એક પંથ અને દો કાજ. બન્ને રીતે લાભ થાય તેમ છે. રૂા. ૨૫૧ માં ૫૦૦ રૂપિયાની કિંમતમાં શાસ્ત્રો મળે એ પણ મોટો લાભ છે અને પ્રવચનની પ્રભાવના કરવાનો ધર્મલાભ પણ મળે છે.

આ સાલે પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજના સુશિષ્ય પં. મુનશ્રી કનૈયા-લાલજી મહારાજ મલાડ મુકામે ચાતુર્માસ બિરાજે છે અને તેઓશ્રી શાસ્ત્રોના મેમ્બરો કરવા માટે અથાગ પ્રયત્ન કરીને પ્રવચનની સેવા બજાવી રહ્યા છે. અને અત્યાર સુધીમાં મુંબઈ તેમજ પરાઓના લગભગ ૪૦ જેટલા ગૃહસ્થો લાઇફ મેમ્બર બની ગયા છે અને મુંબઇમાં લગભગ ૩૦૦ જેટલા મેમ્બરો થાય તે ઇચ્છવા યોગ્ય છે. શ્રીમંત ગૃહસ્થો હજારો રૂપિયા પોતાના ઘર ખર્ચમાં તેમજ મોજશોખના કામોમાં તેમજ વ્યવહારિક કામોમાં વાપરી રહ્યા છે તો આવા શાસ્ત્રોદ્ધાર જેવા પવિત્ર કાર્યમાં રૂપિયા વાપરશે તો ધર્મની સેવા કરી ગણાશે. અને બદલામાં ઉત્તમ આગમસાહિત્યની એક લાયબ્રેરી બની જશે. જેનું વાંચન કરવાથી આત્માને શાંતિ મળશે અને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વર્તવાથી જીવન સફળ થશે.

શતાવધાની મુનિશ્રી જ્યંતિલાલજી મહારાજશ્રીનો અમદાવાદનો પત્ર " સ્થાનકવાસી જૈન " તા. ૫-૯-૫૭ ના અંકમાં છપાએલ છે જે નીચે મુજબ છે.

સૂત્રોના મૂળ પાઠોમાં ફેરફાર હોઈ શકે ખરો ?

તા. ૭-૮-૫૭ના રોજ અત્રે બિરાજતા શાસ્ત્રોદ્ધારક આચાર્ય મહારાજશ્રી ઘાસીલાલજી મહારાજ પાસે, મારા ઉપર આવેલ એક પત્ર લઈને હું ગયો હતો, તે સમયે મારે પૂ. મ. સા. સાથે જે વાતચીત થઈ તે સમાજને જાણ કરાવા સારૂ લખું છું.

'શાસ્ત્રોનું કામ એક ગહન વસ્તુ છે. અપ્રમાદી થઈ તેમાં અવિરત પ્રયત્નો કરવા જોઇએ. સંપૂર્ણ શાસ્ત્રોનું જ્ઞાન તેમજ દરેક પ્રકારની ખાસ ભાષાઓનું જ્ઞાન હોય તોજ આગમોદ્ધારકનું કાર્ય સફળતાથી થાય છે. આ પ્રકારનો પ્રયત્ન હાલ અમદાવાદ ખાતે સરસપુર જૈન સ્થાનકમાં બિરાજતા પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કરી રહ્યા છે. શાસ્ત્રલેખનનું આ કાર્ય થઈ રહ્યું છે, તેમાં અનેક વ્યક્તિઓને અનેક પ્રકારની શંકાઓ થાય છે તેમાં શાસ્ત્રોના મૂળ પાઠમાં ફેરફાર થાય છે ? કરવામા આવે છે ? એવો પ્રશ્ન પણ કેટલાકને થાય છે અને તેવો પ્રશ્ન થાય ને સ્વાભાવિક છે; કેમકે અમુક મુનિરાજો તરફથી પ્રગટ થયેલ સૂત્રોના મૂળ પાઠમાં ફેરફાર થયેલા છે. જેથી આ કાર્યમાં પણ સમાજને શંકા થાય.

પણ ખરી રીતે જોતાં, અત્યારે જે શાસ્ત્રોદ્ધારનું કામ ચાલી રહ્યું છે તે વિષે સમાજને ખાત્રિ આપવામાં આવે છે કે, શાસ્ત્રોદ્ધાર સમિતિ તરફથી અત્યાર સુધીમાં પ્રગટ થયેલાં આગમોના મૂળ પાઠમાં જરાપણ ફેરફાર કરવામાં આવેલ નથી અને ભવિષ્યમાં જે સૂત્રો પ્રગટ થશે તેમાં ફેરફાર થશે નહિ તેની સમાજ નોંધ લ્યે.

લી.

શતાવધાની શ્રી જ્યંત મુનિ—અમદાવાદ

*

શ્રી અખિલ ભારત શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિનો ટુંક પરિચય

સ્થાનકવાસી સમાજની આ એકની એક સંસ્થા છે કે જેણે અત્યાર સુધીમાં તેર સૂત્રો છપાવી બહાર પાડી દીધાં છે. સાત સૂત્રો છપાય છે અને બીજાં કેટલાક છાપવા માટે તૈયાર થઈ ચૂકયા છે.

આ પ્રમાણે આ સંસ્થાએ મહાન્ પ્રગતિ સાધી છે તેનો ટુંક પરિચય આ પત્રિકામાં આપેલ છે તે વાંચી જઈ સર્વ સ્થા. જૈન ભાઈબહેનોએ આ સંસ્થાને યથાશક્તિ મદદ કરી તેના કાર્યને હજુ વિશેષ વેગવાન બનાવવાની જરૂર છે.

ખાલી ઘડો વાગે ઘણો એમ સ્થા. કોન્ફરન્સ જેમ ખોટાં બણગાં ફુંકનારી સંસ્થાની કિંમત નથી, ત્યારે નક્કર કામ કરનારી આ શાસ્ત્રોદ્ધાર સમિતિને દરેક પ્રકારે ઉત્તેજન આપવાની દરેક સ્થાનકવાસી જૈનની અનિવાર્ય ફરજ છે.

અને આ સર્વ સૂત્રો તૈયાર કરનાર પૂજ્ય મુનિશ્રી ઘાસીલાલજી મહારાજનો સ્થાનકવાસી સમાજ ઉપર ઘણો મહાન ઉપકાર છે. વયોવૃદ્ધ હોવા છતાં તેઓશ્રી જે મહેનત લઈ સૂત્રો તૈયાર કરાવે છે તેવું કામ હજુ સુધી બીજા કોઈ એ કર્યું નથી અને બીજું કોઇ કરી શકશે કે નહિ તે પણ શંકાભર્યું છે. પૂજ્ય મુનિશ્રીના આ મહાન્ ઉપકારનો કિંચિત બદલો સમાજે આ શાસ્ત્રોદ્ધાર સમિતિને બની શકતી સહાય કરીને વાળવાનો છે. સ્થાનકવાસી સમાજ જ્ઞાનની કદર કરવામાં પાછો હઠે તેમ નથી એવી અમો આશા રાખીએ છીએ.

"જૈનસિદ્ધાંત પત્ર" ઓકટોમ્બર ૧૯૫૭

*

શ્રી દશવૈકાલિક તથા ઉવાસકદશાંગ સૂત્રો

ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલાં પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ વિરચિત શ્રી ઉપરોક્ત બે સૂત્રો જૈન ધર્મ પાળતા દરેક ઘરમાં હોવા જ જોઈએ. તે વાંચવાથી શ્રાવક ધર્મ અને શ્રમણ ધર્મના આચારનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે અને શ્રાવકો પોતાની નિરવદ્ય અને એષણિય સેવા શ્રમણ પ્રત્યે બજાવી શકે છે. વર્તમાનકાળે શ્રાવકોમાં તે જ્ઞાન નહિ હોવાને લીધે અંધશ્રદ્ધાએ શ્રમણ વર્ગની વૈયાવચ્ચ તો કરી રહેલ છે. પરંતું 'કલ્પ શું અને અકલ્પ શું' એનું જ્ઞાન નહિ હોવાને લીધે પોતે સાવદ્ય સેવા અર્પી પોતાના સ્વાર્થને ખાતર શ્રમણ વર્ગને પોતાને સહાયક થવામાં ધસડી રહ્યા છે, અને શ્રમણ વર્ગની પ્રાયઃ કુસેવા કરી રહ્યા છે. તેમાંથી બચી લાભનું કારણ થાય અને શ્રમણને યથાતથ્ય સેવા અર્પી તેમને પણ જ્ઞાનદર્શન ચારિત્રની આરાધના કરવામાં સહાયક થઈ પોતાના જ્ઞાનદર્શન ચારિત્રની આરાધના કરી સુગતિ મેળવી શકે. શ્રમણની યથાતથ્ય સેવા કરવી તે અવશ્ય ગૃહસ્થની ફરજ છે.

પૂજ્ય શ્રી ઘાસીલાલજી મ. શાસ્ત્રોદ્ધારનું અનુવાદન ત્રણ ભાષામાં રૂડી રીતે કરી રહ્યા છે અને રૂપીયા ૨૫૧) ભરી મેમ્બર થનારતે રૂા. ૪૦૦–૫૦૦ ની લગભગ કીંમતના બત્રીસે આગમો ફ્રી મળી શકે છે તો તે રૂા ૨૫૧) ભરી મેમ્બર થઈ બત્રીસે આગમો દરેક શ્રાવક ઘરે મેળવવા જોઈએ. બત્રીસે શાસ્ત્રોના લગભગ ૪૮ પુસ્તકો મળશે. તો તે લાભ પોતાની નિર્જરા માટે પુન્યાનુબંધી પુન્ય માટે જરૂર મેળવે. ઉપરોક્ત બંને સૂત્રોની કીંમત સમિતિ કંઈક ઓછી રાખે તો હરકોઈ ગામમાં શ્રીમંત હોય તે સૂત્રો લાવી અરધી કીંમતે, મફત અથવા પૂરી કીંમતે લેનારની સ્થિતિ જોઈ દરેક ઘરમાં વસાવી શકે.

—એક ગૃહસ્થ

નોંધ–ઉપરની સુચનાને અમે આવકારીએ છીએ. આવાં સૂત્રો દરેક ઘરમાં વસાવવા યોગ્ય તેમજ દરેક શ્રાવકે વાંચવા યોગ્ય છે. **તંત્રી**–

"રત્નજ્યોત" પત્ર
તા. ૧–૧૦–૫૭

*

પૂજ્ય આચાર્યશ્રી ઘાસીલાલજી મહારાજનાં બનાવેલાં સૂત્રો

કાશ્મીર.....થી ....કન્યાકુમારી

તેમજ **કરાંચી.....થી.....કલકત્તા**

સુધી

દરેક સ્થળે હોંશથી વંચાય છે.

કારણ કે

આવી રીતે શાસ્ત્રો તૈયાર કરવાનું અનોખું કાર્ય હજુ સુધી કોઇ કરી શકયું નથી

* * *

શ્રી સ્થાનકવાસી જૈન સમાજ

ઉપરાંત

શ્રી દેરાવાસી સંપ્રદાયના મહાન આચાર્યશ્રી રામવિજયસૂરીજી તથા અન્ય મુનિવરોએ

તેમજ

તેરાપંથી મહાસભા કલકત્તાવાળાએ આ સૂત્રો અપનાવ્યાં છે.

* * *

દેશ-પરદેશના મેમ્બરો સૂત્રો વાંચી જૈન ધર્મના શ્રુતજ્ઞાનનો અણમોલો લાભ લઈ રહ્યા છે.

હમણાંજ લંડનની ઈન્ડિઆ ઓફીસ લાયબ્રેરીએ આ સૂત્રો મંગાવ્યાં છે.

* * *

આપ રૂપીઆ ૨૫૧-૦-૦ મોકલી મેમ્બર તરીકે નામ નોંધાવી હપ્તે હપ્તે લગભગ રૂપીઆ પાંચસો સુધીની કિંમતનાં શાસ્ત્રો વિના મૂલ્યે મેળવી શકો છો.

વધુ વિગત માટે લખો:

ઠે. ગ્રીન લોજ પાસે,
ગરેડીઆકુવા રોડ
રાજકોટ.

મંત્રી
શ્રી અખિલ ભારત શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધારસમિતિ